વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૯મું
ફેબ્રુઆરી - ૨૦૨૪
અંક : ૫૪૯

મંગલ મંદિર ● ફેબ્રુઆરી-૨૦૨૪ ● ૧
(કુલ પાના : ૬૪)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



વસંતના વાસંતી વધામણા
હાથ ફર્યો કિરતાર તણો,
ત્યાં સૃષ્ટિ ગઈ બદલાઈ
જલ, સ્થલ, નભ જ્યાં જ્યાં નીરખું,
ત્યાં યૌવન લે અંગડાઈ.....

: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005

Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

● શુભેચ્છા સહ ●



**પ્રભુલાલ એમ. સંઘવી**

ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

**Chandrakant K. Gada**
+91-9825069290

BLUE STAR INDUSTRIES

**Stainless Steel Re-Rollers**

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

***Bharat B. Gala***
**M. : 93270 05460**

SHREE **Raju** ENTERPRISE

RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in



**SKYBLUE**
**STATIONERY MART**

EVERY THING THAT YOU THINK

**South Bopal :** 35, Gala Magnus, Opp. Safal Parisar-1, Ahmedabad
**Krutika Haria : 9099047163**

**Surdhara :** GF Shop No. 26, Maple Trade Centre, SAL Hospital Road, Thaltej, Ahmedabad.
**Piyush Salva : 9879568027**



**ફ્યુઝન કિડની કેર પ્રા. લી.**

FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



**ડો.હિમાંશુ શાહ** [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્વાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦

Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

● શુભેચ્છા સહ ●



**અનિલ પાસુભાઈ શાહનંદ**

૮૯, યોગેશ્વરનગર સોસાયટી,
અંજલી ચાર રસ્તા, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. ૯૪૨૬૦ ૫૫૪૪૮, ૯૩૨૭૦ ૬૩૩૫૫

સાચા સંબંધને તોડવાની ભૂલ ના કરતા,
ઝાડ પરથી તૂટેલા પાંદડા ફરીથી
લીલા નહીં થાય.



સૌંદર્યનું આયુષ્ય માત્ર જુવાની સુધી
અને ગુણોનું આયુષ્ય આજીવન
સુધી સાથે રહે છે.



# સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

## હાર્દિક શુભેચ્છાઓ


એવો વિચાર ના કરો કે,
મોટા માણસ, મારા મિત્ર થાય,
એવો વિચાર કરો કે ...,
મારા મિત્રો મોટા માણસ થાય..!!!

કુંડળી મળતી ન હોય છતાં
આજીવન ચાલવાવાળો સંબંધ
એટલે ભાઈબંધી

## સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)


# સૌંદર્યલક્ષી શ્રેષ્ઠ પ્રકાશનો
















**આ પ્રકાશનો અંગ્રેજી, હિન્દી અને મરાઠી ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે.**

**દરેક બુકસેલરને ત્યાં મળે છે.**

**નવનીત એજ્યુકેશન લિમિટેડ** NAVNEET®

Like us on /navneet.india | www.navneet.com

છેલ્લા ૪૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું

મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  **મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  **મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
- **ચૌલા કુરૂવા – સભ્ય**
  **મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  **મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**

**કવર પેઇજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- પવિત્ર નગર અયોધ્યાથી ફેલાયેલ હકારાત્મક ઉર્જા ........ **અશોક મહેતા** ...... ૭

## પ્રેરણાત્મક પ્રસંગો

- મણકો-૨ :
  મેં મારી જિંદગીમાં આટલા બધા તારા આટલા નજીકથી જોયા નથી ........ ૮

## સ્વાતંત્ર્ય સંગ્રામના ૭૫ શૂરવીરો

- મણકો-૨ : સત્યેન્દ્રનાથ બોઝ ........ ૯

## રામ મંદિર

- ભવ્ય રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા નિમિત્તે કચ્છ અને રામ ........ **રજનીકાંત ડી. પારેખ** ..... ૧૦

## વિજ્ઞાન

- રોગ કરતા દવાઓ માનવ શરીરને વધુ હાનિ પહોંચાડે છે ........ **નાનકભાઈ ભટ્ટ** ..... ૧૧

## વ્યક્તિ વિશેષ

- મોરારજીભાઈ દેસાઈ ........ **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૧૩

## તંદુરસ્તી

- ...અને હું તંદુરસ્ત બન્યો! ........ **ડૉ. કમલેશ એન. શાહ** ..... ૧૬
- માનસિક બીમારીના શારીરિક લક્ષણો : ભાગ-૩ ..... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૧૮
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**

## તીર્થ દર્શન

- દર્શન-૪૬ : શ્રી પારોલી તીર્થ
- દર્શન-૪૭ : શ્રી ખંભાત તીર્થ ........ **પ્રેષક : કે.ડી. શાહ** ..... ૨૦

## વાર્તા

- સમજદારી ........ **એમ. ડી. સોલંકી** ..... ૨૧

## અન્ય સંસ્થાઓના સમાચાર

- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૨૫

## નિયમિત વિભાગો

- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૧૦ ........ **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી** ..... ૨૭
- ***Nano Nine*** શબ્દ રમત-૨૦૩ ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૨૯
- આંજો કાગર ........ ૩૦
- ***Nano Nine Sudoku*** (ક્રમાંક-૧૧૬૧) ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૩૧

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી
મો. ૯૯૨૪૬ ૩૩૯૪૫



**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦


**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kjss.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**


- દેશ - વિદેશ ..... **ચૌલા કુરૂવા**..... ૩૨
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ..... **સંકલન : રસીક ખીમજી મહેતા**..... ૩૬
- ઉડતી નજરે ..... **સંકલન : રજનીકાંત પારેખ**..... ૩૮
- અતીતના ઓવારેથી... : મણકો-૧૦. ..... **અશોક મહેતા**..... ૩૯
- આપણા ડૉક્ટર્સને પહેચાનો : મણકો-૯ : ડૉ. નિગમ મહેતા ..... **અશોક મહેતા**..... ૪૪


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર


- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ..... ૪૬
- ૭૫મા પ્રજાસત્તાક દિનની શાનદાર રીતે ઉજવણી ..... ૫૦
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંપૂર્ણ બોડી ચેક-અપ ..... ૫૨
- યુવા વિકાસ સમિતિ ..... ૫૨
- મહિલા ઉત્કર્ષ સમિતિ ..... ૫૩
- 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી ..... ૫૫
- વયસ્ક સમિતિ ..... ૫૬
- સરનામા ફેરફાર ● અવસાન નોંધ ● સાભાર સ્વીકાર ..... ૫૮
- શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટરના ડૉક્ટર્સની ઓ.પી.ડી.નું સમય પત્રક ..... ૫૯


## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો


- ગઝલ ..... **અંકિતા મારૂ 'જીનલ'**..... ૧૫
- ગઝલ ..... **આબિદ ભટ્ટ**..... ૧૫
- ફાગણ નથી ..... **ઉમેશ જોશી**..... ૧૯
- ઊંધીયો ..... **કેતના છેડા 'કેતુ'**..... ૧૯
- આજે વર્લ્ડ લાફટર ડે ..... **ભાનુબેન સાવલા**..... ૧૯
- ઝાંઝવાના નીર ..... **રણજીતસિંહ રાણા**..... ૧૯
- આધુનિક સંવેદનનું ગીત ..... **તરૂણ મહેતા**..... ૨૬


## લક્ષ્મીને પણ સૂંઘીને લેતાં શીખીએ

*આપણે બજારમાં ઘી કે તેલ લેવા જઈએ છીએ ત્યારે લેતાં પહેલાં સૂંઘીએ છીએ. કેરી કે અગરબત્તીની પણ સોડમ લઈએ છીએ; માટલાં લેવા જઈએ તો પણ ટકોરા મારીને ખરીદીએ છીએ. આમ, આપણે જે કંઈ ટકોરા મારીને ખરીદીએ છીએ તેને જ ઘરમાં લાવીએ છીએ. પણ, આપણે આપણા ઘરમાં જે કંઈ લક્ષ્મી લાવીએ છીએ, તેને નથી સૂંઘતા, નથી ચકાસતા કે નથી ટકોરા મારતા! એ તો ગમે તેટલી, ગમે ત્યાંથી, ગમે તે રીતે આવી હોય તોય કશો વાંધો નહીં!*

*વસ્તુતઃ એક એક કણની જેમ એક એક પૈસો જે કમાઈએ તેને પૂછતાં શીખો કે તે ક્યાંથી, કેવી રીતે આવ્યો? નીતિથી, પ્રામાણિકતાથી, ધર્મથી આવેલો છે કે કેમ એ સૂંઘતાં શીખો. આપણને એ તો ટેવ જ નથી. જે કમાયા તે ચપ દઈને ઘરમાં ન ઘાલીએ, ને લક્ષ્મીને પણ સૂંઘીને લેતા શીખીએ, તો સુખ જ સુખ થઈ જશે.*

*— રવિશંકર મહારાજ*


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# પવિત્ર નગર અયોધ્યાથી ફેલાયેલ હકારાત્મક ઉર્જા



અશોક મહેતા

સોમવાર, તા. ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ અયોધ્યામાં રામલલ્લાના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાઈ ગયો કે જેના તરંગો સમગ્ર દેશની પ્રજામાં ફરી વળ્યા. આ મહોત્સવથી ભારતભરના હિંદુઓમાં તથા અન્ય જ્ઞાતિઓમાં પણ અદ્વિતીય ઉર્જાનું સંચાલન થયું કે જેની અસર આવતા લાંબા સમય સુધી રહેવા પામશે. મહોત્સવની આ લહેર અમેરિકા - બ્રિટન સહિતના વિશ્વના અનેક દેશોના હિંદુઓ તથા અન્યો સુધી પહોંચી જવા પામેલ હતી અને ઠેર ઠેર આ પ્રસંગને ઉમળકાભેર આવકારવામાં આવેલ હતો. આ મહોત્સવની હકારાત્મક અસરો આપણે આવતા દિવસોમાં માણી શકીશું.

અયોધ્યાને એક પવિત્ર નગરી તરીકે પુરાણકાળથી અનુભવવામાં આવે છે. જે રીતે અયોધ્યા ભગવાન શ્રી રામની જન્મભૂમિ છે, એ રીતે અયોધ્યા અને તેની આજુબાજુના પ્રદેશની જૈનો માટે પણ એક આદર્શ સ્થળ તરીકે ગણના કરવામાં આવે છે. જૈન ધર્મના ઈતિહાસના કેટલાક પૃષ્ઠો આ પ્રદેશ સાથે સંકળાયેલા છે. જૈન ધર્મના ૨૪ તીર્થંકરોમાંથી ૫ તીર્થંકરોના જન્મ આ પાવન ભૂમિ અયોધ્યામાં થયેલ છે. જૈન ધર્મના દરેક તીર્થંકરના જીવનની પાંચ ઘટનાઓ અલૌકિક ગણાય છે. આ પાંચ ઘટના એટલે ચ્યવન (જીવનું માતાના ગર્ભમાં આવવું), જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ. આ પાંચ અલૌકિક ઘટનાને જૈન ધર્મમાં કલ્યાણકો કહેવાય છે અને જે ભૂમિમાં આ પાંચ ઘટના ઘટી હોય તેને કલ્યાણભૂમિ કહેવાય છે. જૈન ધર્મના ૨૪ તીર્થંકરોમાંથી પ્રથમ તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવના ત્રણ કલ્યાણકો (ચ્યવન, જન્મ અને દીક્ષા)ની આ ભૂમિ છે. તદુપરાંત બીજા તીર્થંકર શ્રી અજીતનાથ, ચોથા તીર્થંકર શ્રી અભિનંદન સ્વામી, પાંચમા તીર્થંકર શ્રી સુમતિનાથ ભગવાન અને ચૌદમા તીર્થંકર શ્રી અનંતનાથ ભગવાનના ચાર કલ્યાણક એટલે કે ચ્યવન કલ્યાણ, જન્મ કલ્યાણ, દીક્ષા કલ્યાણ અને કેવળજ્ઞાન કલ્યાણ આ ભૂમિ પર થયેલ છે. આ પાંચ તીર્થંકરોના જીવનના મહત્ત્વપૂર્ણ એવા ઉપરોક્ત કલ્યાણકોની આ પવિત્ર ભૂમિ છે. ટોટલ ૧૯ કલ્યાણકોની આ પવિત્ર ભૂમિ છે.

શ્રી પાદલિપ્તસૂરી સ્વામી કે જેમના નામ પરથી ગુજરાતના એક અતિ વિખ્યાત તીર્થ સ્થળનું નામ પાલીતાણા પડ્યું છે, એ જૈન સૂરીજીનો જન્મ ત્રીજા સૈકામાં આ અયોધ્યા નગરીમાં થયેલ હતો.

બારમી-તેરમી સદીમાં અયોધ્યાના જિન મંદિરમાંથી શ્રી દેવેન્દ્રસૂરીજી જે ચાર મૂર્તિઓ લઈને ગુજરાતમાં આવ્યા, તેમાંની ત્રણ મૂર્તિઓની સ્થાપના સેરીસા તીર્થમાં એ સમયે કરવામાં આવેલ હતી.

આ રીતે અયોધ્યા જેવી પવિત્ર નગરી સાથે જૈન ધર્મનો નાતો પૌરાણિક રહેલ છે.

હિંદુઓના રામ જન્મની વાત હોય કે જૈનોના તીર્થંકરોની વાત હોય, આ બધાના તાણાવાણા એક સ્થળેથી ઉદય પામી, એકબીજા સાથે સવિશેષપણે ગ્રંથાઈ ગયેલ છે અને આ પવિત્ર ભૂમિમાંથી ઉત્પન્ન થયેલ ઉર્જા જેટલી વિશાળતા સાથે ફેલાઈ રહેવા પામશે તેટલી વિશાળ સંખ્યામાં સમગ્ર દુનિયામાં સાદાઈ, પ્રામાણિકતા, નૈતિકતા, સંસ્કારીતા, સચ્ચાઈ, ન્યાયી પ્રક્રિયા વગેરેના કિરણો ફેલાતા રહેશે.

ભારતના વડાપ્રધાનના પ્રયાસોથી અયોધ્યા તીર્થ સ્થળનો જે રીતે ઉદય થવા પામ્યો છે તે રીતે તેના હકારાત્મક પરિણામોનો પ્રભાવ સમગ્ર દુનિયા પર પડશે તેવી અપેક્ષા આપણે રાખીશું તો તે બિલકુલ અસ્થાને નહીં ગણાય.

પ્રેરણાત્મક પ્રસંગો

## મણકો-૨

# "મેં મારી જિંદગીમાં આટલા બધા તારા આટલા નજીકથી જોયા નથી"

***આશરે ૧૯૯૩-૧૯૯૪ની સાલ***

દિલ્હીમાં **ઝોયા** નામની આઠ વર્ષની એક છોકરી તેના માતા-પિતાને સમજાવતી હતી કે, 'હવે થોડાં વર્ષો મારો જન્મદિવસ ઉજવતા જ નહીં. જે પૈસા બચે તેમાંથી મને એક ટેલિસ્કોપ ખરીદીને અપાવજો. રાત્રે મકાનની છત પર જઈને ટેલિસ્કોપથી તારલા નિહાળવામાં મને ખૂબ આનંદ આવે છે.'

***૨૦૨૧ની ૬ થી ૯ જાન્યુઆરી :*** સાનફ્રાન્સિસ્કોની એક હોટેલમાં એર ઈન્ડિયાના એક મહિલા પાઈલોટ સતત ત્રણ દિવસથી રૂમની બહાર નીકળ્યા નથી. ટૂંક સમયમાં તેમના જીવનમાં એવી ઘટના બનવાની હતી જેની દુનિયાભરમાં નોંધ લેવાવાની હતી. તે માટે તેઓ છેલ્લા ૧૭ મહિનાથી પ્લાનિંગ કરી રહ્યા હતા. નવી શોધ માટે ભૂલા પડી જવાનું સાહસ હોવું જોઈએ.

***તા. ૧૧-૦૧-૨૦૨૧ વહેલી સવાર :*** બેંગલુરુનું આંતરરાષ્ટ્રીય કેમ્પેગોવડા એરપોર્ટ. એર ઈન્ડિયાનું બોઈંગ 777 AI 176 લેન્ડ થઈ રહ્યું હતું. એરપોર્ટ પર ઉત્સવનો માહોલ હતો. ચારે તરફ કેમેરાની ફ્લેશ લાઈટો ચમકતી હતી. ફ્લાઈટમાં હાજર પ્રવાસીઓ ખૂબ ખુશ હતા. ફ્લાઈટમાંથી બહાર નીકળતા પહેલા તેમણે તાળીઓનો ગડગડાટ કર્યો તે ખૂબ લાંબો ચાલ્યો. દરેક પ્રવાસીએ ફીડબેક લખવાના હતા. ફીડબેક ફોર્મ ખૂટતાં ઘણાંએ ટીસ્યુ પેપર પર ફીડબેક આપ્યા.

***હવે આ ત્રણે ઘટનાને સાંકળીએ.***

પોતાના માતા-પિતાને પોતાની બર્થડેટ ના ઉજવવાનું કહેનારી છોકરી **ઝોયા અગરવાલ** આ ફ્લાઈટની મુખ્ય કેપ્ટન હતી. ઝોયાએ ૯ જાન્યુઆરીએ સાંજે સાડા આઠ વાગે USA ના સાનફ્રાન્સિસ્કોથી બેંગલુરુ સુધીનું ૧૬,૦૦૦ કિ.મી.નું અંતર નોનસ્ટોપ સાડા સત્તર ક્લાકની ફ્લાઈટ દ્વારા પૂરું કર્યું. આ સિદ્ધિ વિશેષ કહેવાય તે માટે નીચેનાં કારણો સમજવા પડે.

★ આ ફ્લાઈટ કોમર્શિયલ હતી. જેમાં કુલ ૨૫૦ જેટલા પ્રવાસીઓ હતો.

★ આ ફ્લાઈટ ઝોયા અને તેની અન્ય ત્રણ સાથી તન્મયી પપાગરી, શિવાની મિન્હા અને આકાંક્ષા સોનવણેએ ઉત્તર ધ્રુવના દુર્ગમ બરફ આચ્છાદિત વિસ્તાર પરથી ઉડાડી જ્યાં ખૂબ જોખમો અને અડચણો રહેલાં હોય છે.

★ આ રૂટ પર જમીનથી ૩૭,૦૦૦ ફૂટની ઊંચાઈએ ઉત્તરધ્રુવ પરથી પસાર થતા તેમણે જે જોયું તેના માટે કહ્યું, 'આકાશ ખૂબ તારાઓથી ભરેલું છે. મેં મારી જિંદગીમાં આટલા બધા તારા આકાશમાં આટલા નજીકથી જોયા નથી.'

★ ૨૦૧૩માં સૌથી નાની ઉંમરે બોઈંગ 777 ઉડાડનારા તેઓ વિશ્વના પ્રથમ મહિલા પાઈલોટ બન્યા હતા. આ માટે તેઓ ઈશ્વર અને માતા-પિતાના આભારી છે.

★ ઉત્તર ધ્રુવીય પ્રદેશ પરથી વિમાન પસાર કરવું તે કોઈ પણ પાઈલોટ માટે પડકારરૂપ હોય છે. ચાર કલાક જેટલો સમય ફ્લાઈટ બહારના –૬૫ ડિગ્રી તાપમાનમાંથી પસાર થતી હોય. સામાન્ય વિસ્તારમાં આટલી ઊંચાઈએ –૩૫ ડિગ્રી તાપમાન હોય છે. –૬૫ ડિગ્રી તાપમાને એક જ ઊંચાઈએ ફ્લાઈટ રહે તો દોઢ કલાકમાં ફ્યુઅલ થીજવા માંડે.

★ આ તાપમાને દિશાસૂચક યંત્રો બંધ થઈ જાય. સોય ૧૮૦ ડિગ્રી પર આવી અટકી જાય. નેવિગેશનમાં સતત તકલીફો પડે. રેડિયો સંદેશાવ્યવહાર બ્લેકઆઉટ થઈ જાય. ક્યારેક વાતાવરણ વધુ બગડતા ફ્લાઈટનું ઈમરજન્સીમાં નજીકના એરપોર્ટ પર ઉતરાણ પણ કરવું પડે. તે માટેનો પણ પ્લાન તૈયાર રાખવો પડે.

★ આજની તારીખમાં એર ઈન્ડિયાનો આ સૌથી લાંબો નોન સ્ટોપ રૂટ હતો. વિશ્વના સૌથી લાંબા રૂટમાં આ રૂટનો છઠ્ઠો નંબર આવે. ઉત્તરધ્રુવ પ્રદેશ પરથી પસાર થનારી ભારતની આ પ્રથમ ફ્લાઈટ હતી.

આ સિદ્ધિ બાદ ઝોયા અગરવાલે કહ્યું, ***'આ સિદ્ધિ ફક્ત મારી જ અંગત સિદ્ધિ ન હતી, સમગ્ર મહિલા સશક્તિકરણ માટેની હતી.'*** પ્રસિદ્ધ કોલમિસ્ટ **શોભા ડે** એ કહ્યું, 'ભારતની બેટીઓએ માની ન શકાય તેવો એવિએશન ઈતિહાસ રચ્યો છે.' ખૂબ અભિનંદન ઝોયા... તમને અને તમારી સિદ્ધિને સેલ્યુટ. ■

સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

# સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

## મણકો - ૨ : સત્યેન્દ્રનાથ બોઝ

### સત્યેન્દ્રનાથ બોઝ

*જન્મ : ૩૦ જુલાઈ, ૧૮૮૨ • વીરગતિ : ૨૧ નવેમ્બર, ૧૯૦૮*

સત્યેન્દ્રનાથ બોઝનો જન્મ ૩૦ જુલાઈ, ૧૮૮૨ના રોજ કલકત્તામાં થયો હતો. બંગાળના વતની આ ક્રાંતિકારી ત્યાંની અનુશીલન સમિતિના સભ્ય હતા. અલીપુર બોમ્બકાંડને કારણે જે ચાલીસથી વધારે ક્રાંતિકારીઓની ધરપકડ કરવામાં આવેલી તેમાં તેઓ પણ હતા. તેમને જે જેલમાં પૂરવામાં આવેલા તેમાં તેમની સાથે ક્રાંતિકારી કનૈયાલાલ દત્ત અને નરેન્દ્ર ગોસ્વામી પણ હતા. પાછળથી નરેન્દ્ર ગોસ્વામીએ ગદ્દારી કરીને પોલીસને ન પકડાયેલા ક્રાંતિકારીઓના નામ-સરનામા આપી દીધેલાં. એક સમયનો ક્રાંતિકારી એટલી હદે ગદ્દારી કરે? તો પછી ક્રાંતિકારી બન્યો જ કેમ? સત્યેન્દ્રનાથને અંગ્રેજ સરકાર કરતાં આ ગદ્દાર સાથીદાર વધારે ખટકી રહ્યો હતો. પોતાની સાથે હોત તો તેમણે એને ત્યાં જ પૂરો કરી દીધો હોત. પરંતુ પોલીસે એને સુરક્ષાવાળા યુરોપિયન વોર્ડમાં ખસેડી દીધો હતો. સત્યેન્દ્રનાથ યેનકેન પ્રકારણે તેનો બદલો લેવા માંગતા હોવાથી બીમાર હોવાનું નાટક કરીને તેઓ જેલની હોસ્પિટલમાં દાખલ થઈ ગયા. તેમના સાથીદાર કનૈયાલાલ દત્ત તો તેમની પહેલાં જ જેલની હોસ્પિટલમાં દાખલ થઈ ગયા હતા. હોસ્પિટલમાંથી સત્યેન્દ્રનાથે નરેન્દ્રને યુરોપિયન વોર્ડમાં સમાચાર મોકલાવ્યા કે પોતાનું મન પણ ક્રાંતિકારી ગતિવિધિમાંથી ઊઠી ગયું છે અને પોતે માફી માંગવા પણ તૈયાર છે. આ બાબતે તમારી મધ્યસ્થી ઇચ્છે છે. આ સમાચાર મળતાં જ નરેન્દ્ર ગોસ્વામી રાજી થતો તેમને મળવા દોડી આવ્યો. જેલના અધિકારીઓએ તેમની મુલાકાત ખુલ્લા વરંડામાં યોજવાની ફરજ પાડી હતી. તો પણ નરેન્દ્ર ગોસ્વામી ન બચી શક્યો. એ ત્યાં આવ્યો તેની બીજી મિનિટે તેના શરીર પર ગોળી ધરબાઈ ગઈ. 'બચાવો... બચાવો...' કરતો તે ઘાયલ અવસ્થામાં જ નાઠો. પરંતુ સત્યેન્દ્રનાથ અને કનૈયાલાલે તેનો પીછો કર્યો. નરેન્દ્ર ગોસ્વામીની મદદે અંગ્રેજ અધિકારી આવ્યો. પણ કનૈયાલાલ દત્તે પિસ્તોલની ગોળીથી એ અવરોધ દૂર કરી નાખ્યો. તેમનો ખરો શિકાર તો નરેન્દ્ર ગોસ્વામી હતો. સત્યેન્દ્રનાથ તેના સુધી પહોંચે એ પહેલા જ એ પણ કનૈયાલાલની ગોળીથી ભોંય ભેગો થઈ ગયો. નાસી છૂટવાને બદલે બંનેએ સામે ચાલીને ધરપકડ વહોરી લીધી. તેમના પર મુકદ્દમો ચલાવવામાં આવ્યો. જ્યુરીની બહુમતીએ સત્યેન્દ્રનાથને નિર્દોષ ગણાવ્યા. પરંતુ હાઈકોર્ટે તેમને ફાંસીની સજાને પાત્ર ઠરાવ્યા. ૨૧ નવેમ્બર, ૧૯૦૮ના રોજ અલીપુરની જેલમાં તેમને ફાંસી આપવામાં આવી. સાથીદાર કનૈયાલાલ દત્ત તો તેમનાથી દસ દિવસ પહેલાં આ માર્ગે સિધાવી ગયા હતા. કનૈયાલાલના અંતિમસંસ્કાર વખતે લોકોની મેદની ઊમટી પડેલી. એટલે સત્યેન્દ્રનાથની વિધિ જેલની અંદર જ કરી નાંખવામાં આવી. પરિવારનાં સભ્યોની વિનંતી છતાં તેમનું શબ એ લોકોને સોંપવામાં ન આવ્યો. ■


**Relitrade Stock Broking Pvt. Ltd.**

**SERVICES**

- Equity Trading
- Derivatives
- Commodities
- Mutual Funds
- Depository Services
- IPO
- Online Trading
- Margin Trading Fund
- SLBM

**Relitrade Stock Broking Pvt.**

'O' Block, Mondel Re a'l 'ark, Nr. Rajpath Club,
S.G. Highway, Ahmedabad - 380 059.
**E-mail : wecare@relitrade.in**
**Contact : (079) 6819 9999**

રામ મંદિર

# ભવ્ય રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા નિમિત્તે

# કચ્છ અને રામ



રજનીકાંત પારેખ

એક અંદાજ પ્રમાણે દેશભરમાં વાલ્મીકિ રામાયણ પછી ૨૭ રામાયણો રચાયા છે. પોતાના પરદેશની કાલીઘેલી ભાષામાં રામ, સીતા, હનુમાન, રાવણ, વિભિષણ આલેખાયા છે. કચ્છનું પોતાનું રામાયણ – ''રામરાંધ'' છે, તે કેરાના મહેલમાં ભીંતચિત્રમાં શોભે છે.

થોડાક વર્ષ પૂર્વે ખેતીની મોસમ સમયે તેની ગામને પાદરે ઉજવણી થતી. રામ તો છે સામાન્ય મનુષ્યોનો પોતાનો માણસ. કચ્છના દરિયા નજીક જાઓ તો નાખુદાઓ સમુદ્ર ખેડે તે પહેલાં હનુમાનના ચિત્ર સાથેની ફરકતી ધજાવાળા વહાણમાં શઢ ફરકાવે ત્યારે સમૂહમાં ગીત ઉપાડે છે :

*હે માલી જામશા, રામો રામ!*
*ગણપતિ ને હડમાન જતી, રામો રામ!*
*હડમાનને ચાડસા લાડુ રામો રામ!*
*જાન ફેસાની, રામ રખવારી રામો રામ!*

આ ખારવા કોઈ એક સંપ્રદાયના નથી, સાગરપુત્રો છે, હિંદુ અને મુસ્લિમ પણ છે. બધાને માટે 'રામ રખવારી' છે. આ સદીના મધ્યકાળ સુધી ચોમાસામાં ઉગાડાયેલા પાક (મોલ)ની લણણી થાય ત્યારે જે રામલીલા ભજવાતી તેની શરૂઆત 'રામમોલ'થી થતી. ખુલ્લા ચોકમાં, રાતના અજવાળે પ્રારંભ થાય. લોકો અગ્નિના તાપણા પાસે બેઠા હોય, મંચ પર 'નાયક' પ્રવેશે, જંતરના સંગીતે માહોલ બદલાય અને એક પછી એક, મામલો પહેલો, મામલો બીજો, મામલો ત્રીજો... આ મામલો એ જ રામ માનસના કાંડ... બાલ કાંડ, અયોધ્યા કાંડ... અભિનય કરનારા 'રાવળ' કોમના વહીવંચા બ્રાહ્મણો આધુનિક રંગભૂમિથી તેઓ નામશેષ થઈ ગયા.

રામરાંધ ભજવનાર પરંપરાગત કુટુંબ છેલ્લું ભુવાડા ગામનું ધુળાભાઈનું હતું. મહેસુલ ઉઘરાવવાનું કામ કરીને જીવન નિર્વાહ કરતું. વિઘોટી પદ્ધતિ દાખલ થઈ ને તે કુટુંબે આ નાટ્યકળા છોડી દેવી પડી.

રામાયણ માત્ર કાવ્ય, કથા કે પરિસંવાદો પૂરતું સીમિત રહ્યું જ નથી. માટે તે ભારતીય સાંસ્કૃતિક જીવનનો ચમત્કાર છે. આપણે ત્યાં એક મેઘવાળ જાતિ અનુસૂચિત યાદીમાં છે. મેઘવાળ કોણ? છેક રામ યુગ સુધી તેના પગલાં દોરે છે. ઈન્દ્રપ્રસ્થ જેવી ભવ્ય નગરીનું નિર્માણ કર્યું હતું 'માયા' સમુદાયે. એ જ આ મેઘવાળ! આજે નગર નિર્માણનું કામ તો આધુનિક સ્થપતિઓ પાસે છે, પણ મેઘવાળ મહિલાઓ આજે પણ વસ્ત્રો પર 'ગંભીરા' અને 'કબીર' સુંદર ભરતકામ કરે છે.

કચ્છનો રામ-સ્નેહ મજાનો છે. છેક 'રામવાડા'થી ભૂરેખાનો આરંભ થાય તે 'રામ કી બજાર' સુધી પહોંચે. વચ્ચે બેર, લક્ષ્મીરાણી, નારાયણ સરોવર, રામશરની, કોટેસર, લખપત, સયારો, સિંધુડી અને રામકી બજારે હવે તે પાકિસ્તાનમાં હોવાથી 'રહીમ કી બજાર' નામે ઓળખાય છે. આ તમામ મુલકનું કાયમી નાગરિક છે એક પંખી, 'રામતેતર!' તે કચ્છમાં છે, તો પાકિસ્તાન સિંધમાં પણ છે અને એ જે સ્વર સંભળાવે છે, 'રામ તુંહી જી કુદરત! રામ તુંહી જી કુદરત.'

હવે તો ખબર નથી પણ કચ્છી સમય ગ્રીનીચ ટાઈમથી બરાબર ૪ કલાક ૩૮ મિનિટ અને ૨૦ સેકન્ડના અંતરે છે. બરાબર ૧૨ વાગે ભુજમાં તોપ ધણધણતી ને ઘોષ થતો : ''હીયે રામ! જીયે રામ!''

આવા લોકદેવતા રામની મૂર્તિ - પ્રતિષ્ઠા અયોધ્યામાં તેમના જન્મસ્થાને થતી હોય ત્યારે એ સમગ્ર જનસમાજનો ઉત્સવ બની જાય છે. તેમાં ક્યાંય સેક્યુલરીઝમ કે રાજકીય દીવાલ કે 'લીબરલ' ભ્રાંતિ નડવા જોઈએ નહીં.

કચ્છમાં અબડાસામાં રામનું ખૂબ જ પ્રાચીન તીર્થ આવેલું છે. લોકવાયકા એવી છે કે, રામ અહીં આવ્યા હતા તેથી આ તીર્થનું નામ 'રામવાડા તીર્થધામ' છે.

*અમદાવાદ • મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧*

***તમે સાચા અને સારા છો એટલે લોકો તમારો તિરસ્કાર નહીં કરે એવું માની લેવાની ભૂલ કદી ન કરવી, કારણ કે વર્તમાન સમયમાં સિદ્ધાંત મુજબ નહીં પરંતુ જરૂરિયાત અનુસાર વ્યવહાર ચાલી રહ્યો છે.***

વિજ્ઞાન

# રોગ કરતા દવાઓ માનવ શરીરને વધુ હાનિ પહોંચાડે છે

નાનકભાઈ ભટ્ટ

**વિશ્વનાં ૧૮૫ દેશોમાં ૪ અબજ કરતાં વધુ લોકો સુધી અસર ફેલાવનાર કોરોના વાઇરસનું કુલ વજન ૧.૭ ગ્રામ હતું.** બેક્ટેરીયા સુધી વિસ્તરેલ વિજ્ઞાનને પ્રથમ વખત અત્યંત સૂક્ષ્મ વાઇરસની તાકાતનો પરિચય થયો. મેરીલેન્ડની ઇન્સ્ટિટ્યૂટ ફોર જીનોમ રીસર્ચના અહેવાલ અનુસાર માનવ હૃદયનાં સ્વસ્થ સંચાલન માટે ૭૦૦ પ્રકારના એકકોષીય સૂક્ષ્મ બેક્ટેરીયા કાર્યરત હોય છે અને શરીરના પાચનતંત્ર અવયવો તો અબજોની સંખ્યામાં ગટ બેક્ટેરીયાનું ગોડાઉન બની કાર્યરત હોય છે. માઇક્રો એન્વાયરમેન્ટ જરનલમાં પ્રકાશિત નોંધ જણાવે છે કે પીવાલાયક પાણીના પ્રત્યેક ક્રિસ્ટલમાં રહેલ બેક્ટેરીયા જ પાણીને સ્વચ્છ અને પારદર્શી રાખે છે.

આમ છતાં પ્રકૃતિની અદ્‌ભુત સંરચનાના સાક્ષી બેક્ટેરીયાનાં જીનેટીકલ માઇક્રોસ્કોપિક અભ્યાસ ઉપરથી ખ્યાલ આવે છે કે માનવ હથેળી ઉપરનાં નિવાસી ૧૫૦ પ્રકારનાં સૂક્ષ્મ જીવાણુઓ પણ પોતાના રંગસૂત્રમાં એકબીજાથી બિલકુલ અલગ અલગ હોય છે. માનવ અસ્તિત્વનાં ૨૮ લાખ વર્ષના ઇતિહાસમાં પ્રથમ વખત જીવ વિજ્ઞાનને બેક્ટેરીયાના થોડા પ્રકારો સમજમાં આવ્યા છે. પ્રાકૃતિક સ્વાસ્થ્ય જાળવી રાખવાનાં ભગીરથ કાર્યમાં માનવ મસ્તિષ્કને મદદરૂપ થતાં બેક્ટેરીયા અને તેના સંયોજનમાંથી વિકસતા વાઇરસથી જ શરીર વિકાસ, રોગ પ્રતિકાર અને ભય સામેના પ્રતિભાવોનું સમતુલન જાળવે છે. આજ પૃથ્વી ઉપર સરેરાશ ૨૦૦ વર્ષનું આયુષ્ય ધરાવતા હાથી અને ૫૦૦ વર્ષ સુધી દરિયાનાં પાણીમાં રહેતા કાચબા ઉપરનાં સંશોધનોથી ખ્યાલ આવે છે કે શરીરને પસંદ આવતો ખોરાક એકમાત્ર પર્યાપ્ત ઔષધ છે. તે સિવાય બહારથી ઉમેરાતા કેમિકલ સરવાળે માનવ શરીરની પ્રાકૃતિક રીધમને ખલેલ પહોંચાડનારા જ હોય છે.

ઉદાહરણ રૂપે પુખ્ત વયની સ્ત્રીઓમાં માસિક ધર્મની સાઇકલ અને રોજિંદા જીવનનાં સંયોજન ઉપર અભ્યાસ કરતાં જાપાનનાં વાસેદા યુનિવર્સિટીનાં વૈજ્ઞાનિકોનું તારણ લક્ષમાં લેતાં ખ્યાલ આવે છે કે પીરીયડ દરમિયાન પ્રતિકુળતા ટાળવા લેવામાં આવતી દવાઓમાં મેફેનામિક એસીડ, ઇઓસિનો ફિલિયાના લીધે બેક્ટેરીયા પોતાની પ્રાકૃતિક રીધમ ખોઈ બેસે છે. પરિણામે શરીરથી શરીરની લડાઈ શરૂ થાય છે. એરીઝોના યુનિવર્સિટીના મનોવિજ્ઞાની માઇકલ વર્નુમના ફેક મેડિસીન (મનોરોગ) ઉપરના ૨૫૦૦ દર્દીઓ સાથેનાં અવલોકનો નોંધે છે કે ૮૦% માનવીય રોગોનું અસ્તિત્વ માનસિક હોય છે. ઈશ્વરના સાકાર સ્વરૂપ માફક રોગ હોતો જ નથી. મનોવિજ્ઞાની લખે છે – રોગ એ વ્યક્તિની ધારણા માત્ર છે. મનનાં સ્તરે ઉભા થતાં, વિકસતા અને સમાપ્ત થતાં શ્વસન, સ્નાયુઓ, લોહીના બંધારણીય ફેરફાર પ્રકારનાં સાયકો સોમેટીક ડિસીઝમાં તો બહારથી લેવાતી દવાઓ થકી બેક્ટેરીયા અને વાઇરસનું સંયોજન બિનજરૂરી રીતે ખોરવાઈ જાય છે.

આધારભૂત સારવાર અંગેના WHO નાં ૧૯૮૬ના ધોરણોમાં સ્પષ્ટતા કરાઈ છે કે, “દવા સાપેક્ષ સ્થિતિમાં નક્કી થાય છે, નહીં કે દર્દી દ્વારા દર્શાવાતી અસર (સિમ્પટમ્સ)ના આધારે.” આમ છતાં કોરોના સ્તિતિમાં ઉપાય તરીકે મિથેલીન બ્લ્યુ અને રેમ-ડેસીવરનો અતિરેક અમલમાં આવતા દર્દીનું ઓક્સિજન લેવલ પ્રભાવિત થયું. કિડની ક્ષારથી કાયમી રીતે ડેમેજ થવા સાથે લોહીમાં વ્હાઈટ સેલનું પ્રમાણ અસ્થાયી બનતું જોવા મળ્યું. ગંભીર સ્થિતિમાં આઈ.સી.યુ. માનસિક દબાણ વધારનાર બન્યા. સરવાળે અનેક માનવ શરીરનું આરોગ્ય સહજ સ્થિતિમાંથી ખસી, ક્રિટીકલ બની બેઠું. એટલું જ નહીં પણ **માનવ શરીર ઉપર ૪૦૦ એક્સ-રે જેટલી રેડિયેશન અસર છોડનાર સિટી સ્કેન પ્રકારની બિનજરૂરી સારવારથી પ્રભાવિત નાગરિકો આજે ત્રણ વર્ષ પછી યુવા વયે હૃદયરોગના હુમલાથી પીડાઈ રહ્યા છે. ફ્રાન્સીસી શોધકોના વોશિંગ્ટનથી પ્રકાશિત તાજેતરનાં અભ્યાસથી જણાય છે કે કોવિડ-૧૯માં છૂટા હાથે દવાની દુકાનો ઉપર વેચાતી હાઇડ્રોક્સી ક્લોરોક્વિન (HCQ)ના કારણે માત્ર અમેરિકા - યુરોપમાં ૧૭૦૦૦થી વધુ લોકોના મોત થયા છે.**

આયુર્વેદ પણ યોગ્ય માત્રા, યોગ્ય રીત અને યોગ્ય વયના ખ્યાલ સાથે પથ્ય-અપથ્યની હિમાયત કરે છે. ઉદાહરણ રૂપે સુવર્ણભસ્મ જેવી મૂલ્યવાન સારવાર પૂર્ણ શોધન પહેલા શરીરમાં દાખલ કરવામાં આવે તો પાચનતંત્ર, કિડની અને ત્વચા ઉપર જવર ઉભરી આવે છે. શરીરના સહજ અનુકુલનને જાળવી રાખવા માટે ઉપયોગી સારવાર પદ્ધતિમાં દવા એક આયામ માત્ર છે. ત્યારે તેનો અતિરેક વર્જિત બને છે. કબજિયાત, ચામડીમાં ખંજવાળ, એકાએક ઝાડા, માથાનો દુઃખાવો, ઉબકા-ઉલટી, શરદી, સુસ્તી અને નિરાશા પ્રકારના ચિહ્નો કંઈક અંશે ખોટી સારવારમાંથી ઉભરી આવે છે.

અમેરિકા અને યુરોપમાં ફુડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન એક્ટ પોતે જ એટલો પ્રભાવી છે કે ડૉક્ટરો દર્દીને જરૂરિયાત અનુસાર માત્ર ડ્રગ સૂચવી શકે છે અને દવા ફાર્માસિસ્ટ નક્કી કરે છે. પરંતુ ભારતમાં દવાની કંપની અને ડૉક્ટરોના પારસ્પરીક હિતોના લીધે બ્લડપ્રેશર, પીડાની દવા, શરદી અને ખાંસી માટેની દવા, વજન વધારવા-ઘટાડવાની કંપનીઓની દવાઓ જ સેન્ટ્રલ ડ્રગ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશનના ધારા ધોરણોથી નિમ્ન પુરવાર થાય છે.

વિક્રમ સંવત ૧૯૫૬ (વર્ષ ૧૮૯૯)માં દેશભરનાં શહેર - ગામડાંઓને ભરખી ગયેલ છપ્પનિયા દુષ્કાળમાં ટુંકી આર્થિક વ્યવસ્થા વચ્ચે નાગરિકોને ટકાવી રાખવાના હતા ત્યારે **ગાયકવાડ રાજ્યે પ્રજાને પોષણ યુક્ત ખોરાક આપ્યો અને સારવારની કાળજી ભગવાન ઉપર છોડી. વિશ્વકોષ નોંધે છે કે દેશભરમાં સૌથી ઓછો મૃત્યુદર ગાયકવાડી રાજ્યોમાં રહ્યો. આ અભિગમ ૨૧મી સદીમાં હેલ્થ પ્રિન્સિપલ્સ નામે જાણીતો બન્યો છે. જેમાં શરીર માટે આધારભૂત વિટામિન - પ્રોટીન અને મિનરલ સિવાય શરીરમાં કોઈ કેમિકલ ન ઉમેરવા નવો ખ્યાલ વિકસ્યો છે. પ્રાકૃતિક આરોગ્યનાં હિમાયતીઓ આહાર એ જ ઔષધનો વિચાર દુનિયા પાસે મૂકી રહ્યા છે અને એજ તો શરીરમાં રહેલ બેક્ટેરીયાનું સમતુલન જાળવવા પૂરતા છે.**

ચરક સંહિતાથી આપણી સંસ્કૃતિમાં આરોગ્ય દુર્લભની સ્થિતિ દર્શાવાઈ છે ત્યારે વ્યક્તિએ વિવેક દાખવી, થોડી સહનશક્તિ ધારણ કરી શરીરને યોગ્ય ખોરાક સાથે જોડીને પૂરક ઔષધિઓ માટે સ્વસ્થ રહેવું ઘટે. યાદ રહે, દવા એ સ્વયં બીજો રોગ બની શરીરમાં ઉતરે છે. યાદ રહે, નિષ્ણાત ડૉક્ટરો દર્દી માટે ઓછામાં ઓછી દવા લખી આપનાર હોય છે. યાદ રહે, મોંઘી દવા એટલે રોગનો શ્રેષ્ઠ ઈલાજ એવી બજારૂ ગણતરી ભ્રમ છે. યાદ રહે, સહજ સ્વાસ્થ્ય કદી ખર્ચાળ હોતું નથી. ■

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
## માસિક મુખપત્ર 'મંગલ મંદિર'ના અંકો ન મળવા બાબતે

*'મંગલ મંદિર'ના લવાજમ ભરતા દરેક સભ્યશ્રીને વિનંતી સહ જણાવવાનું કે લવાજમ ભરનાર દરેક વ્યક્તિને 'મંગલ મંદિર'ના અંક દર મહિનાની ૫મી તારીખે અચૂકપણે પોસ્ટ કરી દેવામાં આવે છે.*

*ટપાલ ખાતાની કાર્યવાહીના કારણે કોઈ સભ્યને અંકો ના મળતા હોય તો તે સભ્યને સૌપ્રથમ પોતાની પોસ્ટ ઓફિસમાં લેખિતમાં ફરિયાદ કરવી જોઈએ. તેમ છતાં પણ જે તે સભ્યને અંકો ના મળતા હોય તો તેઓએ પોતાના વિભાગની હેડ પોસ્ટ ઓફિસમાં લેખિતમાં ફરિયાદ કરવી જોઈએ અથવા તો જરૂરિયાત મુજબ તેનાથી પણ આગળ વધવું જોઈએ.*

*જે સભ્યોને અંક ના મળ્યા હોય તે સભ્યો શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર આવીને રૂબરૂમાં બીજો અંક લઈ જઈ શકશે પરંતુ તે સ્ટોકમાં હશે ત્યાં સુધી જ તે અંક આપી શકાશે.*

*કોઈ સભ્ય કુરિયરથી અંક મંગાવવા માંગતા હોય તો તેનો ચાર્જ જે-તે સભ્યે અલગથી ભરવાનો રહેશે.*

*આ બાબતે 'મંગલ મંદિર'ના દરેક ગ્રાહક પાસેથી જરૂરી સહકારની અપેક્ષા રાખવામાં આવે છે.*

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

વ્યક્તિ વિશેષ

# મોરારજીભાઈ દેસાઈ



ડૉ. મિહિર એમ. વોરા

વલસાડ તાલુકાના નાનકડા ભદેલી ગામના પનોતા પુત્ર અને ભારત અને પાકિસ્તાનનું સર્વોચ્ચ સન્માન 'નિશાન એ પાકિસ્તાન' અને 'ભારત રત્ન' મેળવેલા એકમાત્ર નેતા સ્વ. મોરારજીભાઈ દેસાઈનો જન્મ દિવસ દર ચાર વર્ષે એક વખત આવતો હોય છે.

૨૯ ફેબ્રુઆરી, ૧૮૯૬ના રોજ ૧૨૫ વર્ષ અગાઉ જન્મેલા પ્રથમ ગુજરાતી વડાપ્રધાન મોરારજી દેસાઈનો દર ચાર વર્ષના હિસાબે ૩૨મો જન્મદિવસ છે.

મોરારજી દેસાઈ (૨૯ ફેબ્રુઆરી ૧૮૯૬ – ૧૦ એપ્રિલ ૧૯૯૫). આખું નામ : મોરારજી રણછોડજી દેસાઈ. ભારત દેશના સ્વાતંત્ર્ય સેનાની અને ચોથા વડાપ્રધાન (ઇ.સ. ૧૯૭૭થી ૧૯૭૯) હતા.

તેઓ એવા પ્રથમ વડાપ્રધાન હતા કે જેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના બદલે અન્ય કોઈ રાજકીય પક્ષમાંથી ચુંટાયા હતા. તેમણે સરકારમાં કેટલાય મહત્ત્વના હોદ્દાઓ સંભાળ્યા હતા જેવા કે મુંબઈ રાજ્યના મુખ્યમંત્રી, ગૃહ પ્રધાન, નાણાં પ્રધાન અને ભારતના નાયબ વડાપ્રધાન.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મોરારજી દેસાઈ તેમના શાંતિ માટેના પ્રયત્નો અને દક્ષિણ એશિયાના બે દુશ્મન દેશો ભારત અને પાકિસ્તાન વચ્ચે શાંતિ માટેના પ્રયત્નો માટે જાણીતા છે.

૧૯૭૪માં ભારતના પ્રથમ અણુધડાકા પછી મોરારજીભાઈએ ચીન અને પાકિસ્તાન સાથે મૈત્રીભર્યા સંબંધો સ્થાપિત કરવામાં ભાગ ભજવ્યો હતો અને ભારત-પાકિસ્તાનનાં ૧૯૭૧ના યુધ્ધ જેવી પરીસ્થિતિ નિવારી હતી.

ઘર આગણે, તેમણે ૧૯૭૪ના અણુધડાકા પછી ભારતના અણુ કાર્યક્રમમાં મહત્ત્વનો ભોગ ભજવ્યો હતો. પાછળથી તેમની નીતિઓએ મુખ્યત્વે સામાજિક, આરોગ્ય સંબંધિત અને સંચાલન ક્ષેત્રના સુધારાઓને ઉત્તેજન આપ્યું.

તેઓ એકમાત્ર એવા વ્યક્તિ છે જેઓને ભારત દેશના સર્વોચ્ચ સન્માન "ભારત રત્ન" (૧૯૯૧) તેમજ પાકિસ્તાન દેશના સર્વોચ્ચ સન્માન "નિશાન-એ-પાકિસ્તાન" (૧૯૯૦)થી સન્માનિત કરવામાં આવ્યા હોય.

આજે પણ માત્ર બે રૂપિયા અને ૨૦ પૈસામાં ખાંડ આપનાર વડાપ્રધાન તરીકે લોકો મોરારજી દેસાઈને યાદ કરે છે. આ ઉપરાંત ચુસ્ત સિદ્ધાંતવાદી, નિયમિતપણે સ્વમૂત્ર તેમજ ફળાહાર જેવા કુદરતી ઉપચાર વડે તંદુરસ્ત શરીર જાળવનાર તરીકે પણ લોકો એમને યાદ કરે છે.

મોરારજી દેસાઇનો જન્મ તત્કાલીન બોમ્બે પ્રેસિડેન્સીના વિસ્તારમાં આવતા વલસાડ જિલ્લાના તેમજ તાલુકામાં આવેલા ભદેલી ગામમાં થયો હતો. આ ગામ હાલમાં ગુજરાત રાજ્યમાં આવે છે.

તેઓનું પ્રાથમિક શિક્ષણ સૌરાષ્ટ્રમાં કુંડલા શાળા - સાવરકુંડલા (જે અત્યારે જે.વી. મોદી શાળા તરીકે ઓળખાય છે)માં થયું. ત્યારબાદ તેઓએ બાઈ અવાં બાઈ હાઈસ્કૂલ - વલસાડમાં શિક્ષણ લીધું. મોરારજીભાઈએ વિલ્સન કોલેજ - મુંબઈ (મહારાષ્ટ્ર)થી સ્નાતકની પરીક્ષા ઉત્તીર્ણ કરી હતી. ત્યાર પછી તેઓ ગુજરાતમાં નાગરિક (સિવિલ) સેવામાં ગોધરામાં નાયબ કલેક્ટર તરીકે જોડાયા હતા.

એમણે મે ૧૯૩૦ના વર્ષમાં નોકરીમાંથી રાજીનામું આપ્યું. ત્યારબાદ તેઓ આઝાદીની ચળવળમાં જોડાયા. ઇ.સ. ૧૯૩૦ના વર્ષમાં તેમણે અસહકારની ચળવળમાં ભાગ લીધો હતો.

સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેવાને કારણે જ એમણે જેલ જવું પડ્યું હતું અને એમણે ઘણો સમય જેલમાં વિતાવ્યો હતો.

પોતાની નેતૃત્વ ક્ષમતાને કારણે તેઓ સ્વતંત્રતા સંગ્રામ સેનાનીઓના વહાલા રહ્યા અને ગુજરાત કોંગ્રેસના મહત્ત્વપૂર્ણ નેતા રહ્યા હતા.

જ્યારે ઇ.સ. ૧૯૩૪ અને ઇ.સ. ૧૯૩૭ના સમયમાં પ્રાંતિય પરિષદોની ચૂંટણીઓ થઈ ત્યારે તેઓ ચુંટાયા હતા તથા તેમણે બોમ્બે પ્રેસિડેન્સીમાં નાણાં (વિત્ત) મંત્રી તેમજ ગૃહ મંત્રી તરીકેની જવાબદારીઓ નિભાવી હતી.

ભારત દેશને આઝાદી મળ્યા પછી તેઓ રાજકારણમાં સક્રિય રહ્યા હતા. તેમણે રાજ્યના પ્રધાન અને દેશના પ્રધાન તરીકે વિવિધ જવાબદારીઓ નિભાવી હતી.

ભારતની સ્વતંત્રતા પૂર્વે તેઓ મુંબઈના ગૃહમંત્રી બન્યા હતા અને પાછળથી ૧૯૫૨માં મુંબઈ રાજ્યના મુખ્યમંત્રી તરીકે ચૂંટાઈ આવ્યા હતા. આ રાજ્ય ગુજરાતીભાષી અને મરાઠીભાષી લોકોનું બનેલું દ્વિભાષી રાજ્ય હતું. ૧૯૫૬થી સંયુક્ત મહારાષ્ટ્ર સમિતિએ માત્ર મરાઠીભાષી લોકોના બનેલા "મહારાષ્ટ્ર" રાજ્યની માંગણી માટે ચળવળ શરૂ કરી. બીજી બાજુ, ઈન્દુલાલ યાજ્ઞીકની આગેવાની હેઠળની સમિતિએ "ગુજરાત" રાજ્યની માંગણી માટે "મહાગુજરાત આંદોલન" શરૂ કર્યું. રાષ્ટ્રીય દૃષ્ટિએ ચુસ્ત એવા મોરારજી દેસાઈ આ બંને ચળવળોના વિરોધી હતા.

જ્યારે ફ્લોરા ફાઉન્ટન પાસે સંયુક્ત મહારાષ્ટ્ર સમિતિ દ્વારા થઈ રહેલા વિરોધના કારણે ચળવળકારીઓને લીધે જાહેર મિલ્કત અને વ્યવસાયીક ઓફિસોને થઈ રહેલા નુકસાનને અટકાવવા તેમણે પોલીસને ટોળા પર ગોળીબાર માટે મંજૂરી આપી હતી.

જ્યારે સ્ટોક એક્સચેન્જમાં હુમલાનો નિકટવર્તી ભય વર્તાઈ રહ્યો હતો ત્યારે પોલીસે પ્રથમ એક કલાક હવામાં ગોળીબાર કર્યો હતો. પરંતુ આ પગલું પરિસ્થિતિને કાબૂમાં લાવી શક્યું નહીં. તેથી થયેલા સીધા ફાયરીંગથી સમગ્ર ઘટના દરમિયાન ૧૦૫ તોફાનીઓ માર્યા ગયા હતા.

દેસાઈ ત્રણ દિવસમાં પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ લઈ આવવામાં સફળ રહ્યા હતા. જો કે તેઓ આ મુદ્દે શાંતિપૂર્ણ ઉકેલ લાવવા માંગતા હતા અને માર્ગો પર થતી હિંસાનો અંત આણવા આતુર હતા. તેથી પાછળથી તેમણે ભાષાકીય આધાર પર રાજ્ય દ્વિભાજનની પરવાનગી આપી હતી. રાજ્ય દ્વિભાજન પછી મુંબઈ નવા બનેલા મહારાષ્ટ્ર રાજ્યનું પાટનગર બન્યું.

ઈચ્છા વિરૂધ્ધ દ્વિભાષીય રાજ્ય રચનાથી વિક્ષપ્ત મોરારજી દેસાઈએ મુખ્યમંત્રી તરીકે રાજીનામું આપ્યું. યશવંતરાવ ચવ્હાણે મુખ્યમંત્રી તરીકેનો હવાલો સંભાળતા ૧૪મી નવેમ્બર ૧૯૫૬માં તેઓ જવાહરલાલ નહેરૂના પ્રધાન મંડળમાં વેપાર ઉદ્યોગ ખાતાના પ્રધાન તરીકે જોડાયા.

૧૯૫૮માં મુંદડા પ્રકરણને કારણે ટી.ટી. કૃષ્ણમાચારીએ નાણાંપ્રધાન તરીકે રાજીનામું આપતા માર્ચ મહિનામાં નાણાં ખાતાનો પદભાર સંભાળ્યો.

લાંબી મુદતની લોનોનું આયોજન, સુવર્ણ નિયંત્રણ યોજના, ફરજિયાત બચત યોજના, આવકવેરા પર સરચાર્જ, પરદેશી આર્થિક મદદની શરતોમાં હળવાશ વગેરે તેમનાં નાણાંપ્રધાન તરીકેનાં અગત્યના નિર્ણયો રહ્યા.

૧૯૬૭ની ચૂંટણીમાં મોરારજીભાઈએ નાયબ વડાપ્રધાન અને નાણાંપ્રધાન તરીકે પદભાર સંભાળ્યો. પરંતુ પાર્લામેન્ટરી બોર્ડના પ્રમુખની ઉમેદવારની પસંદગીના નિર્ણયના વિરોધમાં નારાજ મોરારજીભાઈએ મંત્રી તરીકે રાજીનામું આપી દીધું.

ડિસેમ્બર ૧૯૬૯માં ગાંધીનગર ખાતેના અધિવેશનમાં સંસ્થા કોંગ્રેસ (કોંગ્રેસ ઓ)ની સ્થાપનાના મુખ્ય સૂત્રધાર રહ્યા.

ઇંદીરા ગાંધીએ કટોકટી ઉઠાવી લેવાનો નિર્ણય કર્યા બાદ ૧૯૭૭ની સામાન્ય ચૂંટણીઓ યોજાઈ હતી. આ ચૂંટણીમાં જનતા પાર્ટીએ ભારે બહુમત મેળવ્યો અને મોરારજી દેસાઈ વડાપ્રધાન બન્યા. ૨૪મી માર્ચે દેસાઈના નેતૃત્વ હેઠળ પ્રધાનમંડળ અસ્તિત્વમાં આવ્યું.

દેસાઈની સરકારે દક્ષિણ એશિયાઈ પડોશી દેશો સાથેના સંબંધોને અગ્રતા આપી અને કટ્ટર હરીફ એવા દેશ પાકિસ્તાન સાથે સંબંધો સુધારવાની શરૂઆત કરી તેમજ ૧૯૬૨નાં યુધ્ધ પછી પહેલીવાર ચીન સાથેના સંબંધો સામાન્ય બનાવ્યા. તેઓએ ઝીયા-ઉલ-હક્ક સાથે સંવાદો કર્યા અને મૈત્રીભર્યા સંબંધો સ્થાપ્યા. ચીન સાથે રાજદ્વારી સંબંધો પણ સ્થાપવામાં આવ્યા. સરકારે રાષ્ટ્રીય કટોકટી લાગુ પાડવા અંગે બંધારણમાં ઘણાં ફેરફારો કર્યા અને તેને પછીની સરકારો માટે મુશ્કેલ બનાવી.

ચુમ્માલીસમા બંધારણીય સુધારા દ્વારા મિલ્કતના અધિકારને ન્યાયીક કરવામાં આવ્યો. તેમ છતાં, જનતા પાર્ટીનો મોરચો અંગત અને નીતિ અંગેના ભેદભાવોથી ભરેલો હતો. એટલે વિવાદો વગર વધુ કંઈ પ્રાપ્ત કરી શક્યો નહીં.

ચરણસિંહ પ્રકરણ અને અન્ય કટોકટીના કારણસર ૧૫ જુલાઈ, ૧૯૭૯ના રોજ તેમણે વડાપ્રધાન તરીકે રાજીનામું આપી દીધું.

રાજકીય નિવૃત્તિ બાદ મોરારજીભાઈએ મુંબઈમાં પુત્ર પરિવાર સાથે જીવન ગાળ્યું. ૧૯૮૭ના ઓક્ટોબર માસ સુધી, ૯૨ વર્ષની ઉંમર સુધી વિદ્યાપીઠના પદવીદાન સમારોહમાં હાજરી આપવાનો તેમનો ક્રમ તેમણે નિષ્ઠાથી જાળવ્યો.

૧૦ એપ્રિલ, ૧૯૯૫ના રોજ મગજમાં લોહી ગંઠાતા મુંબઈ ખાતે તેમનું અવસાન થયું. ૧૨મી એપ્રિલની સાંજે અમદાવાદમાં સાબરમતી આશ્રમ પાસે આવેલી ગોશાળાની ભૂમિ પર પૂરા રાજકીય સન્માન સાથે તેમની અંતિમ ક્રિયા કરવામા ંઆવી. આ સ્થળ હાલ અભયઘાટ તરીકે ઓળખાય છે.

મોરારજી દેસાઈ ગાંધીજીના રસ્તે ચાલનારા, સામાજિક સેવક, સંસ્થા સ્થાપક અને મહાન સુધારાવાદી હતા. તેઓ

મહાત્મા ગાંધી દ્વારા સ્થાપવામાં આવેલ ગુજરાત વિદ્યાપીઠનાં કુલપતિ હતા.

તેમનાં વડાપ્રધાનના કાર્યકાળ દરમિયાન પણ તેઓ વિદ્યાપીઠની મુલાકાત લેતા હતા અને ઓક્ટોબર મહિનામાં વિદ્યાપીઠમાં નિવાસ કરતા હતા.

તેઓ સાદાઈથી જીવતા હતા અને વડાપ્રધાન હોવા છતાં જાતે જ પોસ્ટકાર્ડ લખતા હતા. સરદાર પટેલે તેમને ખેડા જિલ્લાના ખેડૂતો જોડે મંત્રણાઓ કરવા માટે નીમ્યા હતા. જે છેવટે અમૂલ સહકારી મંડળીની સ્થાપના માટે કારણભૂત બની. તેમના કાર્યકાળ દરમિયાન, તેઓએ જાહેર વિતરણ વ્યવસ્થા બંધ કરી અને તેનાથી સસ્તી ખાંડ અને અનાજ પ્રાપ્ત થતાં રેશનની દુકાનો બંધ થઈ ગઈ હતી.

૧૯૭૮માં વડાપ્રધાન મોરારજી દેસાઈ, કે જેઓ લાંબા સમયથી સ્વમૂત્ર ચિકિત્સા અજમાવી રહ્યા હતા, એ વિશે ડાન રાથેર જોડે ૬૦ મિનિટ સુધી સ્વમૂત્ર પીવાથી થતા ફાયદા વિશે ચર્ચા કરી હતી. મોરારજીએ કહ્યું હતું કે, સ્વમૂત્ર ચિકિત્સા, એ આરોગ્ય સુવિધા પરવડી ન શકે એવા લાખો ભારતીયો માટે ઉત્તમ ચિકિત્સા છે. તેઓ તેમની આ આદત માટે કેટલાય ભારતીયો અને વિદેશીઓ દ્વારા અણગમો પામ્યા હતા.

'ઇન માય વ્યૂ' તેમની આત્મકથા છે. જેનો ગુજરાતી અનુવાદ 'મારું જીવનવૃત્તાંત' નામે ત્રણ ભાગમાં નવજીવન દ્વારા કરવામાં આવેલ છે.

આ ઉપરાંત કેટલીક માહિતી પુસ્તિકાઓ જેવી કે, 'પોલીસ પ્રજાનો મિત્ર બની રહે' (મુંબઈ સરકાર, ૧૯૫૨), 'કરવેરા શા માટે?' (પરિચય, ૧૯૬૨), 'લોકશાહી સમાજવાદ' (પરિચય, ૧૯૬૮), 'સડા વિનાનો વહીવટ' (પરિચય, ૧૯૭૩), 'કાયદાથી કોઈ પર નથી' (ગુજરાત સરકાર, ૧૯૭૯) વગેરે મુખ્ય છે.

*સંદર્ભ : વીકિપીડિયા અને વિવિધ અખબારી અહેવાલ.*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,***
***વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## ગઝલ

ગમે ત્યારે ગમે ત્યાં તું, જવાની રાખ તૈયારી,
કરે બદલી ઘડીભરમાં, મરણનું કામ સરકારી!

કફન, શ્રીફળ, અગરબત્તી, ફુલોના હાર ને દીવો
ખરેખર મોત સસ્તું છે, ને મોંઘી થઈ છે તરકારી.

જરા આરામથી તો શ્વાસ પણ લેવા ન દે જીવન,
ન કોઈ શ્વાસની ખટપટ, મજા છે મોતની ભારી.

જરા ફુરસદથી આવે તો, જમાવીશું અમે મહેફિલ,
હશે મૃત્યુ ઉતાવળમાં, તો રસ્તામાં થશે યારી.

તને લીધા વિના આ મોતને, 'જીનલ' જવું પડશે,
જો સામે આવે તો રાજી કરી દઉં શેર ફટકારી.

***અંકિતા મારૂ 'જીનલ' - કાંદિવલી, મુંબઈ***

## ગઝલ

સરે અશ્રુ ધારા ગમાડી રહ્યો છું,
તને ભૂધરા પર રમાડી રહ્યો છું.

પડ્યા હોય છાલા હથેળીમાં જ્યાં જ્યાં,
મુલાયમ ગુલાબો ઉગાડી રહ્યો છું.

ખબરદાર ઇશ્વર હવે થઇ જજે તું,
નભે આંગળીને અડાડી રહ્યો છું!

નથી જીદ કીધી ખભે બેસવાની,
મારો બોજ જાતે ઉપાડી રહ્યો છું.

છે શ્રાવણની આદત તો ફરફર વરસવું,
વરસવાને સૌ પર અષાડી રહ્યો છું!

બળદ ચાલતાને પરોણો અડાડું,
સ્વભાવે જનમથી અનાડી રહ્યો છું!

સુગંધોથી ખિસ્સા ઠસોઠસ ભરીને,
હવાને ચમનથી ભગાડી રહ્યો છું!

***આબિદ ભટ્ટ***

શુભેચ્છા સહ...
# પૃથ્વી શાહ – ગાંધીનગર
**મો. ૯૮૨૪૬ ૬૬૧૦૮ / ૮૭૮૦૩ ૯૬૩૩૪**

તંદુરસ્તી

# .....અને હું તંદુરસ્ત બન્યો!



ડૉ. કમલેશ એન. શાહ
M.D.

પહેલા હું ઉદાસ રહેતો હતો. પહેલેથી જ મારામાં સહનશીલતા ઓછી. વાતવાતમાં ગુસ્સે થઇ જવાય અને મારા કહ્યામાં ઘરના કે સગાસંબંધી ના હોય તો લાલ પીળા થઇ જવાતું હતું. એટલે સરખો મુડ રહેતો ન હતો. તમે મળ્યા અને તમાકુની પડીકીની વાત થઇ અને તેનાથી કશું નુકસાન થતું નથી તેમ પણ કહ્યું. તમે છેલ્લા ૧૦ વર્ષથી લઈ રહ્યા છો અને હવે દિવસની ચાર-પાંચ થઈ જાય છે. તમારી વાત મેં સાચી માની લીધી અને તમાકુની અડધી પડીકી ખાઈ લીધી. જરા ફ્રેશ થયો હોઉં તેમ લાગ્યું. બસ, તે દિવસથી 'ઊંચે લોગ ઊંચી બાતે' સાચી લાગવા માંડી. હવે મારા જીવનમાં ફેરફાર આવવા લાગ્યો. સવારથી જ તમાકુની પડીકી જોઈએ. ઘરના બધાએ જાણ્યું એટલે મેં કોઈ ગુનો કર્યો હોય તેવું વાતાવરણ સર્જાયું. પરંતુ મેં તેઓની વાત નકારી કાઢી, પુરૂષ પ્રધાન સમાજમાં વળી પત્નીનું ચાલે કેટલું? એટલે જરૂર પડે તો તેની સામે આંખો પણ કાઢતો ને તે ચૂપ થઈ જતી.

કેન્સર સાથે સંકળાયેલ પરીબળોમાં તમાકુના સેવનથી માણસ જાતિને ૪૪% કેન્સર થઈ શકે છે. તેમાં મોઢાનું કેન્સર, હૃદય અને લોહીની નળીઓ ઉપર ખાસ અસર થાય છે તેમ વાંચ્યું. સિગારેટ પીવાની હૃદય અને શ્વસનતંત્ર ઉપર ખાસ અસર થતી હતી તેની પણ મને જાણ થઈ. આ સમય દરમિયાન મારા એક સગાને હોસ્પિટલમાં દાખલ કર્યા હતા અને આવતીકાલે તેઓની એન્જિયોપ્લાસ્ટી કરવાની છે તેમ જાણ્યું એટલે ખબર કાઢવા ગયો. તેઓએ ઓગણપચાસ વર્ષની ઉંમરમાં કોઈપણ જાતનું વ્યસન કર્યું ન હતું છતાં હૃદયની બે નળીઓ બ્લોક નીકળી. ત્યારે મને થયું કે તમાકુ-સિગારેટ-બીડી ના પીનાર વ્યક્તિઓને આવા રોગ થાય છે. એટલે નક્કી કર્યું કે મેડિકલના છાપા બહુ વાંચવા નહીં જેથી કરીને ભ્રમ પેદા થાય.

એક દિવસ મેં ઘણી બધી છોકરીઓ અને છોકરાઓને કોલેજ કેમ્પસમાં સિગારેટનો દમ લેતા જોયા. શું ખુમારી હતી! બધા જ ખુશાલી વ્યક્ત કરી રહ્યા હતા. મારા એક મિત્રને બીડી પીવાનો શોખ હતો. એટલે પાન ખાવાના બહાને ગલ્લા પર જઈ એક સિગારેટ લઈ લીધી. મજા લેવાનો પ્રયત્ન કર્યો ત્યારે અચાનક એટલી બધી ખાંસી આવી કે મજા ન આવી – એટલે તે તરફ ધ્યાન આપવાનું માંડી વાળ્યું. હવે તમાકુની પડીકીઓની સંખ્યા પણ વધી. ક્યારેક પેટમાં ગેસ થઈ જતો કે ઉબકા આવી જતા. પરંતુ ખાવામાં કદાચ ગરમ મસાલો વપરાયો હોય તો પણ થાય તેમ માની લેતો. આમ કરતાં કરતાં અજાણપણે ખરાબ સોપારી અને તેમાં રહેલ Carcinogenic તત્ત્વોનું સેવન કરતો રહ્યો.

હવે વાત એમ બની કે જે મિત્ર દ્વારા તમાકુની શરૂઆત થઈ હતી તે મિત્રનું મોં આખુ ખૂલતું બંધ થઈ ગયું. માંડ ઊભી બે આંગળી જતી હતી. નાક, કાન, ગળાના ડૉક્ટરને બતાવ્યું તો તેઓએ તમાકુના કારણે ટોન્સિલના પીલર જામ થઈ ગયા તેમ જણાવ્યું અને ત્યાં સ્ટીરોઈડના ઈન્જેક્શનો દર અઠવાડિયે લેવાની શરૂઆત કરી અને ભમરડો ઊંધો મોઢામાં નાખી કસરત કરવાનું જણાવ્યું. ત્યારબાદ મને એક મિત્ર એવો મળી ગયો, જેણે પૂછવાની હિંમત કરી કે, –

### *તમાકુ ખાવાથી તમને શો ફાયદો થાય?*

૧. સવારથી તમાકુની પડીકી ખાવાથી સ્ફુર્તિ આવી જાય છે. દિવસની શરૂઆત સારા મુડથી થાય છે.

૨. પેટ સાફ આવે છે. કબજિયાતની ફરીયાદ રહેતી નથી.

૩. મોઢામાં પડીકી હોય એટલે કોઈની સાથે માથાકુટ કરવા શબ્દો ઉચ્ચારવા પડતા નથી.

૪. આખો દિવસ જાણે નશો રહેતો હોય તેમ લાગે - ટાઈમસર ખાવાપીવાનું થાય છે.

### *અને આ બધું શેના કારણે જાણો છો?*

૧. તમાકુમાં નિકોટીનનું તત્ત્વ આવે છે. જે ચા-કોફીમાં પણ હોય છે. પરંતુ માત્રા ઘણી વધારે એટલે સ્ફુર્તિ લાગે અને ચાર કલાક પછી તેનું પ્રમાણ ઘટી જાય એટલે ઢીલાઢસ. માટે જ તમારે આખા દિવસમાં વારંવાર પડીકી ખાવી પડે. વળી તેમાં ન ખાવાના તત્ત્વો પણ હોય છે, જે આપણી હોજરી કે આંતરડા સંઘરતા નથી એટલે કદાચ પેટ સાફ આવે છે.

***અને આ તમાકુ અને સિગારેટના કારણે શરીરના તંત્રો ઉપર શી અસર પડે છે તે જાણો છો? તો સમજી લો...***

૧. મોઢામાં ચાંદા પડવાની શરૂઆત થઈ જાય. સફેદ ડાઘ પડે. ચાંદામાં રૂઝ પણ કદાચ ન આવે – કેન્સરની શરૂઆત પણ કદાચ હોઈ શકે!

૨. દાંત બધા જ ખરાબ થવા માંડે. જાણે તમારા દાંતોએ હોળી ધૂળેટીનો ઉત્સવ ના ખેલ્યો હોય!

૩. હોજરી અને આંતરડામાં નાના નાના ઉજરડા ને પછી ચાંદા પડવાની શરૂઆત થઈ જાય. ચાંદાઓમાંથી રક્તસ્રાવ શરૂ થાય. એટલે તમે ફિક્કા પડતા જાઓ - શરીરમાં રક્તકણોની સંખ્યા ઓછી થતી જાય.

૪. આપણા રૂધિરાભિસરણ તંત્ર ઉપર ખાસ કરીને હૃદયની નળીઓની અંદર ક્ષાર બાજવાનું ચાલુ થાય. કદાચ હૃદયરોગની શરૂઆત થાય.

*હવે આગળના મિત્રની વાત....*

ધીમે ધીમે તેના મોઢામાં માંડ ત્રણ આંગળીઓ નાખી શકાય તેટલી જગ્યા થઈ. મને લાગે છે કે બટાકાવડાનો મૂળ સ્વાદ લીધે ઘણો સમય અને સારી રીતે કોળીયો ભરીને જમી શકવાની મજા પણ ઘણા સમય પછી મળી. ત્યાં અચાનક જમણા જડબાના નીચેના પેઢાના છેલ્લા દાંતમાં સામાન્ય દુઃખાવો થયો એટલે દાંતના ડૉક્ટર પાસે ગયો અને દાંત સડી ગયો હતો એટલે કાઢી નાખ્યો. થોડા દિવસ સુધી રૂઝ ન આવી. ડૉક્ટરે જડબાના સ્પેશિયાલિસ્ટ પાસે જવાનું કહ્યું. બાયોપ્સી લેવાઈ. કેન્સરનો રીપોર્ટ આવ્યો. મિત્ર ભાંગી પડ્યો. કેન્સરના સર્જનની સલાહ લેવાઈ. લોહીના રીપોર્ટ, સીટી સ્કેન દ્વારા ખબર પડી કે હજી શરૂઆતના સ્ટેજમાં છે. એટલે ઑપરેશન કરતાં મટી જશે. શરૂઆતનું સ્ટેજ એટલે 2-A ક્યાંય ફેલાયેલું ન હતું. ઓપરેશનમાં પ્લાસ્ટીક સર્જન પણ હાજર હોય છે. એટલે જડબાનો ખાસ્સો ભાગ કાઢી નાખ્યો અને ઑપરેશનવાળા ભાગ ઉપર ચામડી એ રીતે ગોઠવાઈ જાણે ચહેરો પહેલા જેવો જ લાગે. ત્યારબાદ શેક અને કીમોથેરાપી - કૃષ્ણ ભગવાન પાંચ વર્ષ પૂરા કરી આપે તો લાગે કે નવજીવન મળ્યું તેવી પ્રાર્થનાઓ સગાવહાલાઓ દ્વારા શરૂ થઈ.

*મનોબળ હોય જો મક્કમ, તો અફીણની શું વિસાત છે,*
*તમાકુને મારે સૌ લાત, ન જોઈએ નીકોટીનના કોટનો સાથ.*
*હવે તો કાઢવાની ઠેર ઠેર, તમાકુના સેવનની સ્મશાન યાત્રા,*
*ભંગારના સામાન ભેગું વેચવાનું છે, કેન્સરને કેન્સલ કરી ઝંપવાનું છે.*

આ આખી ઘટનાએ મારી આંખો ખોલી નાખી. મારા ઘરવાળાઓની બધી જ સલાહો મેં સ્વિકારી લીધી. તમાકુ છોડવાનો નિર્ણય બીજા દિવસે સવારે જ લઈ લીધો. ત્રણ ચાર દિવસ સુધી ગમે નહીં. બેચેની લાગે. હાથપગ ચુસાયા કરે, પેટમાં ગરબડ થાય, ઊંઘ આવે નહીં – હવે શું કરવું? ફેમિલી ડૉક્ટરને મળ્યો તો તેમણે મનોચિકિત્સકને મળવાની સલાહ આપી. કારણ –

તમોએ એકદમ તમાકુ છોડી દીધી છે. એટલે તેમાં રહેલું નીકોટીનનું તત્ત્વ તમોને મળતું નથી તેનું વ્યસન કહેવાય એટલે આમ થાય છે.

હવે શું કરવાનું? નીકોટીન ન મળવાથી (એક જાતનું અફીણ) તેનું શરીરમાં રીએક્શન આવે. સાથે હતાશા. એટલે તેના મારણ તરીકે તમારે ધીમે ધીમે તેની થોડીક દવાઓ લેવી પડશે અને મનોબળ મક્કમ બનાવવું પડશે. શરૂઆતની જિંદગીમાં તમોને સામાન્ય હતાશા તો હતી જ એટલે જીવન પ્રત્યેનો અભિગમ બદલવો પડશે.

સાહેબ, તમો જેમ કહેશો તેમ કરીશું પણ મને આમાંથી બહાર કાઢો. ચુઈંગ ગમ મોઢામાં રાખો, ધાણાની દાળ થોડા સમયના અંતરે લો, યોગ - પ્રાણાયામના શરણે જાઓ. બાકી દવાઓ દ્વારા તમને જે બેચેની લાગે છે, પેટમાં ગરબડ થાય છે, હાથપગ ચુસાય છે, ઊંઘ આવતી નથી, ફિક્કાશ આવી જાય છે એ બધું સારૂં થઈ જશે.

આશ્વાસનના શબ્દોએ જાદુઈ અસર કરી. સાહેબની સલાહ પ્રમાણે કરવા માંડ્યું. ધીમે ધીમે સ્વસ્થ થવા લાગ્યો. એક બીક પેસી ગઈ હતી કે મને પણ ગળામાં કેન્સર તો નહીં હોય ને? ફેમિલી ડૉક્ટરની ચિઠ્ઠી લઈ કોઈના કીધા વિના સીટી સ્કેન કરાવી લીધું. ખાતરી થઈ ગઈ કે મને કેન્સર નથી – હવે ૧૦૦% ખાતરી થઈ કે હું તંદુરસ્ત બન્યો. હવે તો મારો પેલો મિત્ર પણ હવે નીચેની પંક્તિઓ ગાતો થઈ ગયો.

***મૈં દીપક હું ઐસા કિ, જીસને અંધેરે સે કભી હાર ન માની,***
***યહ નહીં હૈ બાત કી બાત પર, તિમિર તૂટા નહીં.***
***યહ નહીં હૈ બાથ કી (આંધી), રાતને કભી લૂંટા નહીં.***


## લાઈબ્રેરી

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સમૃધ્ધ લાઈબ્રેરીનો લાભ લેવા સમાજના તમામ સભ્યોને વિનંતી.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વાચકોને જણાવવાનું કે આપની પસંદગીના પુસ્તકો ઉપલબ્ધ થઈ શકે તે માટે આપની પસંદગીના પુસ્તકોના નામ જણાવવા વિનંતી.*

તંદુરસ્તી

# માનસિક બીમારીના શારીરિક લક્ષણો : ભાગ-3

## (Physical Symptoms in Psychiatric Diseases : Part-3)



ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)



ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આગળના લેખમાં આપણે જાણ્યું કે માનસિક બીમારીથી પીડાતા દર ત્રણ દર્દીઓમાં બે દર્દીઓ ફક્ત શારીરિક લક્ષણોની ફરિયાદોને લીધે ડૉક્ટર પાસે જાય છે.

માનસિક બીમારીઓમાં શારીરિક લક્ષણો (૧) માથાનો દુઃખાવો, (૨) ચક્કર આવવા, (૩) છાતીમાં દુઃખાવો, (૪) શારીરિક નબળાઈ, (૫) વજન ઓછું થવું (૩થી ૫ કિલો કે તેથી વધારે), (૬) ગભરામણ થવી, (૭) શરીરમાં કળતર, (૮) એસિડિટી, (૯) પેટમાં ગેસ, (૧૦) કબજીયાત સામાન્ય છે, કોમન છે.

આ લેખમાં માનસિક બીમારીઓમાં થતા શારીરિક લક્ષણોનું કારણ જાણીએ.

- **બ્રેઇન અને શરીરના અવયવો :**

આપણા શરીરના દરેક અવયવોનું સંચાલન બ્રેઇન - મગજ કરે છે. બ્રેઇન - મગજ આ સંચાલન નર્વસ સિસ્ટમ - ચેતાતંત્ર (Nervous System) દ્વારા કરે છે.

નર્વસ સિસ્ટમના બે મુખ્ય વિભાગો છે : (૧) સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ, (૨) ઓટોનોમિક નર્વસ સિસ્ટમ.

**૧. સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ (CNS) :** આ નર્વસ સિસ્ટમ વ્યક્તિના કાબૂમાં હોય છે. દા.ત. મારે આ લેખ લખવો છે તો એના માટે મારા હાથની હલનચલન એ પ્રમાણે કરવા માટે મારા બ્રેઇનથી સંદેશાઓ હાથના સ્નાયુઓને મળશે. હાથના સ્નાયુઓ એ પ્રમાણે હલનચલન કરશે. વ્યક્તિ જે ક્રિયાઓ સામાન્યપણે કરે છે એ બધા અવયવો સેન્ટ્રલ નર્વસ સિસ્ટમના કાબૂમાં હોય છે.

**૨. ઓટોનોમિક નર્વસ સિસ્ટમ (ANS) :** નામ પ્રમાણે આ નર્વસ સિસ્ટમ વ્યક્તિના કાબૂમાં - કંટ્રોલમાં નથી, સ્વયંસંચાલિત છે. શરીરના આંતરિક અવયવો – છાતીના અવયવો જેવા કે હૃદય, ફેફસા; પેટના અવયવો જેવા કે જઠર, આંતરડું, યકૃત (લીવર), મૂત્રપિંડ (કિડની), સ્વાદુપિંડ (પેન્ક્રિયાસ) વગેરે અવયવો પર સ્વયં સંચાલિત નર્વસ સિસ્ટમનો કાબૂ - કંટ્રોલ છે.

ઓટોનોમિક નર્વસ સિસ્ટમના બે ઉપવિભાગ છે : (અ) સિમ્પેથેટીક નર્વસ સિસ્ટમ (SNS) તથા (બ) પેરાસિમ્પેથેટીક નર્વસ સિસ્ટમ (PNS).

બ્રેઇનમાં ચાલતી નર્વસ સિસ્ટમની પ્રક્રિયા ન્યુરોટ્રાન્સમિટર્સ (બ્રેઇનના હોર્મોન) દ્વારા થાય છે. બ્રેઇનની સૂક્ષ્મ કોશિકાઓ (જેને ન્યુરોન કહેવામાં આવે છે) વચ્ચે સંકેતો મોકલવાનું કામ ન્યુરોટ્રાન્સમિટર્સ કરે છે.

વ્યક્તિ જ્યારે સ્વસ્થ અને પ્રસન્ન હોય ત્યારે ન્યુરોનની પ્રક્રિયા નિયમિતપણે ચાલ્યા કરે છે. પરંતુ વ્યક્તિ માનસિક બીમારીથી પીડાતી હોય ત્યારે ન્યુરોટ્રાન્સમિટર્સની પ્રક્રિયામાં ખલેલ પહોંચે છે.

- **માનસિક બીમારીમાં બ્રેઇનના કાર્યોમાં ખલેલ :**

નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેન્ટલ હેલ્થ - અમેરિકા (NIMH - USA) તથા અન્ય વૈજ્ઞાનિકોએ છેલ્લા પાંચ દાયકાઓમાં કરેલા સંશોધનોએ પુરવાર કર્યું છે કે માનસિક બીમારીઓમાં મગજના જ્ઞાનતંતુઓ - ન્યુરોનમાં કદ, રચના, રસાયણો, કાર્યશક્તિમાં નકારાત્મક ફેરફારો થાય છે.

માનસિક બીમારીઓમાં મગજ (Brain)માં આવેલા મન (Mind)ના અવયવોમાં (લિમ્બિક સિસ્ટમ, પ્રિફ્રન્ટલ કોરટેક્ષ, એમિગડેલા, હિપોકેમ્પસ, હાઇપોથેલામસ વગેરેમાં) કાર્યક્ષમતા પર નકારાત્મક અસર થાય છે. આથી ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં નોંધપાત્ર નકારાત્મક ફેરફારો થાય છે.

આ ફેરફારોની અસર ઓટોનોમિક નર્વસ સિસ્ટમ પર પડે છે. જેથી સિમ્પેથેટીક નર્વસ સિસ્ટમના કાર્યોમાં ખલેલ પહોંચે છે. આથી આંતરિક અવયવોના કાર્યોમાં ગરબડ થાય છે. હૃદય, ફેફસા, જઠર, આંતરડા, સ્નાયુઓ પર નકારાત્મક અસર થાય છે તથા જે અવયવો પર અસર થઇ હોય એ પ્રમાણેના શારીરિક લક્ષણો જોવા મળે છે.

માનસિક બીમારીની સારવારમાં જે દવાઓ અપાય છે એ

દવાઓ દ્વારા ન્યુરોટ્રાન્સમિટર્સનું પ્રમાણ નોર્મલ થાય છે. આથી બીમારી પર કાબૂ મેળવાય છે. ઓટોનોમિક નર્વસ સિસ્ટમના કાર્યો પણ આથી નોર્મલ થાય છે. જેથી આંતરિક અવયવોના કાર્યો નોર્મલ થાય છે અને બીમારીના શારીરિક લક્ષણો પર કાબૂ મેળવાય છે તથા શારીરિક લક્ષણો દૂર થાય છે. આ શારીરિક લક્ષણો માટે બીજી દવાઓ આપવાની જરૂરત નથી.

શારીરિક લક્ષણો જેમાં મનની વૈદ્યકીય તપાસ અગત્યની છે.

- **શારીરિક લક્ષણો :**

(૧) વારંવાર છાતીમાં દુઃખાવો. (૨) વારંવાર માથાનો દુઃખાવો. (૩) પેટમાં દુઃખાવો. (૪) શરીરમાં કળતર. (૫) શરીરમાં નબળાઈ. (૬) વારંવાર ગભરામણ થવી. (૭) ચક્કર આવવા (Vertigo) (૮) ગેસ થવો, અપચો. (૯) પેટમાં બળતરા, એસિડિટી. (૧૦) ભૂખ ઓછી લાગવી. (૧૧) વજન ઓછું થવું. (૧૨) હાથપગમાં ઝણઝણાટી થવી. (૧૩) ચામડી પર ખંજવાળ આવવી.

ઉપરોક્ત લક્ષણોની દર્દી ફરિયાદ કરે ત્યારે શારીરિક તપાસની જોડે મનની તપાસ (વિચારો, લાગણી, કાર્ય, એકાગ્રતા, ગ્રહણ શક્તિ, યાદશક્તિ વગેરે) કરવી અગત્યની છે. જેથી યોગ્ય નિદાન થઈ શકે તથા યોગ્ય સારવાર - મનોચિકિત્સા થઈ શકે. ત્યારબાદ દર્દી ગુણવત્તાભર્યું જીવન જીવી શકે (સુષ્માનો કેસ).

***(સંપૂર્ણ)***

## ફાગણ નથી...

દોસ્ત તારા ગામમાં ફાગણ નથી,
આવવાનું એટલે કારણ નથી.

ઝાકળે ઊગી શકો તો વાવજો,
આ નયનમાં આમ તો શ્રાવણ નથી.

મૌન છે સંબંધ મારા સમયનો,
વારતા છે ક્યાંય પારાયણ નથી.

અર્થની તૃષ્ણા વધી છે ને છતાં,
શબ્દ પર કાં શબ્દના ભારણ નથી.

ભાગ્ય આવે છે હવે આ આંગણે,
દેખવું છે પણ ખુલ્લી પાંપણ નથી.

***ઉમેશ જોશી - અમરેલી***

## ઊંધીયો

ભકાલે ભરઇ બજાર, સીયારે આડે ઊંધીયો
અકેંતો કરાય આજાર, સીયારે આડે ઊંધીયો.

કંધ, રતાડૂ, રીંગણા, વટાણા, મેથીજા મુઠિયા
ઠાં ન છડીયેં બુસકાર, સીયારે આડે ઊંધીયો.

નીલી તુવર, સુરતી પાપડી, સફાંમેં રાત પેં ઢરી
નીરે મસાલેજી છમકાર, સીયારે આડે ઊંધીયો.

સગાઈ, વીંઆ, પેડીયૂં, નાત ચોં કુરા ગ્રીન ગુજરાત
રજવાડી સાગજી સિરકાર, સીયારે આડે ઊંધીયો.

ઊંધીયેજા છોકીન ઉપડેં યાર 'કેતુ', સુરત-મુઆડ
હઈયા અચે આતવાર, સીયારે આડે ઊંધીયો.

*(ભકાલો = શાકભાજી, ભજાર = બજાર, અકેંતો = જરૂરથી વધારે, બુસકાર = સુગંધ/સોડમ, સફાં = સાફ કરવા, મુઆડ = તરફ)*

***– કેતના છેડુ 'કેતુ'***

## આજે વર્લ્ડ લાફ્ટર ડે

ખિલોં ને ખિલાયોં ત મજા અચે,
છિલોં ને છિલાયોં ત મજા અચે.
ખણી કુરો વિનણું જગ મિજાનું,
મિલોં ને મિલાયો ત મજા અચે.
હી સંસાર! સકલ આય માયા,
હલોં ને હલાયો ત મજા અચે.
ઈગીયા - પુઠિયા, ઓર્યા - પર્યા,
વરોં ને વરાયોં ત મજા અચે.
રોજ ઉગેતો - ઉલેતો સિજ હિતે,
ચમકોં ને ચમકાયોં ત મજા અચે.
ખણી આયા અઈયું આયખો જીતરો,
જીયોં ને જીયણ ડ્યોં ત મજા અચે.

***ભાનુબેન સાવલા***

## ઝાંઝવાના નીર

રેગીસ્તામાં જલ સમા પ્યારની શોધમાં મૃગલો ક્યાં સુધી દોડશે. ઝાંઝવાને ખબર તો છે જ કે હું પાણી નથી તો શા માટે મૃગલાને હંફાવે છે. પણ ઝાંઝવાને ખબર નથી કે હમણાં સાંજ ઢળશે અને અંધકાર છવાશે ત્યારે મારા પતનનો પાયો મંડાશે. જો જે તારા અસ્તિત્વની લેજે ભાળ. શક્ય હોય તો જજે મૃગની નજીક. દાનત ન રાખતો દૂર જવાની.

***રણજીતસિંહ રાણા, ડ્રાઇવર, શ્રી કચ્છી જૈન સેવા સમાજ***

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૪૬

### શ્રી પારોલી તીર્થ
### (શ્રી નેમિનાથ ભગવાન)



આ તીર્થ ગોધરા નજીક આવેલા વેજલપુરથી માત્ર ૧૬ કિ.મી. દૂર છે અને અહીં ગામની મધ્યમાં મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનની અતિ પ્રાચીન પ્રતિમા છે. આ પ્રભુ પ્રતિમાનો ઇતિહાસ પણ એટલો જ પ્રાચીન, ભવ્ય અને ચમત્કારપૂર્ણ છે. આ પ્રભુને આથી જ "સાચા દેવ શ્રી નેમિનાથ" કહેવામાં આવે છે. પ્રતિમાની કલા પણ અતિ નયનમનોહર છે. એમ કહેવાય છે કે સુલતાન મહંમદ બેગડાના સમયમાં વિ.સં. ૧૫૪૦માં ધનેશ્વર નામના ગામમાં આ પ્રતિમા હતી. મુસ્લિમ આક્રમણના ભયને કારણે એને નદીમાં સુરક્ષિત રાખી હતી. કેટલાક વર્ષો બાદ છામી ગામના શ્રી નાથાભાઈનાં કુટુંબીઓને સ્વપ્નમાં જિનપ્રતિમા નદીમાં હોવાનો દૈવી સંકેત મળ્યો. એ સ્થળે શોધ કરતાં શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા પ્રગટ થઈ. વેજલપુર અને બીજા ગામના નિવાસીઓએ પ્રતિમાજી પોતાના ગામમાં લાવવાનો આગ્રહ રાખ્યો. છેવટે એવું નક્કી થયું કે એક બળદગાડીમાં આ પ્રતિમાજીને બિરાજમાન કરવા. એ જ્યાં અટકે ત્યાં મંદિર બનાવવું. એમ કહે છે કે આ બળદગાડું પારોલી ગામની જગ્યા પર અટકી ગયું. આથી અહીંના શ્રી સંઘ દ્વારા ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું અને તેમાં પ્રતિમાજીની વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરવામાં આવી. અહીં ઘણા જૈનેતર ભક્તો પણ દર્શનાર્થે આવે છે. સાચા દેવ ભગવાન નેમિનાથ ભક્તને અસીમ કૃપાનો અનુભવ કરાવે છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

## તીર્થ દર્શન-૪૭

### શ્રી ખંભાત તીર્થ
### (શ્રી સ્તંભન પાર્શ્વનાથ ભગવાન)



ખંભાત શહેરના ખારવાડા મહોલ્લામાં આવેલા આ તીર્થમાં મૂળનાયક શ્રી સ્તંભન પાર્શ્વનાથ ભગવાનની નીલવર્ણની ૨૩ સે.મી.ની ઊંચી પદમાસનસ્થ પ્રતિમાજી છે. એક કાળે ચોંસઠ બંદરનો વાવટો જ્યાં ફરકતો હતો અને જે નગરની જાહોજલાલીમાં દાનવીર નગર શ્રેષ્ઠીઓનો મહત્ત્વનો ફાળો હતો, તે આ નગરનું પ્રાચીન નામ ત્રંબાવતી નગરી હતું. અહીંની પ્રભાવક પ્રભુ પ્રતિમાનો ઇતિહાસ શાસ્ત્રોમાં સુવર્ણાક્ષરે અંકિત છે. વીસમા તીર્થંકરથી ચોવીસમા તીર્થંકરના સમય સુધીમાં અહીં અનેક ચમત્કારીક ઘટનાઓ બની હતી. એ પછી વર્ષો સુધી આ પ્રતિમાઓ અદૃશ્ય રહી. વિ.સં. ૧૧૧૧માં નવાંગી ટીકાકાર શ્રી અભયદેવ સૂરીશ્વરજીને દૈવી પ્રેરણા મળી અને અધિષ્ઠાયક દેવો પ્રસન્ન થતાં એમની સામે આ પ્રતિમા પ્રગટ થઈ. હાલના મંદિરમાં મળતા એક શિલાલેખ અનુસાર વિ.સં. ૧૧૬૫માં મોઢ વંશના ખેલા શેઠની ધર્મપત્ની બિદડાએ સ્તંભન પાર્શ્વનાથનું ભવ્ય મંદિર બંધાવ્યું હતું. વિ.સં. ૧૬૩૦માં શ્રી સંઘે અહીં ફરીથી મંદિર બનાવીને ઉત્સાહપૂર્વક પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરાવ્યાનો ઉલ્લેખ છે. આ પછી અનેકવાર જીર્ણોધ્ધાર થયો. એનો અંતિમ જીર્ણોધ્ધાર વિ.સં. ૧૯૮૪માં તીર્થોધ્ધારક શાસનસમ્રાટ આ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ.ના સુહસ્તે થયો. આ સિવાય ખંભાતમાં ૭૨ જિનમંદિરો છે. શ્રી હેમચંદ્રાચાર્યનું સ્મૃતિ મંદિર પણ અહીં છે. આ પ્રતિમાના ન્હવણજળથી શ્રી અભયદેવસૂરીશ્વરજીનો દેહ નિરોગી થયો હતો. કલીકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજે અહીં દીક્ષા ગ્રહણ કરી હતી અને ઉદયન મંત્રીએ અહીં ધર્મપ્રભાવ ફેલાવ્યો હતો. કવિવર ઋષભદાસજીની આ જન્મભૂમિ છે. શ્રી ખંભાત તીર્થમાં ૧૦૮ પાર્શ્વનાથમાંના ૮ પાર્શ્વનાથ ભગવાનના દેરાસરો છે.

વાર્તા

# સમજદારી



એમ. ડી. સોલંકી

બેઠકરૂમના સોફા પર સૂનમૂન થઈને બેઠેલા સાર્થકની પડખે પડેલા મોબાઈલની રીંગ વાગતા એણે ફોન રીસીવ કર્યો ત્યારે સામે છેડેથી સંભળાયું : 'સાર્થકકુમાર, પછી પેલી વાતનું તમે શું વિચાર્યું? શહેરની સોસાયટીમાં વ્યવસ્થિત મકાન તમે શોધી લીધું? ઉતાવળ રાખજો. બાકી જ્યાં સુધી તમે તમારા મમ્મી-પપ્પાથી અલગ રહેવા માટે મકાનની જોગવાઈ નહીં કરો ત્યાં સુધી અમારી દીકરી સૃષ્ટી તમારે ત્યાં આવશે જ નહીં. બોલો, આ અંગે તમારો શો જવાબ છે?' સસરા વસંતભાઈએ ઉતાવળથી પૂછ્યું.

'તમારી દીકરી સાથે અલગ રહેવાની બાબતે ગઈકાલે મારો જવાબ 'ના' હતો અને આજે પણ 'ના' જ છે. એટલું જ નહીં, આવતીકાલે અને ભવિષ્યમાં પણ 'ના' જ હશે. એમાં ક્યારેક કોઈ ફેરફાર થશે જ નહીં. હું મારા મમ્મી-પપ્પાથી અલગ રહેવાનું જરાય વિચારતો જ નથી. હા, તમને બધાયને તમારી રીતે વિચારવાની પૂરેપૂરી છૂટ છે.' સસરાએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં શાંત સ્વરે સાર્થક બોલ્યો.

'બેટા, અત્યારે સવાર સવારમાં કોનો ફોન આવ્યો છે? તું કોની સાથે આવી વાતો કરે છે? અઠવાડિયાથી પીયર ગયેલા સૃષ્ટી વહુ હજુય પાછા કેમ નથી આવ્યા? બે દિવસ પછી તો નાની શ્રેયાની પરીક્ષા ચાલુ થવાની છે. કોઈ તકલીફ જેવું છે કે શું? એવું કંઈ હોય તો તું રૂબરૂ જઈને એ બંનેને અહીં લઈ આવ.' હીંચકા પર બેઠેલા રસીકભાઈએ હાથમાંથી છાપુ બાજુ પર મૂકતા કહ્યું.

થોડીવાર પછી હીંચકા પર પપ્પાની સાવ નજીક બેસીને એમનો હાથ પોતાના હાથમાં લઈને સાર્થક બોલ્યો, 'પપ્પા, સવારમાં મારા સસરાનો ફોન હતો. શ્રેયા સાથે પીયર ગયેલી સૃષ્ટીએ એના પપ્પા-મમ્મીને પોતાને જુદું મકાન રાખીને મારી સાથે અલગ રહેવું છે એવી વાત કરીને જ્યાં સુધી અલગ રહેવા બીજા મકાનની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી એ એના પીયરમાં જ રહેવાની છે એવી વાત મારા સસરાએ મને ફોનમાં કહી છે. પપ્પા, હું તમારાથી કે મારા મમ્મીથી અલગ રહેવા માંગતો જ નથી. આમ પણ હું તમારા બંનેનું એકનું એક સંતાન છું. એટલે તમારા બંનેથી અલગ રહેવાનું મારાથી સ્વપ્નમાંય વિચારી શકાય જ નહીં. અને એ કોઈપણ રીતે વ્યવહારુ કે વ્યાજબી ન જ ગણાય. અવસ્થાને કારણે હવે તમારાથી ઘરના કામ થઈ શકે નહીં. તમારા ઘડપણની લાકડી બસ એકમાત્ર હું જ છું એટલે અમારાથી તમને એકલા મૂકીને અલગ મકાનમાં રહી જ ના શકાય. સૃષ્ટી એના મા-બાપની ભારે લાડકોડમાં ઉછરેલી ઘમંડી અને સ્વતંત્ર મિજાજવાળી છોકરી છે. એ એના સ્વચ્છંદી સ્વભાવને કારણે ઘર, કુટુંબ કે પછી સમાજની કોઈપણ મર્યાદા એ સ્વિકારતી જ નથી. એના આવા વિવેકશૂન્ય વર્તાવ બદલ પીયરમાં એને ક્યારેક રોકવામાં કે ટોકવામાં આવી જ નથી. લગ્ન પછી સાસરીમાં કેવી રીતે સૌ સાથે હળીમળીને રહેવું જોઈએ એવું તો એને કોઈએ શીખવ્યું જ નથી. એના કારણે પોતાનું મનમાન્યું કરવાની કુટેવ એના સ્વભાવમાં વણાઈ ગઈ છે. ઘર-કુટુંબમાં વડીલોની માનમર્યાદા કેવી રીતે જાળવવી, એમની સાથે કેવો વિવેકપૂર્ણ વ્યવહાર કરવો જોઈએ એની તો સૃષ્ટીને લેશમાત્ર ખબર નથી અને એટલે એ અલગ મકાનમાં રહેવાના ઉધામા કરે છે.'

'દીકરા સાર્થક, તેં જે વાત કરી એ અમે સાંભળી લીધી. અમે બંને તો હવે ખર્યું પાન કહેવાઈએ! અમે તો આજે છીએ અને કાલે ન પણ હોઈએ! એટલે અમારા પ્રત્યેની લાગણીઓના આવેશમાં આવી જઈને તારા સંસાર જીવનમાં કોઈ તિરાડ ઉભી થવા દઈશ નહીં. સૃષ્ટીના ઉછેર અને સંસ્કારમાં ખામી રહી ગઈ છે એટલે એ આપણી સાથે ભળીને એકરૂપ ના થઈ શકતી હોય તો પછી આપણે એને અનુકૂળ થઈને રહેવાનું! સાંકડા રસ્તા પરની મુસાફરી દરમિયાન સામેના વાહનવાળો આપણને સાઈડ ન આપે તો પછી આપણે એને સાઈડ આપી દેવાની! આપણું કશુંય ઓછું ના થઈ જાય! સૃષ્ટી અમારાથી અલગ રહીને જો સુખી થતી હોય તો એમાં અમને જરાય વાંધો જ નથી. અમે તમને આ બાબતની છૂટ આપીએ છીએ. તમે શ્રેયાને લઈને અમારાથી અલગ રહેશો તો એનું અમને જરાય દુ:ખ નહીં થાય. અમે તો બસ એટલું જ ઈચ્છીએ છીએ

– તમે ત્રણેય જ્યાં રહો ત્યાં સુખચેનથી રહો. સમય મળે તો તમે અમારા ખબર-અંતર પૂછી જજો.' સમજાવટના સૂરમાં રસીકભાઈએ કહ્યું.

પિતા રસીકભાઈની વાત સાંભળ્યા પછી પણ સાર્થકના નિર્ણયમાં કોઈ ફેરફાર થયો નહીં. એણે વિચાર્યું : 'અલગ રહેવાની બાબતે જો સૃષ્ટી કોઈપણ જાતની બાંધછોડ કરવા માંગતી જ ના હોય તો આખરી ઉપાય તરીકે એનાથી છૂટાછેડા જ લઇ લેવા સારા! બનવાજોગ કે પછી મારા સસરાને મારાથીય સારો – એમની દીકરી સૃષ્ટીના સ્વભાવને અનુકૂળ થઈને રહેનારો જમાઈ મળી રહેશે. પણ હું સૃષ્ટી સાથે અલગ રહેવા જાઉં તો મને આવા ભલા-ભોળાં પપ્પા-મમ્મી ફરી ક્યારેય નહીં જ મળે.' આવું વિચારીને સાર્થકે એના સસરાને ફોન કરીને કહ્યું, 'સૃષ્ટી જો અહીં આવીને સૌ સાથે હળીમળીને રહે તો આ ઘર એનું જ છે. બાકી હું મારા પપ્પા-મમ્મીને છોડીને અલગ રહેવાની સૃષ્ટીની મમત સાથે જરાય સંમત નથી. એ જો મારાથી છૂટાછેડા લેવા માંગતી હોય તો એને મારી સાથેના લગ્નજીવનમાંથી મુક્ત કરવા હું તૈયાર છું. એને કોઈ જાતની બળજબરીથી અમારી સાથે કેવી રીતે રાખી શકાય? પરમ દિવસે નાની શ્રેયાની પરીક્ષા શરૂ થાય છે. એટલે તમે એને આવતીકાલે અમારા ઘેર મૂકી જજો. પરીક્ષા પૂરી થયા પછી શ્રેયાને પરત મૂકવા આવીશ ત્યારે હું છૂટાછેડાના કાગળોમાં સહી કરી દઈશ.'

સાંજે મમ્મી-પપ્પાનું મન રાખવા સાર્થક માંડમાંડ બે કોળીયા ખાઈને ઊભો થઈ ગયો. ઘરનું વાતાવરણ ગમગીન બની ગયું હતું. સાર્થકની આંખમાંથી આજે ઊંઘ જાણે કે ગાયબ થઈ ગઈ હતી. એના મનમાં વિચારોનો વંટોળ ઉમટ્યો હતો. સૃષ્ટી સાથેના લગ્નના બે-એક વર્ષ પછી શ્રેયાનો જન્મ, રૂપાળી ઢીંગલી જેવી શ્રેયાનો હસતો ચહેરો, જોબ પર જતા-આવતા પપ્પા સાર્થકને બાય-બાય કહેતી શ્રેયા, વહાલપૂર્વક શ્રેયાને ઊંચકીને એનું સોફા પર બેસી જવું, નાનકડી શ્રેયાની પપ્પા સાથેની ધીંગામસ્તી – આ બધું કોઈ ચિત્રપટના દશ્યોની જેમ સાર્થકની નજર સમક્ષ જીવંત થઈ આવ્યું. શ્રેયાને પળભર માટેય એ ભૂલી શકતો નહોતો. સાર્થકની છાતીએથી શ્રેયા જાણે કે સહેજેય વછૂટતી જ નહોતી. સૃષ્ટી સાથે છૂટાછેડા થઈ ગયા પછી મારી શ્રેયાનું શું થશે? એવો પ્રશ્ન હરપળે હથોડાના ઘાની જેમ એના મનમાં ટકરાયા કરતો હતો. એક બાજુ સંતાન તરીકે મા-બાપ પ્રત્યેની એની ફરજ અને બીજી બાજુ પોતાના જ સંતાન - શ્રેયાનું અદમ્ય ખેંચાણ! ભારે અસમંજસમાં મૂકાઈ ગયેલા સાર્થકને જાણે કે કોઈ ઉપાય જ સુઝતો નહોતો અને એટલે એ મનોમન મુંઝાયા કરતો હતો.

બીજા દિવસે સવારે સાર્થક અને એના પપ્પા-મમ્મી ચા-પાણીથી પરવારીને બેઠા હતા ત્યારે શહેરની જાણીતી સામાજિક સંસ્થાઓની કામગીરી સાથે સંકળાયેલા અને સ્ત્રી ઉત્થાનની વિવિધ પ્રવૃત્તિઓ ચલાવનાર અનસુયાબેન કોઈ કામ અંગે રસીકભાઈને મળવા એમના ઘેર આવ્યા. સૌ સાથે બેસીને વાતચીત કરતા હતા ત્યારે ઘરના કમ્પાઉન્ડનો દરવાજો ખૂલવાનો અવાજ આવ્યો. બધાની નજર દરવાજા તરફ ગઈ. ત્યાં એમણે જોયું તો સાર્થકના સસરા વસંતભાઈ શ્રેયાને લઈને આવ્યા હતા. સાથે એમની દીકરી સૃષ્ટી પણ હતી. રસીકભાઈએ એમને મીઠો આવકાર આપીને ચા-પાણી કરાવ્યા.

થોડીવાર પછી સાર્થકના સસરા વસંતભાઈએ કહ્યું, 'સાર્થક બેટા, અમને માફ કરી દે. તમે તો અમારી સૌની આંખ ખોલી નાંખીને અમને સાચી હકીકતનું ભાન કરાવી દીધું છે. મા-બાપથી અલગ નહીં રહેવાના તમારા નિર્ણય બાબતે ઊંડો વિચાર કરતા મને સમજાયું કે આવી રીતે મા-બાપને એકલા મૂકીને સંતાન અલગ રહેવા જાય તો પછી આયખાની ઉતરતી અવસ્થાએ એમનો આધાર જ છીનવાઈ જાય. વૃધ્ધ અને નિરાધાર મા-બાપ કોના સહારે જીવી શકે? એવા સંતાનો મા-બાપ પ્રત્યેની એમની ફરજ ચૂક્યા જ ગણાય! આવું બને પછી તો સમાજમાં પોતાના સંતાનો પ્રત્યેનો વિશ્વાસ જ ડગમગી જાય. આ તમારી શ્રેયા આખો દિવસ કંઈ ખાતી-પીતી નથી. 'બસ મારે પપ્પા પાસે જવું છે.' એવી રઢ લઈને બેસી જાય છે. રાતે ઊંઘમાંય પપ્પા... પપ્પા... જ બોલે છે. અમે તો ઠીક પણ એની મમ્મી સૃષ્ટી સમજાવે તોય એ માનતી જ નથી. શ્રેયાની આવી વર્તણુંક જોઇને અમે રાતે ઊંઘી પણ શકતા નથી. શ્રેયાનો એના પપ્પા માટેનો આવો વલવલાટ જોઈને સૃષ્ટી પણ બે ઘડી વિચારમાં પડી જાય છે અને એની આંખની પાંપણો પણ ભીની થઈ જાય છે. આવું જોઈને પછી તો સૃષ્ટીએ સામે ચાલીને મને કહ્યું, 'પપ્પા, સવારે તમે શ્રેયાને મૂકવા મારા સાસરે જાવ તો મને પણ સાથે જ લઈ જજો. મારે જુદું મકાન રાખીને મારા સાસુ-સસરાથી અલગ રહેવું જ નથી. હું મારી ખોટી જીદ હવે સાવ પડતી જ મૂકી દઉં છું. અમે સૌ એક જ છત નીચે સાથે રહીશું.'

'વેવાઈ, તમારે ઘેર જેવી હાલત શ્રેયાની હતી, બસ એવી જ સ્થિતિ અહિંયા અમારા સાર્થકની હતી. શ્રેયાને યાદ કરીને એ આખોય દિવસ સાવ સૂનમૂન જ બેસી રહેતો હતો. 'મમ્મી, મારી શ્રેયા મારા હૈયેથી પળવાર માટેય અળગી થતી જ નથી' એવું કહીને એ ખાતોય નથી. ગઈકાલે રાતે મેં મારા સોગન દઈને માંડ બે કોળીયા ખવડાવ્યા હતા. તમે શ્રેયા અને સૃષ્ટીને અહીં મૂકવા આવ્યા એનાથી અમે ખૂબ જ રાજી થયા છીએ.

સૃષ્ટી બેટા, આ ઘર તમારું જ છે. અહિંયા તમને જરાય તકલીફ જેવું લાગે તો તમે મુંઝાશો નહીં. આપણે બધા સાથે મળીને તમારી મુંઝવણનો સારો ઉકેલ લાવી દઈશું. બાકી તમે તો અમારા ઘરના લક્ષ્મી જેવા છો.' અત્યાર સુધી બધાની વાત સાંભળી રહેલા સાર્થકના મમ્મીએ કહ્યું.

'સવિતાબેન, અમારા જમાઈ સાર્થકકુમારનો છેલ્લો ફોન આવ્યા પછી સૃષ્ટીની તમારાથી અલગ થઈને સાર્થક સાથે એકલા રહેવાની વાત પર ઘણું વિચાર્યા પછી મારા મનમાં થયું કે ખરું જોતાં તો મારી દીકરીની અલગ રહેવાની વાત જરાય વ્યાજબી કે વ્યવહારુ ના જ ગણાય. જે મા-બાપ પોતાના સંતાનોને પાળી પોષીને મોટા કરે છે અને એમને પગભર કરવા પારાવાર પ્રયત્નો કરે છે એ જ માવતરને એમની જિંદગીની પાછલી અવસ્થાએ સંતાનો પાસેથી ચપટીક સ્નેહભરી હૂંફની આશા હોય એવા જ સમયે એ સંતાનો એમને એકલા તરછોડીને અલગ રહેવા જાય તો મારી દૃષ્ટિએ એ એક પ્રકારનું પાપ જ ગણાય! હા, એવા કોઈ ટાળી ના શકાય એવા સંજોગો હોય તો એ જુદી વાત છે. પરંતુ અહિંયા આવું કશુંય નથી. એટલે હું મારી દીકરી સૃષ્ટીની અવ્યવહારુ માંગણીને સમર્થન આપું તો એ મારી પોતાની જ ગંભીર ભૂલ ગણાય. એટલે હું પણ ઇચ્છું છું કે સૃષ્ટી તમારા સૌની સાથે આ ઘરમાં જ રહે.'

'વેવાઈ, આમ તો આપણે એકબીજાને બરાબર ઓળખતા નથી. પણ તમે રસીકભાઈના વેવાઈ છો એટલે કહું છું કે તમારી વાત સાંભળ્યા પછી મને પોતાને લાગે છે કે એક દીકરીના બાપ તરીકે તમે જે નિર્ણય લીધો એ ખૂબ જ ઉચિત અને સમજભર્યો છે. તમારી આવી સમજદારી માટે મને પોતાને તમારા પ્રત્યે માન છે. હું શહેરની સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલી છું. એટલે સમાજમાંથી વિવિધ પ્રકારના પ્રશ્નો, મુંઝવણો અમારી પાસે આવતા જ હોય છે. લગ્નના થોડાંક સમય પછી કેટલીક પુત્રવધૂઓને એમના સાસુ-સસરા એક જાતની પળોજણ જેવા લાગે છે. એટલે એ પોતાના પતિ સાથે સાસુ-સસરાથી અલગ - સ્વતંત્ર રહેવાનું વિચારે છે. પરિણામે એમના દાંપત્ય જીવનમાં એક જાતની ખટાશ આવવાની શરૂઆત થઈ જાય છે. ક્યારેક પુત્રવધૂઓની આવી ખોટી જીદમાં એના પતિનો સાથ મળી જાય તો સરવાળે વૃધ્ધ મા-બાપને જ સહન કરવાનું આવે છે. આવું થવા પાછળ સંતાનોના ઉછેરમાં એમના મા-બાપોએ દાખવેલી નિષ્કાળજી જ જવાબદાર હોય છે. આપણે આપણા સંતાનોને જરૂર પૂરતી સ્વતંત્રતા આપીએ એ બરાબર છે, પરંતુ વણજોઈતી અને બેફામ સ્વતંત્રતા આપવાથી આપણું સંતાન ક્યારે સ્વચ્છંદી બની જાય છે એની તો પછી આપણનેય ખબર રહેતી નથી. બીજું, કે આપણી દીકરીઓને ઉછેર એવી રીતે થવો જોઈએ કે લગ્ન પછી સાસરીયામાં માન મર્યાદા સાથે દૂધમાં સાકરની જેમ ભળી જાય અને ઘર, કુટુંબ અને સમાજમાં માનભર્યું સ્થાન મેળવે. એટલું જ નહીં, એના પીયર પક્ષને પણ ગૌરવ અપાવી શકે.'

'બહેન, તમારી વાત ખરેખર ખૂબ જ સાચી અને આચરણમાં મૂકવા જેવી છે. સંતાનોના યોગ્ય ઉછેર બાબતમાં આપણે સજાગ નહીં બનીએ તો સારા સંસ્કારોના અભાવે, બેમર્યાદ સ્વતંત્રતાના કારણે સ્વચ્છંદી બની ગયેલા આપણા જ સંતાનો થકી સરવાળે ઘર, કુટુંબ અને સમાજને ભવિષ્યમાં પારાવાર નુકસાન થવાની પૂરેપૂરી સંભાવનાઓ રહે છે.' વસંતભાઈ બોલ્યા.

'આજે મારે એક અગત્યની વાત પણ કહેવી છે જે બાબત અવારનવાર પ્રશ્નો બનીને અમારી પાસે આવે છે. સમાજમાં દીકરીના લગ્ન થયા પછી એ સાસરે જાય ત્યારે ત્યાંના નવા વાતાવરણમાં ગોઠવાઈ જતાં એને થોડો સમય લાગે છે. એટલે ઉતાવળા બનીને દીકરીના ઘર-સંસારમાં પીયર પક્ષ તરફથી નાહકનો ચંચુપાત કરવો જોઈએ નહીં. આજના આ મોબાઈલના યુગમાં દીકરીના મમ્મી દ્વારા એના પતિ, સાસુ-સસરા કે પછી નણંદ - જેઠાણી વિશે વણજોઈતી પૂછપરછ કરીને 'તું આમ કરજે', 'તું આવું બોલજે' એવા સલાહ સૂચન આપવામાં આવે છે. જે બાબત સરવાળે તો તમારી દીકરીના હિતમાં હોતી જ નથી બલ્કે એને નુકસાનકર્તા હોય છે. જેની તમને પોતાને કે પછી તમારી દીકરીને ખબર જ હોતી નથી. હા, સાસરીયામાં કોઈ બાબતે એ મુંઝાય ત્યારે એવું માર્ગદર્શન જરૂર આપજો કે તમારા આપેલા માર્ગદર્શન મુજબ વ્યવહાર કરવાથી તમારી દીકરીનું ઘર, કુટુંબ અને સમાજમાં માન વધે. અને દીકરીના મા-બાપ તરીકે સારી સંસ્કારી દીકરીનો ઉછેર કરવા બદલ તમને પણ ગૌરવ મળે. આજકાલ મોબાઈલનો વણજોઈતો વપરાશ સમાજમાં ક્યારેક વિનાશકારી પરિણામ લાવી મૂકે છે. વિવેકથી ઉપયોગ કરવામાં આવે તો મોબાઈલ વરદાનરૂપ સાબિત થાય છે. પરંતુ એનો સમજણ વગરનો ઉપયોગ કરવાથી મોબાઈલ એક જાતનો અભિશાપ પણ બની જાય છે. આ બાબતે સૌએ સજાગ બનવાની જરૂર છે.'

'અનસુયાબેનની વાત સમાજમાં સૌએ સ્વિકારીને અમલમાં મૂકવા જેવી છે. મા-બાપ સંતાનોના લગ્ન ખૂબ જ આનંદપૂર્વક કરે છે. એમના મનમાં એક અપેક્ષા હોય છે કે લગ્ન પછી

એ સંતાનો જ્યાં પણ રહે બસ, સુખચેનથી રહે! પરંતુ આજકાલ પરીસ્થિતિ તદ્દન વિપરીત થઈ ગઈ છે. એકબીજાની પસંદગીથી લગ્ન થયા હોય તો પણ બે-ચાર મહિને કે એકાદ બે વરસ પછી સાવ સામાન્ય બાબતે મતભેદ અને મનભેદ ઊભા થઈ જાય છે અને બંને એકબીજાની ખામીઓ ગણાવીને છેક છૂટાછેડા સુધી પહોંચી જાય છે. આવા સમયે પતિ-પત્ની પરસ્પર સમજણ કેળવે અને એકબીજાની ખામીઓ દરગુજર કરે તો પરિણામ સારું આવે છે અને મા-બાપના કાળજે નિરાંત થાય છે' રસીકભાઈએ કહ્યું.

'રસીકભાઈની વાત પ્રત્યેક દંપતિએ વિચારવા જેવી છે. મા-બાપ પણ આજના જમાના પ્રમાણે એમના સંતાનોને જરૂર જણાયે 'સ્વતંત્રતા' આપે પણ તમે આપેલી 'સ્વતંત્રતા'થી તમારું જ બાળક સ્વચ્છંદી ના બની જાય અને ઘર, કુટુંબ કે પછી સમાજમાં કારણ વગરના પ્રશ્નો ઊભા ના કરે એનું પણ ધ્યાન રાખજો. સ્વચ્છંદી બની ગયેલા સંતાનોના અક્ષમ્ય કરતુતો આપણે અખબારના પાને અવારનવાર વાંચીએ છીએ. દીકરીના પિતા તરીકે તમારા વેવાઈ અને એમની દીકરીએ જે સમજદારીભર્યો નિર્ણય લીધો છે એનો મને આનંદ છે. એમનો આવો નિર્ણય સમાજમાં સૌ માટે અનુકરણીય છે. લગભગ તૂટવાના આરે આવી ગયેલા સાર્થક - સૃષ્ટીના દાંપત્ય જીવનને ફરી નવપલ્લવિત કરવાના તમારા પ્રયત્નોની હું સાક્ષી બની છું એનો મારા મનમાં રાજીપો છે. દીકરી સૃષ્ટી, સંસાર જીવનમાં નાના-મોટા અનેક પ્રશ્નો ઉદ્ભવતા હોય છે. એટલે આવેશમાં આવી જઈને કોઈ ઉતાવળીયો નિર્ણય લેવાય જ નહીં. પૂરેપૂરી સમજદારીપૂર્વક લીધેલો નિર્ણય સૌ માટે સારો હોય છે. હવે તો જોકે સમાજમાંથી સંયુક્ત કુટુંબ પ્રથા જ લુપ્ત થવા આવી છે. બદલાતી જતી સમાજ વ્યવસ્થામાં ઘણાંય કુટુંબોના ઘરમાં દાદા-દાદીનું સ્થાન રહ્યું જ નથી. પણ મનોવિજ્ઞાન એમ કહે છે કે જે બાળકોને ઘરમાં દાદા-દાદીનું વાત્સલ્ય મળ્યું ન હોય એમનામાં 'નેગેટીવ' વલણનો પગપેસારો જલ્દીથી થઈ જાય છે. આજના યુવાન પતિ-પત્નીને બસ એકલી સ્વતંત્રતા જ જોઈએ એટલે મા-બાપ એમની જોડે પરવડતા જ નથી. પછી ભલેને એમના બાળકોને સાચવવા પારકી મા (આયા) રાખવી પડે! નાનું બાળક પણ ઘરમાં પોતાની તરફ પૂરતું ધ્યાન અપાય એવું ઈચ્છતું હોય છે. જો એની અવગણના થાય તો એને પણ મોટી વયના લોકોની જેમ માઠું લાગે છે. હવે સંતાનોના પિતાની વય એ અરસામાં એટલી હોય છે કે એને પોતાની કમાણી કે ધંધા તરફ જ ધ્યાન આપવાનું હોય છે. ઘણીય વાર તો બહાર જતા હોય અને છોકરો 'આવજો પપ્પા...' કહે તો તેને જવાબ આપવાની ફુરસદ પણ પપ્પાને ન હોય! કારણકે પપ્પાના મનમાં નોકરી-ધંધાનું ટેન્શન જ રમતું હોય અને એના મમ્મી ઘરકામમાંથી નવરા ના હોય! આવા સમયે ઘરમાં દાદા-દાદી હોય તો નાના બાળકોની પરીસ્થિતિ એ સંભાળી લેતા હોય છે.'

'બેટા સૃષ્ટી, અહીં કહેવાયેલી બધી જ વાતો જીવનમાં ઉતારી લેવા જેવી જ છે. લગ્ન પછી તો સાસરે આવેલી પુત્રવધૂના સાચા મા-બાપ એના સાસુ-સસરા જ ગણાય. ઘરમાં આપણાં વડીલ રહેતાં હોય તો એક જાતની ઓથ રહે છે. દાદા-દાદીના કારણે તમારા સંતાનોનો ઉછેર વ્યવસ્થિત રીતે થાય છે. સાસુ-સસરાની જરૂરિયાતો આમેય ઓછી જ હોય છે. એટલે એમની સગવડતા સચવાય એની હંમેશાં તકેદારી રાખજો. પુત્ર અને પુત્રવધૂના વાત્સલ્ય અને સ્નેહભર્યા સારા વર્તાવથી માતા-પિતાને એક જાતનો હાશકારો થશે. અને એમને જીવન જીવવા જેવું લાગશે. અને એક બીજી વાત તું બરાબર ધ્યાનથી સાંભળી લે. તને તારા પીયરમાં આવવાનો અબાધિત અધિકાર છે પણ કારણ વગરના પ્રશ્નો ઊભા કરી, ઘરમાં મનસ્વી વર્તન કરીને પીયર આવીશ તો પછી અમારા ઘરના દરવાજા તારા માટે બંધ જ થઈ જશે. હા, સાર્થક અને શ્રેયા સાથે તું હરખભેર પીયર આવીશ તો અમને બધાને આનંદ થશે અને અંતરના ઉમળકાથી તમને મીઠો આવકાર આપીશું' ગંભીર બનીને વસંતભાઈ બોલ્યા.

વડીલોની આવી સમજણભરી વાતો સાંભળ્યા પછી સૃષ્ટીને એમની કહેલી વાતોનો મર્મ બરાબર સમજાઈ ગયો. એ ઊભી થઈને ચારેય વડીલોને પગે લાગી. છૂટાછેડા લેવા સુધી પહોંચી ગયેલ વાતનો આમ સુખદ અને સુમેળભર્યો ઉકેલ આવી જતાં સૌના હૈયાં સાવ હળવા બની ગયા.

*૩૨૮, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, કલીકુંડ, ધોળકા.*
*મો. ૯૦૯૯૯ ૪૧૨૪૦*

શુભેચ્છા સહ...
**કમલેશ મનુભાઈ શાહ - અમદાવાદ**
**મો. ૯૮૨૫૦ ૧૮૧૮૦**

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી દિલ્હી ગુજરાતી સમાજ દ્વારા મંગલ મિલન લગ્ન પરિચય સંમેલન

શ્રી દિલ્હી ગુજરાતી સમાજ પાછલા પાંચ મંગલ મિલન લગ્ન પરિચય સંમેલનના સફળ આયોજન બાદ ફરી એકવાર તા. ૩૧-૩-૨૦૨૪ના રોજ મંગલ મિલનનું આયોજન કરે છે. મંગલ મિલન લગ્ન પરિચય સંમેલન ભારતભરના વિવિધ ગુજરાતીઓ સાથે સંપર્ક સાધીને વિવાહ યોગ્ય યુવક-યુવતીઓને મંચ આપવાનો નમ્ર પ્રયાસ છે.

વતનથી દૂર જુદા જુદા પ્રાંતોમાં રહેતા ગુજરાતી પરિવારોમાં આપણી સંસ્કૃતિ, રહેણીકરણી ને ભાષા, શોખ અને કેળવણીને અનુકૂળ જીવનસાથી મળી રહે એ માટે દિલ્હી ગુજરાતી સમાજ પ્રયાસરત છે. આજના યુવાનો કેરિયરમાં ગોઠવાઈને પરિપક્વ થયા પછી પ્રભુતામાં પગલાં પાડવાનો વિચાર કરે છે. જેમાં તેમની પસંદગી માટે મંગલ મિલન પરિચય સહાયરૂપ થાય છે. મંગલ મિલન પરિચય સંમેલન દેશનાં વિવિધ સ્થળોએ વસતાં ગુજરાતીઓ સાથે સંપર્ક સાધીને વિવાહ યોગ્ય યુવક-યુવતીઓને મંચ આપવાનો પ્રયાસ છે. તમારા વિવાહ યોગ્ય પાત્રનું રજિસ્ટ્રેશન કરાવો. આપ આપનું રજિસ્ટ્રેશન ગૂગલ ફોર્મ ભરીને પણ કરી શકો છો.

આ પરિચય સંમેલનમાં વિવાહ યોગ્ય ગુજરાતીઓ ભાગ લઈ શકશે. આ માટેનું રજિસ્ટ્રેશન ફોર્મ સમાજની ઓફિસમાં ઉપલબ્ધ છે. આ રજિસ્ટ્રેશન ફોર્મ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી સમાજની ઓફિસમાં જમા કરાવવું ફરજિયાત છે. આ માટેની રજિસ્ટ્રેશન ફી રૂા. ૫૦૦/- છે. બહારગામથી આવવાવાળાની વ્યવસ્થા સ્વખર્ચે સમાજના અતિથિ ભવનમાં કરવામાં આવશે, પણ એની જાણ પહેલેથી કરવાની રહેશે, એમ સમાજના પ્રમુખ સચીન શાહે જણાવ્યું હતું.

આ સાથે એની લીંક આ રહી : https://forms.gle/yNDqG4G9WFbZHp1UA અથવા એ માટેનું ફોર્મ ભરીને સ્કેન કરીને અમારા ઇ-મેઇલ : delhimangalmilan@gmail.com પર મોકલી આપો.

## ઇન્સ્ટિટયૂટ ઑફ જૈનોલોજી આયોજિત જૈન કથા (વાર્તા) સ્પર્ધા

વર્તમાન સમયમાં કથાના માધ્યમથી રજૂ કરવામાં આવતી વાર્તાનો જનસમાજ પર બહોળો પ્રભાવ જોવા મળે છે. આ કથા દ્વારા વ્યક્તિને રસમય રીતે જીવનમૂલ્યોની ઝાંખી થતી હોય છે. જૈન ધર્મગ્રંથોમાં પુષ્કળ પ્રમાણમાં આવી કથાઓ મળે છે. ગુજરાતમાં શ્રી જયભિખ્ખુ, મોહનલાલ ચુ. ધામી, શ્રી રતિલાલ દેસાઈ અને સુશીલ જેવા સમર્થ લેખકોએ એક સમયે મહત્ત્વનું સંસ્કાર સિંચનનું કામ કર્યું હતું. આજે શ્રાવક-શ્રાવિકા, સાધુ મહાત્માની કથા મેગેઝીનમાં અને પુસ્તકરૂપે મળે છે. આજના યુગના યુવાનો અને બાળકોને અનુલક્ષીને જૈન કથાઓનું પ્રવાહી રસપ્રદ અને આજના વાતાવરણને અનુરૂપ આ કથાઓનું પુનઃ આલેખન થાય તે જરૂરી છે અને તેથી ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી દ્વારા જૈન કથા (વાર્તા સ્વરૂપ) યોજવાનું નક્કી કર્યું છે. આમાં પૂજ્ય સાધુ, સાધ્વીઓ તેમજ શ્રાવક-શ્રાવિકાઓ ભાગ લઈ શકશે.

- **નિયમો :**

૧. ગુજરાતી / હિંદી / અંગ્રેજી ભાષામાં જૈન કથાઓ લખી શકાશે.

૨. સ્પર્ધામાં ભાગ લેનારે અપ્રગટ મૌલીક રીતે લખાયેલી કથા લખવી. અગાઉની કથાની નકલ કરવી નહીં.

૩. ફૂલસ્કેપ સાઇઝના કાગળ ઉપર એક બાજુ સુવાચ્ય અક્ષરે અથવા ટાઈપ કરીને (યુનિકોડ ફોન્ટ)માં મોકલી આપવી.

૪. ૮૦થી ૧૨૦ પૃષ્ઠની મર્યાદામાં આ કથા લખવાની રહેશે.

૫. વાર્તા પૂરી થયા પછી જુદા પાના ઉપર સ્પર્ધકે પોતાનું નામ-સરનામું-મોબાઈલ નંબર ઇ-મેઇલ લખવો. લખેલી વાર્તા પરત નહીં થાય. માટે એની ઝેરોક્સ સ્પર્ધકે પોતાની પાસે રાખી લેવી.

૬. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવનારને રૂા. ૧૦,૦૦૦/-, દ્વિતીય ક્રમે આવનારને રૂા. ૭,૦૦૦/- અને તૃતીય ક્રમે આવનાર વાર્તાને રૂા. ૩,૦૦૦/-નું પારિતોષિક આપવામાં આવશે. આ ઉપરાંત રૂા. ૧,૦૦૦/-ના પાંચ પારિતોષિક અપાશે.

૭. નિર્ણાયકોનો મત આખરી ગણાશે અને તેમનો નિર્ણય સર્વને બંધનકર્તા રહેશે.

૮. વાર્તા મોડામાં મોડી તા. ૧ મે, ૨૦૨૪ સુધીમાં મોકલવી. એ પછીની વાર્તાઓ સ્વીકારી શકાશે નહીં.

૯. *વાર્તા મોકલવાનું સરનામું :*
જૈન કથા (વાર્તા) સ્પર્ધા, ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી,

બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાછળ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨
*અથવા*
ઈ-મેઈલ : instituteofjainology@gmail.com ઉપર PDF કરીને મોકલશો.

## પ્રાગપર એન્કરવાલા અહિંસાધામ ખાતે ગોવિજ્ઞાન ઉપર સંશોધન પત્ર કાર્યશાળા યોજાઈ

જીવદયા અને પર્યાવરણ ઉપર ખૂબ જ વિશેષ કાર્ય કરતી સંસ્થા એટલે ભગવાન મહાવીર પશુરક્ષા કેન્દ્ર - એન્કરવાલા અહિંસાધામ છેલ્લા ૩૩ વર્ષથી ખૂબ ઉમદા કામ કરે છે, જેમાં આજની યુવા પેઢી હંમેશાં ગાયને કેન્દ્રમાં રાખી પોતાની જીવનશૈલી અપનાવે એ હેતુથી હંમેશાં અલગ અલગ પ્રશિક્ષણ આપવામાં આવે છે. આજ સુધી હજારો બાળકોએ સંસ્થાની મુલાકાત લીધી હશે અને દરરોજ અલગ અલગ સંસ્થાના બાળકો હંમેશાં સંસ્થાની મુલાકાતે આવે છે.

સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ સંગોઈ હંમેશાને માટે જણાવે છે કે દર વર્ષે વધારેમાં વધારે જીવદયા અને પર્યાવરણ ક્ષેત્રે યુવાનો જોડાય અને તૈયાર થાય. જેમાં આજે તુલસી પૂજનના જાહેર રજાના દિવસે વિદ્યા ભારતીના આચાર્યો સાથે યુનિવર્સિટી કોલેજના અને ૧૪ ગામ શહેરના મળીને ૩૩ શોધ છાત્રોએ સંશોધન પત્ર લેખનને વાંચન કૌશલ્ય ખીલવતી એક દિવસીય કાર્યશાળા ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર, એન્કરવાલા અહિંસાધામ - પ્રાગપર મુંદ્રા ખાતે યોજાઈ ગઈ હતી.

સરસ્વતી વંદના, દીપ પ્રાગટ્ય બાદ સંસ્થાના જનસંપર્ક અધિકારી શ્રી ગિરીશભાઈ નાગડાએ મીઠડો આવકાર આપીને સંશોધનો વ્યવહારુ અને ઉપયોગી બને એવું દિશાસૂચન કર્યું હતું. તો પ્રમુખશ્રી હરેશભાઈ વોરાએ મુંબઈથી ઓનલાઈન ગોષ્ઠિ સંવાદ કરી શોધ છાત્રોને સંવેદનશીલ બની ગોવિજ્ઞાન ને સમજવા અને સમજાવવા માટે સતત કાર્યરત રહેવાનું પ્રેરણાદાયી આહવાન કર્યું હતું.

કચ્છ યુનિવર્સિટીના કર્મયોગી ડૉ. અતુલભાઈ કનૈયાએ ખૂબ જ હળવી શૈલીમાં સંશોધન જેવા ભારેખમ વિષયને સહજ રીતે સમજાવતા કહ્યું કે ભારતીય જ્ઞાન વારસાને ભારતીય શબ્દાવલીમાં સમજીને ગોવિજ્ઞાનને લોકભોગ્ય બનાવવા આવા વ્યવહારુ સંશોધનો ખૂબ ઉપયોગી થશે એમ કહી શોધપત્રના વાંચન અંગે સાવધાની અંગે વાત કરી હતી.

શોધ તજજ્ઞ ડૉ. દિનેશભાઈ પટેલે PPT થી સંશોધન પત્ર લેખન માળખુ સમજાવીને સંશોધન પત્રોના પ્રકારની વિગતે વાતો કરી ભારતીય સંસ્કૃતિ અને ગાય અંગેના આંતરરાષ્ટ્રીય સેમિનારની વાતો કરી હતી.

તાજેતરમાં જ ઉ.પ્ર.માં વૈદિક ગણિત અને આધ્યાત્મિક્તા ઉપર શોધપત્ર રજૂ કરી રાષ્ટ્રીય શોધપત્ર વાંચન પ્રતિયોગીતામાં બીજુ સ્થાન મેળવનારા ગાંધીધામ સહયોગ વિદ્યા મંદિરના આચાર્ય ચેતનાબેન ટાંકે તેમનું શોધ આ કાર્યશાળામાં રજૂ કરી શોધ છાત્રોનો ઉત્સાહ વધાર્યો હતો.

સંસ્થાના કર્મઠ કાર્યકર્તા શ્રી મધુભાઈ ભાદરકાએ સંસ્થાની જીવંત મુલાકાત કરાવી કચ્છના ઈનોવેટીવ શોધછાત્ર માટે એક યાદગાર સંભારણું બનાવ્યું હતું.

નંદી સરોવર ખાતે એક દિવસીય કાર્યશાળાનું સમાપન કરતાં સંયોજક અને વિદ્યા ભારતીના પ્રાંતીય ઉપાધ્યક્ષ ડૉ. કેશુભાઈ મોરસાણિયાએ વિદ્યા ભારતીનો પરિચય આપીને નવોદિત સંશોધકોને જીજ્ઞાસા, અવલોકન, પ્રયોગશીલતા સાથે પરીશ્રમ જેવા ગુણો ધારણ કરીને સમાજ ઉપયોગી સંશોધન પત્રો લખવાનું પ્રેરક આહવાન કર્યું હતું. સૌ શોધ છાત્રોએ એક સૂરમાં આનંદ વ્યક્ત કરી આયોજન અને આયોજકોને અઢળક અભિનંદન આપી આભાર વ્યક્ત કર્યો હતો. રાહુલભાઈ સાવલા, વિનોદભાઈ પીઠડિયા, પ્રકાશભાઈ સહિત અહિંસાધામની ઉર્જાવાન ટીમના સહયોગથી કાર્યશાળા સંપન્ન થઈ હતી. ■

## આધુનિક સંવેદનનું ગીત

મેં તો ગૂગલનું વસાવ્યું છે ગામ,
મારે મન તો એ જ તીરથધામ.
URL જેટલું જ મળતું આકાશ અને ઉડવાનું થાય છે અપાર
કોઈ પણ ક્વેરી જો તમને થાય તો એનો છે ડોટકોમ સાર.
એક જ છે ડ્રાઈવ એના કેટલાય પાડું હું નામ... મેં તો...
નાનકડી સ્ક્રીન પર કીબોર્ડની સાથે આખો ઈતિહાસ હવે વાંચ
સંતાકૂકડીની જ્યાં પ્રોફાઈલ રાખીને ગમ્મે ત્યાં મૂકવાનું ખાસ
આગળીના સથવારે સઘળી લાગણીઓ પામ... મેં તો...
ઈટ્ટા ને બુચ્ચાની છોડ હવે વાત યાર Request Cancel પણ થાય
અણગમતી વાતુ જો કરતું પણ હોય એને પળમાં Unfriend કરાય
નાનકડા એ.સી.ના ઓરડામાં બેસીને કરવાનું એ જ કામ...

*તરૂણ મહેતા - મહુવા, જિ. ભાવનગર*
*મો. ૯૭૩૭૬ ૧૭૦૪૫*

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૧૦

સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી (ગાંધીધામ - અમદાવાદ)
(સમાજના ભૂતપૂર્વ મંત્રી તથા 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

★ **આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. પ્રજાસત્તાક દિન તા. ૨૬-૦૧ના ભવનના પટાંગણમાં ધ્વજવંદન ________ના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ.
(શ્રી વિલાસ શંકરલાલ બાવીસ્કર, સંસ્થાના પ્રમુખ, રજનીકાંત પારેખ)

૨. અત્યારે દેશમાં કયો મહોત્સવ ચાલી રહ્યો છે? ________
(આઝાદ હિંદ ફોજ, આઝાદીનો અમૃત મહોત્સવ, પ્રજાસત્તાક દિન)

૩. યુરોપમાં દ્વિતીય વિશ્વયુધ્ધ ________માં થયું હતું.
(જૂન ૧૯૪૦માં, સપ્ટેમ્બર ૧૯૩૯, જાન્યુઆરી ૧૯૪૪)

૪. છેલ્લા ૨૨ વર્ષથી અવિરતપણે સેવા આપનાર ડૉ. ________
(ડૉ. ચંદ્રકાંત દેઢિયા, ડૉ. મનુભાઈ શાહ, ડૉ. હિમાંશુ શાહ)

૫. ચાંગોદર મેડિકલ સેન્ટરના પી.આર.ઓ.નું નામ ________ છે.
(શ્રી પ્રતીક વ્યાસ, શ્રી સુધીર નાણાવટી, શ્રી દેવાંગભાઈ)

૬. શ્રી કચ્છી જૈન ભવન - પાલડીનું ઉદ્ઘાટન ________ ના રોજ કરવામાં આવેલ હતું.
(૨૪ જાન્યુઆરી ૧૯૯૪, ૨૬ જાન્યુઆરી ૧૯૯૭, ૨૬ જાન્યુઆરી ૧૯૯૯)

૭. સુરત ડાયમંડ બુર્સનું ઉદ્ઘાટન ________ એ કરેલ હતું. (શ્રી નરેન્દ્ર મોદી, શ્રી ભૂપેન્દ્ર પટેલ, શ્રી વિજય રૂપાણી)

૮. પાલડી મેડિકલ સેન્ટરમાં નવેમ્બર-૨૦૨૩ માસ દરમિયાન મેડિકલ સેન્ટરનો લાભ લેનાર કુલ વ્યક્તિઓ : ________
(૭૬૬૩, ૮૦૬૩, ૪૪૧૫)

૯. બૃહદ્ અમદાવાદમાં વસતા સમસ્ત કચ્છી જૈન પરિવારનું વસતીપત્રક છેલ્લે ________ વર્ષમાં પ્રગટ કરવામાં આવેલ હતું.
(૨૦૨૦, ૨૦૧૨, ૨૦૧૪)

૧૦. મધમાખીને ________ પગ અને ________ પાંખો હોય છે. (૬, ૪, ૮, ૧૦)

## • મણકા–૯ ના સવાલોના સાચા જવાબો •

૧. પ્રથમ નંબરનો શ્રેષ્ઠ પશુપાલક – રાજ્યકક્ષાનો ઍવોર્ડ ***શ્રી પરેશભાઈ દેઢિયા*** ને પ્રાપ્ત થયો હતો.

૨. શ્રી સરખેજ તીર્થમાં મૂળનાયક તરીકે ***વાસુપૂજ્ય સ્વામી*** ભગવાન છે.

૩. પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં ડેન્ટલ વિભાગમાં OPG મશીનનું ઉદ્‌ઘાટન ***તા. ૨૫-૧૧-૨૦૨૩*** ના રોજ કરવામાં આવેલ.

૪. પાલડીના મેડિકલ સેન્ટરમાં પૂ. સાધુ-સાધ્વીજીના વૈયાવચ્ચ (સારવાર) માટે શ્રી પૃથ્વીભાઈ શાહ તરફથી ***રૂા. ૫૧,૦૦૦/-*** નું દાન પ્રાપ્ત થયું છે.

૫. અમેરિકામાં મેડિકલનો અભ્યાસ પૂર્ણ કરતાં *૮* વર્ષ લાગે છે. જેમાં *૪* વર્ષ સ્નાતક થવામાં અને *૪* વર્ષ મેડિસીનમાં લાગે છે. (૧૦, ૮, ૫, ૫, ૪, ૪)

૬. રાવ સાહેબનો હોદ્દો ધરાવનાર પ્રથમ કચ્છી ***શ્રી તેજુ કાયા*** હતા.

૭. હિંદી - ગુજરાતી ચલચિત્રોમાં અદા કરનાર કચ્છી શ્રી ચાંપશીભાઈ નાગડા કચ્છ ***રાપર ગઢવારી*** ગામના વતની હતા. તેમનું અવસાન ઈ.સ. ***૨૦૦૨*** માં થયું હતું.

૮. 'મંગલ મંદિર'માં દેશ વિદેશની કોલમ (સમાચાર) આપનારનું કામ કોણ કરે છે? ***: ચૌલા કુરૂવા***

૯. ઓક્ટોબર માસમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર - ગીતામંદિર મેડિકલ સેન્ટરમાં *૮૬* વ્યક્તિઓએ લાભ લીધો હતો.

૧૦. વર્ષ ૧૯૮૯, ૯૦, ૯૧ના વર્ષમાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી કોણ હતા? ***ડૉ. ચંદ્રકાંત દેઢિયા***

***મણકા-૯ (મંગલ મંદિર જાન્યુઆરી-૨૦૨૪ અંકમાં પૂછાયેલા પ્રશ્નોના) સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. વસંત 'કચ્છ કેસરી'
૨. રોનકબેન આઈ. શેખ
૩. નવનીત ત્રિકમલાલ પટેલ
૪. કાજલબેન વાઘેલા / કુસુમબેન ગોહેલ
૫. મહેન્દ્ર ડી. પૂજ
૬. ફાલ્ગુની ડી. શાહ (ડુંગાણી)
૭. મીનાક્ષી પારેખ
૮. હસમુખ દામજી દેઢિયા
૯. અંજુ અનિલભાઈ મહેતા
૧૦. જ્યોતિ એલ. શાહ
૧૧. ધીરલ અશોક શાહ
૧૨. સ્મિતા શાહ

*ઉપરોક્ત ૧૨ નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.*

**૧. નવનીત ત્રિકમલાલ પટેલ**
**૨. કાજલબેન વાઘેલા / કુસુમબેન ગોહેલ**
**૩. મહેન્દ્ર ડી. પૂજ**
**૪. અંજુ અનિલભાઈ મહેતા**
**૫. સ્મિતા શાહ**

*આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.*

★ **નોંધ :** (૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે.

*ગુસ્સો અને વાવાઝોડું બંને સરખા હોય છે. શાંત થયા પછી ખબર પડે કે કેટલું નુકસાન થયું.*

## NanoNine® શબ્દ રમત-૨૦૩

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ૨ | | ■ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ૭ | ■ |
| ૮ | | | ■ | ૯ | | | | ■ | ૧૦ | | ૧૧ |
| ૧૨ | | ■ | ૧૩ | ■ | ૧૪ | | ■ | ૧૫ | ■ | ૧૬ | |
| | ■ | ૧૭ | | | ■ | ■ | ૧૮ | | ૧૯ | ■ | |
| ૨૦ | ૨૧ | | | ■ | ૨૨ | | ■ | ■ | ૨૩ | ૨૪ | |
| ■ | ૨૫ | | ■ | ૨૬ | ■ | ■ | ૨૭ | ■ | ■ | ૨૮ | |
| ૨૯ | | ■ | ૩૦ | | ૩૧ | ૩૨ | ■ | ૩૩ | | ■ | ■ |
| | ■ | ■ | ૩૪ | | | | | | ■ | ૩૫ | ૩૬ |
| ૩૭ | ૩૮ | ૩૯ | | ■ | ૪૦ | | ■ | ૪૧ | ૪૨ | | |
| ૪૩ | | | ■ | ૪૪ | | | ■ | ૪૫ | | ■ | |
| | ■ | ૪૬ | | | ■ | ■ | ૪૭ | | ■ | ૪૮ | ■ |
| ■ | ૪૯ | ■ | ■ | ૫૦ | | | | ■ | ૫૧ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૨૯-૦૨-૨૦૨૪ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. ભાર (૩)
૩. કેરી (૨)
૫. પાછું આપવું તે (૩)
૮. અર્જ, વિનંતી, નિવેદન (૩)
૯. સવડ, સગવડ, અનુકૂળતા (૪)
૧૦. દુ:ખ, પીડા (૩)
૧૨. જીભથી માલુમ પડતો સ્વાદ (૨)
૧૪. _____ ખાના, ગમ ખાના, નમ જાના (૨)
૧૬. તરડ, ફાંટ (૨)
૧૭. ઈચ્છા, ખુશી (૩)
૧૮. ફુલ (૩)
૨૦. _____ કી દુનિયા કો છોડ દે, પ્યાર કી દુનિયા મેં (૪)
૨૨. લાભ, કમાણી, ફાયદો (૨)
૨૩. સમુદાય, મંડળી, સભા (૩)
૨૫. જે રીતે, દાખલા તરીકે (૨)
૨૭. નકાર, નિષેધ (૧)
૨૮. પળ, ક્ષણ, ઘડીનો આઠમો ભાગ (૨)
૨૯. પતિવ્રતા (૨)
૩૦. વ્યાયામ, અભ્યાસ (૪)
૩૩. ઘસાઈ ગયેલું, સુકાયેલું, નબળું (૨)
૩૪. સર્જનહાર, ઉત્પત્તિકર્તા, વિભુ (૬)
૩૫. રામની પત્ની (૨)
૩૭. દક્ષિણ ભારતનું એક તીર્થધામ (૪)
૪૦. નિયમ, નેમ (૨)
૪૧. દક્ષિણ ગુજરાતમાં આવેલું ગિરિમથક (૪)
૪૩. એક માદક પદાર્થ, ચડસ (૩)
૪૪. ઉત્સવ, જલસો, હર્ષ (ફા) (૩)
૪૫. સમુદાય, જથ્થો, ગાછ (૨)
૪૬. નાચ, નૃત્ય (૩)
૪૭. પરોણી, કાંજી, આહાર (લોઢાની) અણી (૨)
૪૯. ચોથા ભાગનું, બાજુ (૧)
૫૦. સુંદર, મનોહર, ચાહવા, ઈચ્છવા યોગ્ય (૪)
૫૧. દરકાર, ગરજ (૩)

### ઊભી ચાવીઓ

૧. બાર મહિનાનો સમય (૩)
૨. ન્યાયાધીશ (૨)
૩. કમાણી, આવવું તે (૩)
૪. ગુમડા પર લગાડાતો પદાર્થ (૩)
૬. નકામું, બાતલ કરેલું (૨)
૭. એકદમ, ઝટ (૩)
૮. અભિલાષા, ઉમેદ (૪)
૧૧. કોઈપણ જગ્યાએ અટક્યા વગરની મજલ (૫)
૧૩. કરાર, હોડ (૩)
૧૫. સીતાના પતિ (૨)
૧૭. મર્મ, રહસ્ય, ભેદ (૩)
૧૯. રગ, રસવાહિની, રેસો (૨)
૨૧. ભવાડો, બદનામી, અપકીર્તિ (૩)
૨૪. ગજુ, લંબાઈ પહોળાઈ વગેરેનું પ્રમાણ (૨)
૨૬. વસ્તુની છાપ, પરિણામ, લાગણી (૩)
૨૯. સ્થાવર, જંગમ બધું સર્વત્ર (૫)
૩૦. ઘટ, ખોટ, નુકસાન (૩)
૩૧. ચંદ્ર (૪)
૩૨. _____ ધનથી સેવા કરો (૪)
૩૩. દૂધનો સમુદ્ર (પુરાણ પ્રસિધ્ધ) (૫)
૩૪. સરોવર, જીતાયેલું, આધીન (૨)
૩૫. રામની પત્ની (૨)
૩૬. ખેદાનમેદાન, જમીનદોસ્ત (૩)
૩૮. શિરોમણિ, મુગટ, બાજુ, દિશા (૨)
૩૯. શ્વાસ લેવો તે, પવન (૩)
૪૧. સમુદ્ર, દરિયો (૩)
૪૨. પૂંછડી (૨)
૪૩. ચંચળ, અસ્થિર, ફરતું, જાસુસ (૨)
૪૪. સીતાના પિતા (૩)
૪૫. ઝેરી અઘાર, ગલ (૨)
૪૭. આવરદા, આયુષ્ય (૨)
૪૮. સરોવર, તાબે, આધીન, જીતાયેલું (૨)

*જગતને થોડાં વીર સ્ત્રી-પુરુષોની જરૂર છે. એવી વીરતાનું આચરણ કરો, જે 'સત્ય'ને જાણવાનું સાહસ કરે, જીવનમાં તેને પ્રગટ કરવાની હિંમત દાખવે, જે મૃત્યુ સમક્ષ થરથર ધ્રૂજે નહીં, પણ તેનું અભિવાદન કરે અને મનુષ્યને પ્રતીતિ કરાવે કે એ પોતે અમર આત્મા છે અને સમગ્ર બ્રહ્માંડમાં કોઈ તેને હણી શકે નહીં, ત્યારે તમે મુક્ત થશો.*

*– સ્વામી વિવેકાનંદ*

*સૌજન્ય : 'શક્તિદાયી વિચાર'*

## NanoNine શબ્દ રમત-૨૦૨નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હા | લ | ર | ડું | ■ | બા | ચ | કો | ■ | બો | ડ | ■ |
| જ | ખ | મ | ■ | જ | જ | ■ | થ | ડો | ■ | ગ | મ |
| રી | ■ | ત | ર | કા | રી | ■ | મી | ■ | ન | ર | ક |
| પ | લં | ગ | ■ | ત | ■ | ત | ર | જુ | મો | ■ | ર |
| ત્ર | ■ | મ | ન | ■ | ર | મા | ■ | ગા | ■ | સ | ■ |
| ક | ર | ત | બ | ■ | જ | લ | ■ | ર | વિ | વા | ર |
| ■ | શિ | ■ | ળા | ■ | ની | પ | જ | ■ | વા | લ | ■ |
| પિ | ત | રા | ઇ | ■ | ■ | ત્ર | ણ | ■ | હ | ■ | દ્વિ |
| ક | ■ | મ | ■ | ન | ર | ■ | સ | જા | ■ | ■ | ■ |
| ચ | ચ | રા | ટ | ■ | સો | ય | ■ | મ | હા | વી | ર |
| ર | ■ | જ | પ | તી | ■ | મુ | સા | ફ | ર | ■ | જ |
| ■ | ત્રિ | | કું | તી | ■ | ના | ■ | ળ | ■ | રા | ની |

*ડિસેમ્બર-૨૦૨૩ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૦૧ના*
*બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. જીતેન્દ્ર શાહ – અમદાવાદ
૨. દમયંતી દંડ – અમદાવાદ
૩. સરલા શાહ – અમદાવાદ
૪. કલ્પના શાહ – અમદાવાદ
૫. ચંદ્રા શાહ – અમદાવાદ
૬. સ્મિતા શાહ – અમદાવાદ
૭. કલ્પના સંઘવી – અમદાવાદ
૮. જ્યોતિ ગડા – અમદાવાદ
૯. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૦. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૧૧. મિત્તલ – અમદાવાદ
૧૨. રાજકુમારી શાહ – અમદાવાદ
૧૩. યેશા મહેતા – અમદાવાદ
૧૪. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૧૫. મીનાબેન ખરીદીયા – અમદાવાદ
૧૬. મહેન્દ્ર પુજ – અમદાવાદ
૧૭. મુકેશ મૈશેરી – અમદાવાદ
૧૮. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૧૯. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૨૦. પ્રવીણ દંડ – અમદાવાદ
૨૧. નયના ગોગરી – અમદાવાદ
૨૨. દક્ષા શાહ – અમદાવાદ
૨૩. હસમુખ દેઢિયા – અડાલજ
૨૪. ફાલ્ગુની શાહ – આદિપુર
૨૫. કંચનબેન મોરબીયા – ભુજ
૨૬. મણિલાલ રૂદાણી – પોરબંદર
૨૭. પ્રભા શેઢિયા – વલસાડ
૨૮. નવલ નીસર – સુરત

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**નવલ નીસર – સુરત**

# આંજો કાગર

### શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ

શ્રી જૂની સુંદરપુરી પ્રાથમિક શાળા - ગાંધીધામ, કચ્છ – આ સરકારી શાળાના બાળકોને તા. ૨૮-૧૨ અને તા. ૨૯-૧૨ના અમદાવાદના પ્રવાસે લાવવાનું થયું. જેમાં આપની સંસ્થાના શાહીબાગ ખાતેના શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર રાત્રિ રોકાણ અને નાસ્તો તથા ભોજનની વ્યવસ્થાનો લાભ લીધો. રોકાણ માટે ખૂબ જ સુંદર, સ્વચ્છ, સુઘડ વ્યવસ્થા પ્રાપ્ત થઈ. તેમજ ભોજન/નાસ્તો પણ શુધ્ધ અને આરોગ્યપ્રદ પ્રાપ્ત થયો તે બદલ હૃદયથી આભાર વ્યક્ત કરીએ છીએ. સર્વે કર્મચારીઓનો સહકાર પણ અભૂતપૂર્વ છે. કચ્છી દાતાઓના સહયોગથી ચાલતી આ સંસ્થા કચ્છ તેમજ અન્ય સર્વે માટે આશિર્વાદ સ્વરૂપ છે. ઉત્તરોત્તર પ્રગતિ થાય એ જ અભ્યર્થના સહ આભાર...

***હિરેનભાઈ પંચાલ • મો. ૯૪૨૬૯ ૦૩૫૩૦***
***પ્રધાનાચાર્યશ્રી, જૂની સુંદરપુરી પ્રા.શાળા - ગાંધીધામ***

### શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ

હું ગોસ્વામિ રાજેશ્વરી – વિઝીટીંગ લેક્ચરર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - ભુજથી ૩૦ તાલીમાર્થીઓ અને બે અધ્યાપકો – અમે કલાકુંજ મહોત્સવ માટે આવ્યા હતા. જ્યાં અમે અમદાવાદ ખાતે શાહીબાગ સ્થિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં રહેવાની વ્યવસ્થા કરેલ હતી. અહીંની સુવિધાઓ, સફાઈ અને સ્ટાફ સભ્યોનો વ્યવહાર – દરેક બાબત ખૂબ જ સારી હતી અને અમને ખૂબ મજા આવી. અમે ભવિષ્યમાં પણ અવસર મળશે તો ચોક્કસ ફરી પધારીશું.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - ભુજ પરિવાર વતી આભાર.

***ગોસ્વામિ રાજેશ્વરી • મો. ૮૨૩૮૨ ૦૩૪૯૫***

## NanoNine® Sudoku

**ડિસેમ્બર-૨૦૨૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૫૯ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. નયના કારાણી – અમદાવાદ
૨. સ્મિતા શાહ – અમદાવાદ
૩. ચંદ્રા શાહ – અમદાવાદ
૪. જીયા સંઘવી – અમદાવાદ
૫. જ્યોતિ શાહ – અમદાવાદ
૬. જ્યોતિ ગડા – અમદાવાદ
૭. અક્ષય વીરા – અમદાવાદ
૮. યેશા મહેતા – અમદાવાદ
૯. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૧૦. મીનાબેન ખરીદીયા – અમદાવાદ
૧૧. મિતેશ દેઢિયા – અમદાવાદ
૧૨. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૧૩. ખુશી જૈન – અમદાવાદ
૧૪. નેહલ મહેતા – અમદાવાદ
૧૫. અરિહા કોઠારી – અમદાવાદ
૧૬. માનસી શાહ – અમદાવાદ
૧૭. મહેન્દ્ર પુજ – અમદાવાદ
૧૮. બીનોય ગોગરી – અમદાવાદ
૧૯. નયના ગોગરી – અમદાવાદ
૨૦. પંકજ જૈન – અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

૧. મિતેશ દેઢિયા – અમદાવાદ

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૬૧અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૯-૦૨-૨૦૨૪ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૧૬૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | 7 | | | | | 5 | 3 |
| | | | 5 | 4 | | 1 | 6 | |
| 2 | | 6 | | 3 | 1 | | 7 | 4 |
| 7 | | 5 | | | 3 | | 4 | 6 |
| 3 | | 9 | 6 | 8 | 4 | 5 | | 7 |
| | 6 | | 7 | | | | | 9 |
| 6 | 7 | | | 1 | | 4 | | 5 |
| | 4 | 1 | | 7 | 5 | | | |
| 5 | 3 | | | | | 7 | | 1 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | | | | | 3 | | 8 | 7 |
| 8 | 3 | 2 | | | 5 | 1 | | |
| | | | | 1 | 6 | | 3 | |
| 5 | | 6 | 3 | 9 | | 7 | 1 | |
| | 7 | | 6 | | 1 | | 4 | |
| | 1 | 8 | | 5 | 4 | 3 | | 6 |
| | 6 | 5 | 1 | 3 | | 8 | | |
| | 2 | | | | | 6 | 7 | 1 |
| 1 | 8 | | 2 | | 7 | | | 3 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 5 | | 2 | 8 | | 1 | | 6 |
| | 2 | 7 | 1 | | 6 | | 8 | |
| | 8 | | | 7 | | 4 | | 3 |
| 5 | | 8 | 4 | 2 | | | | 1 |
| | | 4 | 3 | | 1 | 8 | | |
| | | 1 | | 5 | 8 | 7 | | 4 |
| 9 | | | | 6 | | | 1 | 7 |
| | 6 | 5 | 9 | | 2 | | 4 | |
| 8 | | | 7 | | 4 | 5 | 6 | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 5 | 2 | 9 | 1 |
| 4 | | | 6 | 9 | | 8 | | |
| | 9 | 5 | 3 | | 1 | | 6 | |
| | 1 | | | 5 | | 9 | | 2 |
| | 4 | | 1 | 6 | 2 | | 8 | |
| 5 | | 2 | | 8 | | | 1 | |
| | 8 | | 5 | | 9 | 6 | 7 | |
| | | 4 | | 3 | 6 | | | |
| 1 | 5 | 6 | 4 | | | 3 | 2 | 9 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૫૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 9 | 7 | 8 | 5 | 4 | 6 | 1 | 2 |
| 8 | 5 | 1 | 6 | 7 | 2 | 3 | 9 | 4 |
| 2 | 4 | 6 | 3 | 1 | 9 | 8 | 5 | 7 |
| 5 | 6 | 3 | 2 | 4 | 1 | 7 | 8 | 9 |
| 4 | 1 | 2 | 9 | 8 | 7 | 5 | 3 | 6 |
| 9 | 7 | 8 | 5 | 3 | 6 | 2 | 4 | 1 |
| 1 | 8 | 9 | 7 | 2 | 5 | 4 | 6 | 3 |
| 7 | 3 | 4 | 1 | 6 | 8 | 9 | 2 | 5 |
| 6 | 2 | 5 | 4 | 9 | 3 | 1 | 7 | 8 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 3 | 9 | 1 | 2 | 8 | 6 | 7 | 5 |
| 8 | 1 | 6 | 7 | 5 | 3 | 2 | 4 | 9 |
| 7 | 5 | 2 | 9 | 4 | 6 | 3 | 8 | 1 |
| 2 | 9 | 5 | 8 | 3 | 1 | 7 | 6 | 4 |
| 1 | 7 | 8 | 4 | 6 | 2 | 9 | 5 | 3 |
| 3 | 6 | 4 | 5 | 9 | 7 | 1 | 2 | 8 |
| 9 | 4 | 1 | 6 | 7 | 5 | 8 | 3 | 2 |
| 5 | 2 | 7 | 3 | 8 | 9 | 4 | 1 | 6 |
| 6 | 8 | 3 | 2 | 1 | 4 | 5 | 9 | 7 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 6 | 9 | 1 | 3 | 7 | 2 | 8 | 4 |
| 2 | 4 | 7 | 6 | 8 | 9 | 5 | 3 | 1 |
| 8 | 1 | 3 | 2 | 5 | 4 | 7 | 9 | 6 |
| 7 | 2 | 6 | 8 | 1 | 5 | 3 | 4 | 9 |
| 1 | 5 | 8 | 9 | 4 | 3 | 6 | 7 | 2 |
| 3 | 9 | 4 | 7 | 6 | 2 | 8 | 1 | 5 |
| 4 | 7 | 5 | 3 | 9 | 6 | 1 | 2 | 8 |
| 6 | 3 | 1 | 4 | 2 | 8 | 9 | 5 | 7 |
| 9 | 8 | 2 | 5 | 7 | 1 | 4 | 6 | 3 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 2 | 3 | 6 | 5 | 9 | 8 | 1 | 4 |
| 4 | 9 | 6 | 1 | 8 | 3 | 5 | 7 | 2 |
| 1 | 5 | 8 | 2 | 7 | 4 | 3 | 6 | 9 |
| 2 | 8 | 1 | 5 | 6 | 7 | 9 | 4 | 3 |
| 3 | 7 | 9 | 8 | 4 | 1 | 6 | 2 | 5 |
| 6 | 4 | 5 | 3 | 9 | 2 | 1 | 8 | 7 |
| 5 | 3 | 2 | 7 | 1 | 6 | 4 | 9 | 8 |
| 8 | 1 | 4 | 9 | 2 | 5 | 7 | 3 | 6 |
| 9 | 6 | 7 | 4 | 3 | 8 | 2 | 5 | 1 |

Nano 9® kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# દેશ-વિદેશ....



ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

### આ મહિનાથી CAA લાગુ થશે

કેન્દ્ર સરકારે ૨૦૨૪માં પોતાના પહેલા મોટા પગલા તરીકે નાગરિકતા સુધારા કાયદો (CAA) લાગુ કરવાનો નિર્ણય કર્યો છે. ગૃહ મંત્રાલયના ટોચનાં સૂત્રો અનુસાર આ કાયદાના નિયમ - કાયદાને આ જ મહિને ૨૬ જાન્યુઆરીથી પહેલા જ જાહેર કરી દેવામાં આવશે.

કેન્દ્રનો આ નિર્ણય બાંગ્લાદેશથી આવેલા એ હિંદુ શરણાર્થીઓ માટે આશાનું કિરણ લઈને આવશે, જેઓ ડિસેમ્બર ૨૦૧૯માં CAA બીલ પાસ થયા બાદથી તેના લાગુ થવાની પ્રતીક્ષા કરી રહ્યા છે. સાથે જ પાકિસ્તાનથી હેરાન થઈને આવેલા તે હિંદુ-શીખ શરણાર્થીઓને પણ નાગરિકતાથી જોડાયેલી મુશ્કેલીઓમાંથી છુટકારો મળશે. જેઓ નાગરિકતાના અભાવમાં પાકિસ્તાની હાઈ કમિશન દ્વારા દર વર્ષે હેરાનગતિનો શિકાર બની રહ્યા છે. આંકડાઓ અનુસાર, ૨૦૧૪ સુધી પાકિસ્તાન-અફઘાનિસ્તાનમાંથી ૩૨ હજાર લોકો ભારત આવ્યા છે.

CAA હેઠળ ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ પહેલા પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશથી ધાર્મિક આધાર પર અત્યાચાર ગુજાર્યા બાદ ભારતમાં આવેલા હિંદુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તી સમુદાયના લોકોને નાગરિકતા આપવામાં આવશે. આ ત્રણ દેશોના લોકો જ નાગરિકતા માટે અરજી કરવાપાત્ર હશે. અન્ય દેશોના લઘુમતી સમુદાયના લોકોને CAA નો લાભ નહીં મળે.

### રાજ્યમાં ૩૮૦ હેરિટેજ સ્કૂલ

#### ૧૦૦થી ૧૫૦ વર્ષ જૂની સ્કૂલોમાંથી ૩૦ ટકા રીનોવેટ કરાશે.

સરકાર ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી ગુજરાતની જૂની શાળાઓને તેના માળખામાં ફેરફાર કર્યા વગર વિકસાવવાની તૈયારી કરી રહી છે. એટલે રાજ્યમાં આવેલી ૧૦૦થી ૧૫૦ જૂની હેરિટેજ શાળાના વિકાસ માટે બજેટમાં નાણાંની જાહેરાત થશે.

ગુજરાતમાં ૩૮૦ શાળાઓ એવી છે કે જેને હેરિટેજનો દરજ્જો મળ્યો છે. એટલે કે આ શાળાઓ ૧૦૦થી ૧૫૦ વર્ષ જૂની છે. ૫૭૫ શાળાઓ એવી છે જે ૫૦થી ૧૦૦ વર્ષ જૂની છે. એકલા અમદાવાદ શહેરમાં જ ૧૦૦ શાળાઓ ૧૦૦ વર્ષથી વધુ જૂની છે. સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ૧૫૦ શાળાઓ છે, જે ૧૦૦ વર્ષથી વધુ જૂની છે.

ગુજરાત સરકાર હવે આ શાળાઓનું નવીનીકરણ કરવાનું વિચારી રહી છે પરંતુ શરૂઆતમાં ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી શાળાઓનું નવીનીકરણ કરવામાં આવશે. જેમ કે રાજકોટની શાળા કે જ્યાં મહાત્મા ગાંધીએ અભ્યાસ કર્યો હતો, વડનગરની શાળા જ્યાં વડાપ્રધાન મોદીએ શિક્ષણ લીધું હતું. અન્ય જિલ્લાઓની શાળાઓ કે જ્યાં મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓ, આંદોલનકારીઓ અને પ્રખ્યાત લોકોએ પ્રારંભિક શિક્ષણ લીધું હતું તેવી શાળાઓની પણ પસંદગી કરવામાં આવશે.

આવનાર પેઢીને ખબર પડે અને તેમાંથી પ્રેરણા લે એ આશય છે. આવી સ્કૂલને વિશેષ બજેટ આપી રીનોવેટ કરાશે. ભૂતકાળમાં કોઈ વ્યક્તિ અભ્યાસ કરીને દેશમાં નામ ઉજ્જવળ કર્યું હોય તેવી વ્યક્તિઓનો ઇતિહાસ મૂકવામાં આવશે.

*(તા. ૬-૧-૨૦૨૪)*

### ભારતનું પ્રથમ સૂર્ય મિશન આદિત્ય એલ-૧ પૃથ્વીથી ૧૫ લાખ કિ.મી. દૂર લેંગ્રેજ પોઇન્ટ પર સ્થાપિત

ભારતનું પ્રથમ સૂર્ય મિશન આદિત્ય એલ-૧ શનિવારે સાંજે ૪ વાગે પૃથ્વીથી ૧૫ લાખ કિ.મી. દૂર લેંગ્રેજ પોઇન્ટ પર સ્થાપિત થઈ ગયું છે. ઇસરોએ જણાવ્યું હતું કે આદિત્ય એલ-૧ ૧૭૭.૮૬ દિવસમાં આ અંતર કાપીને નિર્ધારીત બિંદુની આસપાસ 'હેલો' કક્ષામાં પ્રસ્થાપિત થયું છે. આ સફળતાની સાથે જ ભારત વિશ્વમાં અહીં પહોંચનારો અમેરિકા, યુરોપ, જાપાન બાદ ચોથો દેશ બન્યો છે. સેટેલાઇટ લેંગ્રેજ પોઇન્ટ ૫ વર્ષ સુધી સૂર્યનો અભ્યાસ કરશે. સૂર્યની સપાટી પર જ એક સ્થળનું તાપમાન બીજા સ્થળના તાપમાન કરતા બહુ જ વધારે છે.

*(તા. ૬-૧-૨૦૨૪)*

## ભારત-માલદિવ્સ વિવાદ પછી આકરું પગલું...

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારત વિરૂધ્ધ અપમાનજનક ટીપ્પણીના મુદ્દાને કારણે EaseMyTrip એ માલદિવ્સની તમામ ફ્લાઈટ બુકિંગ સ્થગિત કરી દીધું છે. EaseMyTrip ના સહ-સ્થાપક નિશાંત પેટ્ટીએ રવિવારે મોડી રાત્રે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ માહિતી આપી હતી. આ દરમિયાન ભારત સરકારે આ મામલે કડક વલણ અપનાવીને માલદિવ્સના હાઈ કમિશનરને સસ્પેન્ડ કરી દીધા છે.

બીજી તરફ માલદિવ્સ સરકારે તેના ત્રણ મંત્રી માલશા શરીફ, મરિયમ શિયુના અને અબ્દુલ્લા મહજુમ માજીદને સસ્પેન્ડ કરી દીધા છે. તેમણે જ પી.એમ. મોદી અને ભારત વિરૂધ્ધ ટીપ્પણી કરી હતી. આ ઉપરાંત ભારતના પ્રવાસન ક્ષેત્રની સુવિધાઓ અંગે પણ ટીપ્પણીઓ કરવામાં આવી હતી.

આ દરમિયાન હેશટેગ BoycottMaldives રવિવારે આખો દિવસ સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ થયો. બીજી તરફ, બોલીવુડ કલાકારો અને નેટીઝન્સે લક્ષદ્વીપમાં પર્યટનને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું.

માલદિવ્સના પૂર્વ રાષ્ટ્રપતિ મોહમ્મદ નશીદે તેમના ટ્વિટ પર પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું – મંત્રી મરિયમ શિઉનાએ ખોટા શબ્દો કહ્યા છે. તેનાથી માલદિવ્સની સુરક્ષા અને સમૃદ્ધિ જોખમાઈ શકે છે. રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઇઝુની સરકારે આવી ટીપ્પણીઓથી પોતે દૂર રહેવું જોઈએ. *(તા. ૭-૧-૨૦૨૪)*

## સિંહ હવે ગામડાંઓમાં

વેરાવળ તાલુકાના મંડોર તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહ પરિવારનો કાયમી વસવાટ રહ્યો છે. મંડોર ગામમાં સિંહોના આંટાફેરા સામાન્ય બની ગયા છે. ત્યારે રાત્રીના સમયે સિંહ પરિવારે એક રખડતા પશુનો સામૂહિક શિકાર કર્યો હતો અને આ સામૂહિક શિકારના રોમાંચક દશ્યો સી.સી.ટી.વી. કેમેરામાં કેદ થયા હતા. *(તા. ૮-૧-૨૦૨૪)*

## ટાટા, મિત્તલ, સુઝુકીનો ગુજરાતમાં ઇન્વેસ્ટમેન્ટ પ્લાન

**ધોલેરા બનશે ડિફેન્સ એરક્રાફ્ટ અને સેમિકન્ડક્ટરનું હબ.**
**સાણંદ થશે ઇ-વ્હિકલનું કેન્દ્ર.**
**ગ્રીન હાઇડ્રોજનની જરૂરિયાત પૂરી પાડશે હજીરા**

વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૪માં ફોર્ચ્યુન ૫૦૦માંની ગણાતી ટોપ કંપનીના વડાઓએ જેમ કે સ્ટીલ કંપનીના આર્સેલર મિત્તલના એક્ઝીક્યુટીવ ચેરમેન લક્ષ્મી મિત્તલ, સુઝુકી મોટર્સ કોર્પોરેશનના વડા તોસીઝો સુઝુકી, ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખર અને માઇક્રો ટેકનોલોજીના સી.ઈ.ઓ. સંજય મલ્હોત્રાએ પોતાના બિઝનેસ પ્લાન જણાવતા વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, ૨૦૪૭ સુધીમાં ગુજરાત થકી વિકસિત ભારતનું સપનું સાકાર કરી શકાશે. આ કંપનીઓ સાણંદ અને ધોલેરા ઈન્ડસ્ટ્રીયલ ક્લસ્ટરમાં મોટાપાયે રોકાણ કરી રહી છે અને મેન્યુફેક્ચરીંગ, ઈ-વ્હિકલના એકમો લાવી રહી છે. જ્યારે ગ્રીન હાઈડ્રોજનની જરૂરિયાત પૂરી પાડશે હજીરા. *(તા. ૯-૧-૨૦૨૪)*

## અપેક્ષા કરતાં વધુ રામ ટોપી તૈયાર કરવી પડી

લક્ષ્મીપતિ ગ્રુપના માલીક સંજય સરવાગીએ જણાવ્યું હતું કે શરૂઆતમાં રામટોપી બનાવવાનો ખૂબ નાનો ઓર્ડર મળ્યો હતો. જોકે આશ્ચર્યની વાત એ છે કે, આવી રીતનો ઓર્ડર મળશે અને અમે આ પ્રકારની ટોપીઓ તૈયાર કરીશું એવો અમે વિચાર પણ કર્યો નહોતો. પરંતુ એક ઓર્ડર મળતાની સાથે જ આ વાત ખૂબ જ ઝડપથી પ્રસરી હતી અને અમારી ટોપીની માંગ વધવા લાગી હતી. આ ટોપીમાં મટીરીયલ ખૂબ જ સારી રીતે ઉપયોગમાં લેવાયું છે જે વર્ષોવર્ષ સુધી ટકી રહે છે.

*(તા. ૧૦-૧-૨૦૨૪)*

## અયોધ્યા...

**આ દિવસે ઘરે ઘરે રંગોળીઓ, દીવા અને આતશબાજી થશે આ દિવસે અગિયારસ પણ છે ત્યારે આ દિવસને સૌ કોઈ ખૂબ જ મોટો દિવસ માની રહ્યા છે અને સારા કાર્યો પણ થશે**

નવી પેઢીમાં એક ક્રેઝ જોવા મળી રહ્યો છે કે કોઈના ઘરે પારણું બંધાવવાનું હોય તો હવે લોકો દિવસ, ચોઘડિયું અને વાર નક્કી કરતા હોય છે. જો સિઝેરીયન ડિલીવરી હોય તો આ શક્ય બને છે. આગામી ૨૨ જાન્યુઆરીએ પણ આવું જ કંઈક થવા જઈ રહ્યું છે. અત્યારથી જ ગાયનેકોલોજિસ્ટોને ત્યાં ૨૨ જાન્યુઆરીની તારીખ બુક થવા લાગી છે. આ મહિનામાં જેની ૨૨ જાન્યુઆરી આસપાસની સિઝેરીયનની ડેટ છે તે લોકો ૨૨ તારીખનો આગ્રહ રાખી રહ્યા છે. *(તા. ૧૦-૧-૨૦૨૪)*

## ભારતનું પ્રથમ સ્વામિનારાયણ કન્યા ગુરૂકુલ

**રાજકોટ - મોરબી હાઈવે પર ૪૫ કરોડનો ખર્ચ થશે**

બાળકોને સંસ્કારવાન કરવામાં પ્રથમ માતા-પિતા, શિક્ષક

અને ગુરૂનું અમૂલ્ય યોગદાન હોય છે. તેવામાં ગુરૂકુલ પરંપરાને સજીવન કરતું રહેવા અને ટકાવી રાખવાના આશયથી સ્વામિનારાયણ ગુરૂકુલ રાજકોટ સંસ્થાન દ્વારા ૭૬ વર્ષે કન્યા ગુરૂકુલનો નવો આયામ રચવામાં આવ્યો છે. દીકરીઓના ઉત્થાન માટેના નવા પ્રકલ્પના પ્રારંભથી ભાવિ માતાઓથી સંસ્કારવાન રાષ્ટ્રભક્તો તૈયાર થશે એવી ભાવનાથી સ્વામિનારાયણ કન્યા ગુરૂકુલ નિર્માણનો રાજકોટ-મોરબી હાઈવે પર કાગદડી અને રતનપર વચ્ચે પ્રારંભ થયો છે. જેનું ભૂમિપૂજન થયા બાદ શનિવારે શિલા સ્થાપન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. *(તા. ૧૨-૧-૨૦૨૪)*

## અયોધ્યામાં મહાકાલના લાડુનો પ્રસાદ અપાશે

ભગવાન મહાકાલની નગરી ઉજ્જૈનથી ભગવાન રામની નગરી અયોધ્યામાં ૫ લાખ લાડુ મોકલવામાં આવશે. ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં યોજાનાર પ્રાણપ્રતિષ્ઠા સમારોહમાં રામલલ્લાને મહાકાલ મંદિરમાંથી લાડુ ચઢાવવામાં આવશે. ભક્તોને પ્રસાદ તરીકે લાડુનું પણ વિતરણ કરવામાં આવશે.

સી.એમ. ડૉ. મોહન યાદવે શુક્રવારે આની જાહેરાત કરી હતી. આ પછી ઉજ્જૈનના મહાકાલ મંદિરના ચિંતામન યુનીટમાં લાડુ બનાવવાનું કામ શરૂ થઈ ગયું છે. અહીં ૨૫૦ ક્વિન્ટલ (૨૫ હજાર કિલો) લાડુનો પ્રસાદ તૈયાર કરવામાં આવી રહ્યો છે. જેની કિંમત લગભગ એક કરોડ રૂપિયા હશે.

કલેક્ટર નીરજસિંહે કહ્યું કે સી.એમ.ના નિર્દેશ પર ૫ લાખ લાડુ ભેટ તરીકે અયોધ્યા મોકલવામાં આવશે. આને તૈયાર કરવામાં લગભગ ૫ દિવસનો સમય લાગશે. લાડુને અયોધ્યા પહોંચાડવા માટે ત્રણથી પાંચ ટ્રકની વ્યવસ્થા કરવી પડશે. ૧૭કે ૧૮ જાન્યુઆરીએ ઉજ્જૈનથી લાડુનો માલ રવાના થશે. લગભગ ૨૧ જાન્યુઆરી સુધીમાં આ લાડુ અયોધ્યા પહોંચી જશે.

મહાકાલ મંદિરના પ્રશાસક સંદીપ સોનીએ જણાવ્યું કે એક લાડુનું વજન ૫૦ ગ્રામ હશે. દેશભરમાંથી મહાકાલ મંદિરમાં આવતા ભક્તો લાડુનો પ્રસાદ લઈ જાય છે. અહીંના લાડુઓને ભારત સરકારની સંસ્થા ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા (FSSAI) દ્વારા સ્વચ્છતા માટે ૫ સ્ટાર રેટીંગ આપવામાં આવ્યું છે. *(તા. ૧૩-૧-૨૦૨૪)*

## રામ મંદિર ટ્રસ્ટને ૧૪ લાખ રૂપિયા દાનમાં આપ્યા 'હનુમાન'ના મેકર્સે પોતાનું વચન પાળ્યું

હિંદી ફિલ્મ 'હનુમાન' ૧૨ જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રીલીઝ થઈ છે. તેજા સજ્જા સ્ટારર આ ફિલ્મે શરૂઆતના દિવસે લગભગ ૧૦ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. ફિલ્મ 'હનુમાન'ના નિર્માતાઓએ દરેક ટિકિટના વેચાણ પર ૫ રૂપિયા દાન આપવાનું વચન આપ્યું હતું. નિર્દેશક પ્રશાંત વર્માએ કહ્યું કે નિર્માતાઓએ તેમનું વચન પૂરું કર્યું અને રામ મંદિર ટ્રસ્ટને ૧૪ લાખ રૂપિયા દાનમાં આપ્યા. *(તા. ૧૩-૧-૨૦૨૪)*

## સુરતમાં સાડીઓ ને ટોપીઓ...

સુરતમાં ખાસ કરીને તૈયાર થતી સાડીઓ દેશભરમાં ચર્ચામાં રહેતી હોય છે. અયોધ્યાના રામ મંદિરમાં રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવને લઈને સુરતનો ટેક્સટાઈલ ઉદ્યોગ ધમધમ્યો છે. મા જાનકીની સાડી બાદ હવે દેશભરમાંથી રામટોપી અને રામ ધ્વજાના ઑર્ડર મળ્યા છે. રામટોપી અને રામ ધ્વજાની માંગ એટલી છે કે, ટેક્સટાઈલ ઉદ્યોગ બીજા ફેઝનું પ્રોડક્શન કરવા તૈયાર છે. *(તા. ૧૪-૧-૨૦૨૪)*

## ઇન્ડિગો ફ્લાઇટ...

ઈન્ડિગો ફ્લાઈટમાં પાઈલટ સાથે ગેરવર્તનનો મામલો સામે આવ્યો છે. ફ્લાઈટમાં વિલંબથી ગુસ્સે થયેલા એક મુસાફરે પાઈલટને લાફો મારી દીધો હતો. આ મારપીટનો એક વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આ ઘટના ક્યારે બની અને કઈ ફ્લાઈટ હતી, તેની પુષ્ટિ થઈ નથી. *(તા. ૧૫-૧-૨૦૨૪)*

## રાત્રે પણ સોનાની જેમ ચમકશે રામ મંદિર

**સોનાથી મઢેલા ૧૪ દરવાજા બનીને તૈયાર. રાત્રે પણ સૂર્યપ્રકાશ પડતો હોય એવા અદ્‌ભુત મંદિરનું લાઇટીંગ**

અયોધ્યામાં રામ મંદિરને શણગારવામાં આવી રહ્યું છે. ૨૨ જાન્યુઆરીએ પ્રાણ પ્રતિષ્ઠા બાદ રામલલ્લા ગર્ભગૃહમાં બિરાજશે. આ રામમંદિરના ગ્રાઉન્ડ ફ્લોર પર તમામ ૧૪ સોનાના દરવાજા લગાવવામાં આવ્યા છે. ગર્ભગૃહમાં ૧૨ ફૂટ ઊંચો અને ૧૦ ફૂટ પહોળો માત્ર ૧ દરવાજો લગાવવામાં આવ્યો છે.

એવું લાગી રહ્યું છે કે આખા મંદિરમાં સોનાનો ઢોળ ચડાવવામાં આવ્યો હોય. આખું મંદિર સોનાની જેમ ચમકી રહ્યું છે.

રામ મંદિરમાં કુલ ૪૬ દરવાજા લગાવવામાં આવશે. એમાંથી ૪૨ને ૧૦૦ કિલો સોનાથી કોટેડ કરવામાં આવશે. પગથિયાની નજીક ૪ દરવાજા હશે. જેના પર સોનાનું કોટીંગ નહીં હોય. આ દરવાજા મહારાષ્ટ્રના સાગના લાકડાંમાંથી બનાવવામાં આવ્યા છે. હૈદ્રાબાદના કારીગરોએ આના પર

કોતરણીનું કામ કર્યું છે.

આ પછી એના પર તાંબાનું પડ લગાવવામાં આવ્યું. ત્યારબાદ સોનાનો ઢોળ ચઢાવવામાં આવ્યો છે. રામલલ્લાનું સિંહાસન પણ સોનાનું બનેલું છે. આ કામ પણ ૧૫ જાન્યુઆરી સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. મંદિરનું શિખર પણ સોનાનો બનશે, પરંતુ આ કામ પ્રાણપ્રતિષ્ઠા પછી કરવામાં આવશે.

ચરણ પાદુકાઓ ૧ કિલો સોનું અને ૭ કિલો ચાંદીથી બનાવવામાં આવી છે.

*(તા. ૧૫-૧-૨૦૨૪)*

## જગન્નાથ મંદિર હેરિટેજ કોરિડોરનું ઉદ્‌ઘાટન સૂર્ય પૂજન-હવન સાથે ધાર્મિક વિધિઓ કરવામાં આવી ૮૦૦ કરોડમાં કોરિડોર બનાવાયો

દેશના ચાર ધામોમાંના એક, ૧૨મી સદીમાં બનેલા ઓડિશાના પૂરી જગન્નાથ મંદિર હેરિટેજ કોરિડોર (શ્રીમંદિર પ્રોજેક્ટ)નું કામ પૂર્ણ થઈ ગયું છે. ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે ૧૭મી જાન્યુઆરીના મંદિરના ગજપતિ દિવ્યસિંહ દેવ સાથે આ કોરિડોરનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

ઉદ્‌ઘાટન કાર્યક્રમ માટે ઓડિશા સરકારે ભારત અને નેપાળના એક હજાર મંદિરોને આમંત્રણ આપ્યું હતું. આ સાથે ચારેય શંકરાચાર્ય, ચાર પવિત્ર ધામ અને અન્ય ચાર નાના ધામને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. મંદિર પ્રશાસને નેપાળના રાજાને પણ આમંત્રણ મોકલ્યું હતું.

પ્રોજેક્ટ હેઠળ, મંદિરની બાજુમાં આવેલી બાહ્ય દીવાલ (મેઘનાદ પચેરી)ની આસપાસ ૭૫ મીટર પહોળો કોરિડોર બનાવવામાં આવ્યો છે. મંદિરની આસપાસ ૨ કિ.મી. સુધી શ્રીમંદિર પરિક્રમા પથનું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીંથી ભક્તો સીધા મંદિરના દર્શન કરી શકશે.

ડિસેમ્બર ૨૦૧૯માં શરૂ થયેલા પ્રોજેક્ટ હેઠળ બનેલા સ્વાગત કેન્દ્રમાં છ હજાર શ્રદ્ધાળુઓ એકસાથે ઊભા રહી શકશે. અહીં ૪ હજાર પરિવારો માટે લોકર રૂમ, શેલ્ટર પેવેલિયન, મલ્ટી લેવલ કાર પાર્કિંગ, પોલીસ અને ફાયર બ્રિગેડ અને ઇમરજન્સી માટે શટલ બસ જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે.

ઉદ્‌ઘાટનના બે દિવસ પહેલા અહીં મહાયજ્ઞ શરૂ થયો હતો. આજે પૂર્ણાહુતિ સાથે ભક્તો માટે વિધિવત રીતે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. ૮૦૦ કરોડ રૂપિયામાં બનેલા આ પ્રોજેક્ટનો હેતુ ૧૨મી સદીના જગન્નાથ મંદિરને વર્લ્ડ હેરિટેજમાં સામેલ કરવાનો છે.

*(તા. ૧૭-૧-૨૦૨૪)*

# વિદેશના સમાચાર

## અમેરિકા ને ખાલિસ્તાન

અમેરિકાના કેલિફોર્નિયામાં ફરી એકવાર હિંદુ મંદિર પર હુમલો કરવામાં આવ્યો છે. કેલિફોર્નિયાના હેવર્ડના વિજય શેરાવલી મંદિરમાં ખાલિસ્તાની સમર્થકોએ ભારત વિરોધી નારા લખ્યા હતા. ખાલિસ્તાનીઓએ મંદિરની દીવાલ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશે અપશબ્દો પણ લખ્યા છે. 'ખાલિસ્તાન ઝીંદાબાદ' જેવા નારા પણ લખેલા જોવા મળ્યા હતા.

*(તા. ૫-૧-૨૦૨૪)*

## અમેરિકામાં રામ મંદિરની રેલી

અયોધ્યામાં રામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ૨૨ જાન્યુઆરીએ થવા જઈ રહ્યો છે. જેને લઈને માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વના અનેક દેશોમાં ઉત્સાહનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. ત્યારે સાત સમંદર પાર અમેરિકામાં રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈ શ્રદ્ધાળુઓએ 'જય શ્રી રામ'ના નારા સાથે ભારે ઉત્સાહથી અદ્‌ભુત કાર રેલી યોજી હતી. આ રેલીમાં જોડાયેલી કારોમાં અયોધ્યા મંદિરના ધ્વજ સાથે સાથે ભારત અને અમેરિકાના ધ્વજ પણ રાખવામાં આવ્યા હતા. 'જય શ્રી રામ'ના નારા સાથે નીકળેલી આ રેલી ૬ કલાકમાં ૧૧ મંદિરોમાં રોકાઈ હતી. *(તા. ૧૨-૧-૨૦૨૪)*

## આઈસલેન્ડ

આઈસલેન્ડના રેકયેન્સ પેનીનસુલામાં રવિવારે સવારે વધુ એક જ્વાળામુખી ફાટ્યો હતો. અગાઉ ૧૮મી ડિસેમ્બરે પણ અહીં જ્વાળામુખી ફાટ્યો હતો. 'ધ ગાર્ડિયન'ના અહેવાલ મુજબ ૧૩ જાન્યુઆરીએ જ્વાળામુખીની આસપાસ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ પછી આઈસલેન્ડમાં ઇમરજન્સી લાદવામાં આવી હતી.

*(તા. ૧૪-૧-૨૦૨૪)*

## મૂન મિશન ફેઇલ

અમેરિકાની કંપનીનું મૂન મિશન ફેઇલ. લેન્ડર પરત ફરી રહ્યું છે. પૃથ્વીથી ૪ લાખ કિ.મી. દૂર છે. કંપનીએ કહ્યું - તે વાતાવરણમાં પ્રવેશતાની સાથે જ સળગી જશે.

*(તા. ૧૩-૧-૨૦૨૪)*

# જ્ઞાન – વિજ્ઞાન

• સંકલન : રસીક ખીમજી મહેતા •

*આજે આપણે જ્ઞાન જગતમાં વનસ્પતિની વિવિધતા અંગેની અલગ અલગ જાણકારી પ્રાપ્ત કરીશું. તેમાં સંક્ષિપ્ત નોટ્સમાં થોડામાં ઘણી માહિતી આપવાનો વિનમ્ર પ્રયાસ કરેલ છે. આશા છે કે સૌ પાઠકોને તે ગમશે.*

*– રસીક ખીમજી મહેતા*

## શાકભાજી અને ફળોનું અવનવું

★ શાકભાજી અને ફળો વૃક્ષ ઉપરથી ઉતાર્યા બાદ ઘણા દિવસ સુધી કુદરતી રીતે જ તાજા રહે છે. મનુષ્યના ખોરાક માટે એ મોટો સ્રોત છે.

★ સૌથી વધુ લોકપ્રિય ટામેટની ૫૦૦૦ જેટલી અને સફરજનની ૭૫૦૦ જેટલી જાત થાય છે. ટામેટા ફળ છે, જ્યારે સફરજન ગુલાબના ફળની વનસ્પતિ છે.

★ ફળના અભ્યાસને પોમોલેજી કહે છે. વિશ્વમાં સૌથી મોટું ફળ 'કોકો-દ-મેર' ૪૨ કિલો વજનનું હોય છે અને તેનું બીજ ૧૭ કિલો વજનનું.

★ ફણસ મોટું ફળ છે અને વૃક્ષના થડ ઉપર ઉગે છે.

★ કેળા અને માણસના જીનમાં ઘણી સામ્યતા છે. જ્યારે ટામેટામાં માણસ કરતાં વધુ જીન્સ હોય છે.

★ કેળા રેડિયો એક્ટીવ છે. ફ્રિઝમાં મૂકવાથી કાળા થઈ જાય છે.

★ શાક અને ફળોમાં પાણીનું પ્રમાણ વધુ હોય છે. સૌથી વધુ તરબુચમાં ૯૨ ટકા, ગાજરમાં ૮૭ ટકા અને કોબીજમાં ૯૦ ટકા પાણી હોય છે.

★ મનુષ્ય માટે શાક અને ફળો વિટામિનના ઉત્તમ અને મોટા સ્રોત છે.

★ વનસ્પતિમાં કોળાને શાક નહીં પણ ફળ કહેવાય છે.

★ ફળોમાં ખૂબ જ લોકપ્રિય સફરજનને એક વર્ષ તાજા રાખી શકાય તેવી ટેકનોલોજી વિકસી છે.

★ લીલી દ્રાક્ષને માઈક્રોવેવ ઑવનમાં મૂકો તો ધડાકા સાથે ફાટે છે.

## લોકપ્રિય અને આકર્ષક ફળ : ટામેટાં

દાળ, શાકભાજી અને સેન્ડવીચને સ્વાદિષ્ટ બનાવનાર ટામેટાંને આપણે શાક કહીએ છીએ. પરંતુ વનસ્પતિ શાસ્ત્રમાં ટામેટાનું સ્થાન ફળ તરીકે છે. પૃથ્વી પર સાતમી સદીમાં ટામેટાંની ખેતી શરૂ થઈ હતી. ત્યારથી જ ટામેટાં વિશ્વનું લોકપ્રિય ફળ બન્યું છે. આજે વિશ્વમાં ૫૦૦૦ જેટલી જાતના ટામેટાં થાય છે. માત્ર લાલ નહીં પીળા, ગુલાબી, સફેદ અને જાંબલી રંગના ટામેટાં પણ થાય છે.

સોળમી સદીમાં ટામેટાંને 'એપ્પલ ઑફ પેરેડાઇઝ' અને 'એપ્પલ ઑફ લવ' જેવા હુલામણા નામ મળેલા. ટામેટાંનો સોસ અને કેચ-અપ વધારે ઉપયોગી બન્યા છે.

ટામેટાં ખોરાક તરીકે લોકપ્રિય છે જ પણ તે મનોરંજનનું સાધન પણ બન્યા છે. સ્પેનમાં લા ટામેટીના નામનો એકબીજા પર ટામેટાં ફેંકવાનો ઉત્સવ ઉજવાય છે. ટામેટાંના ઢગલા પર આળોટવાની અને નૃત્ય કરવાની સ્પર્ધા પણ યોજાય છે.

## વિશ્વની સૌથી નાની વનસ્પતિ : વોલ્ફિયા

સજીવસૃષ્ટિ અજાયબ છે. જાતજાતનાં પ્રાણી, પક્ષી, જળચર અને જીવજંતુઓની જેમ વનસ્પતિ જગતમાં પણ ભારે વિવિધતા અને અજાયબી જોવા મળે છે. વિશ્વમાં સૌથી મોટું વૃક્ષ ૪૦થી ૪૫ ફુટ ઊંચાઈએ પહોંચતું સિક્વોયા છે. પરંતુ સૌથી નાના છોડ જોયા છે? નહીં જોયા હોય કેમકે તે નરીં આંખે દેખાતા જ નથી. વનસ્પતિ જગતનો સૌથી નાનો છોડ વોલ્ફિયા છે. તે જળાશયોમાં પાણીની સપાટી પર લીલ સ્વરૂપે પથરાયેલો હોય છે. આ છોડ એટલે એક મિલીમીટરનું ટપકું. માઈક્રોસ્કોપથી જુઓ તો ગોળાકાર ટપકું દેખાય.

વનસ્પતિશાસ્ત્રીઓ તેને છોડ કહે છે. વોલ્ફિયા દરરોજ બે ટુકડા થઈને નવા છોડને જન્મ આપે છે અને પાણીમાં શેવાળની જેમ વધ્યા કરે છે. ભારતમાં ઘણા તળાવોમાં તે જોવા મળે છે. વનસ્પતિ શાસ્ત્રમાં તેને અમૂલ્ય વનસ્પતિ કહેવાય છે.

આપણી આંગળીના ટેરવા પર હજારો વોલ્ફિયાના છોડ સમાય. વોલ્ફિયાને મૂળ હોતા નથી પરંતુ પાન, ફૂલ અને ફળ થાય છે. તે અતિ સૂક્ષ્મ હોય છે. વોલ્ફિયાની આઠથી

દસ જાત પણ છે. એશિયાના ઘણા દેશોમાં તેની વાનગી પણ બને છે.

## કોઈપણ છોડમાં લીલા રંગનું ફૂલ કેમ નથી હોતું?

વનસ્પતિના પાન, ફૂલ, ડાળી અને ફળો તેમાં રહેલા દ્રવ્યકણો અનુસાર રંગના હોય છે. પાનમાં લીલા રંગનું ક્લોરોપોસ્ટ હોવાથી લીલા હોય છે. વનસ્પતિના બધા ભાગોને રંગ આપવાનો હેતુ જુદો જુદો છે. પાન સૂર્યપ્રકાશમાંથી ખોરાક બનાવવાનું કામ કરે છે એટલે લીલા છે. પરંતુ ફૂલોને તો સુંદર બની પતંગિયા અને કીટકોને આકર્ષવાનાં હોય છે. એટલે પાન કરતાં જુદો અને અલગ તરી આવે એવો રંગ જરૂરી છે. એટલે જ ફૂલો તેજસ્વી લાલ, પીળા અને સફેદ હોય છે, લીલા હોતા નથી. થોડીક વનસ્પતિના ફૂલો લીલા પણ જોવા મળે છે.

## જાતજાતની શિકારી વનસ્પતિ

જંગલી પ્રાણીઓ શિકારી હોય તે જાણીતી વાત છે. દરેક સજીવ ખોરાકની શોધમાં જાતજાતની રીત અપનાવે છે. વનસ્પતિ મૂળ દ્વારા જમીનમાંથી ખોરાક મેળવે છે. પરંતુ જાણીને નવાઈ લાગશે કે કેટલીક વનસ્પતિ મચ્છર જેવા જીવડાંનો શિકાર કરે છે. અલબત્ત, વનસ્પતિ શિકાર પાછળ દોડી શકે નહીં પરંતુ શિકાર આપોઆપ તેની પાછળ આવે તેવી તરકીબો હોય છે. વિશ્વમાં લગભગ ૪૦૦ જાતના સુંદર ફૂલછોડ આવા શિકારી છે. દરેકની શિકાર કરવાની રીત જુદી જુદી હોય છે.

પીચર પ્લાન્ટ શંખ આકારના પાન ધરાવે છે. ગોળાકાર શિંગડા જેવા પોલા પાનના દ્વાર ઉપર ચીકણું દ્રવ્ય હોય છે. મચ્છર જેવા જીવડાં ઉડતાં ઉડતાં નજીક આવે એટલે તેમાં ચોંટીને તળીયે ઉતરી જાય છે.

સનડ્યુ અને વિનસ ફ્લાય ટ્રેપ તો છટકા જેવા પાનની વનસ્પતિ છે. પાન ઉપર જીવડું બેસે કે તરત જ ભૂંગળું વળી જાય અને તેને દબોચી લે છે.

બટક વર્ટેસના પાન તો માખણ જેવા ચીકણા હોય છે. કીડી મંકોડા જેવા જીવ તેમાં ચોંટી જાય પછી છટકી શકે નહીં. મંકી ફલાવરના ફૂલ પણ જીવડાં બેસે કે તરત જ બીડાઈ જાય છે.

ઘણી વનસ્પતિ એવી છે કે નજીકના વૃક્ષ કે છોડને મારીને તેમનો ખોરાક લઈ લે. આવી વનસ્પતિના મૂળમાં રોગ ફેલાવી તેને મારી નાખે અને તેનો ખોરાક લઈ લે છે.

વનસ્પતિના છટકામાં ફસાયેલા જીવડાંનું તેમાં જ પાચન થઈ તેનો ખોરાક બને છે.

## રણ પ્રદેશની વનસ્પતિ : કેક્ટસ

કેકટસ – આપણે તેને થોર કહીએ છીએ. તે રણપ્રદેશની વનસ્પતિ છે. વિવિધ આકાર અને કદના ૨૦૦૦ જાતના કેકટસ જોવા મળે છે. ઘણા કેકટસ આકર્ષક હોવાથી વિશ્વભરના દેશોમાં થાય છે. કેકટસ પાણીનો પુષ્કળ સંગ્રહ કરી શકે છે અને પ્રચંડ ગરમીમાં પણ લાંબો સમય જીવિત રહી શકે છે. કેકટસ વિશે અન્ય વાતો પણ જાણવા જેવી છે.

- કેટલાક કેકટસ ૬૦ ફુટ જેટલા ઊંચા થાય છે. સૌથી નાના કેકટસ બે કે ત્રણ ઈંચ ઊંચાઈના હોય છે.
- દરેક કેકટસની પાન અને થડની સપાટી પર મીણ જેવા ચીકણા પદાર્થોનું આવરણ હોય છે. જેથી તેમાંનું પાણી બાષ્પીભવન થઈને ઉડી જતું નથી.
- મોટાભાગના કેકટસને પાન હોતા નથી, જાડી ડાળીઓ જ હોય છે.
- કેકટસ મૂળમાં ઓછી ઊંડાઈ સુધી જમીનમાં જ હોય છે પરંતુ સાત ફૂટ જેટલા ઘેરાવામાં તે ફેલાયેલા હોય છે.
- મોટાભાગના કેકટસને લાલ અને પીળા રંગના ફૂલ બેસે છે.
- દરેક કેકટસને પ્રાણીઓ સામે રક્ષણ મેળવવા સપાટી પર તીક્ષ્ણ કાંટા હોય છે.

## શક્તિદાયક ગુંદરનું વૃક્ષ : બાવળ

શિયાળામાં પૌષ્ટિક વસાણા ખાવાની આપણી પરંપરા છે. વસાણા એટલે અડદિયો, મેથી પાક, ગુંદર પાક જેવી વાનગીઓ. ગુંદર પણ ખાઈ શકાય તે જાણીને નવાઈ લાગે. પરંતુ ગુંદર પણ શક્તિદાયક ખાદ્ય છે. આપણે ખાઈ શકીએ તેવી ગુંદર બાવળના વૃક્ષના થડમાંથી નીકળે છે. બાવળ ગામડાંમાં કે વન વગડામાં આપમેળે ઉગી નીકળતું વૃક્ષ છે. તે પાંચથી દસ મીટર ઊંચું અને ભરચક કાંટાવાળું હોય છે. તેને પીળા રંગના ફૂલ આવે છે. તેમાં સીંગ જેવા ફળ બેસે છે. બાવળનું લાકડું મજબૂત હોય છે. બાવળના થડ ઉપર ચીકણા પ્રવાહીરૂપે ગુંદર નીકળતો હોય છે. ગુંદર માટે બાવળની ખેતી પણ કરવામાં આવે છે. ■

## ઉડતી નજરે.... માસ ડિસેમ્બર-૨૦૨૩ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા**<br>**શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ.......<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ....... **૬૪૧**<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ....... **૩૮**<br>● બોડી ચેક-અપ ....... **૩૭૭**<br>● સોનોગ્રાફી ....... **૧,૨૧૧**<br>● ટી.એમ.ટી. ....... **૪૨**<br>● ઑપરેશન ....... **૩**<br>● અન્ય ....... **૭,૭૧૩** | **૧૦,૦૨૫** |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ.......<br>*જેમાંથી –* ● પુરુષો ....... **૪૯૨**<br>● સ્ત્રીઓ ....... **૨૯૯**<br>● બાળકો ....... **૪૨**<br>● કેન્ટીન ....... **૪,૧૬૦** | **૪,૯૯૩** |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ.......<br>*જેમાંથી –* ● પુરુષો ....... **૧૩૮**<br>● સ્ત્રીઓ ....... **૬૯**<br>● બાળકો ....... **૮** | **૨૧૫** |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ....... | **૧૦૬** |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ.......<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર ....... **૨,૦૯૩**<br>● મ્યુઝીયમ ....... **૧,૭૪૫**<br>● કેન્ટીન ....... **૪,૧૪૫**<br>● જલારામ અન્નક્ષેત્ર ....... **૪૫૨**<br>● ડિસ્પેન્સરી ....... **૮૬** | **૮,૫૨૧** |
| ૫. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ....... | **૪૯૬** |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર, દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ.......<br>*જેમાંથી –* ● તબીબી ચેક- અપ ....... **૨૦૯**<br>● સોનોગ્રાફી ....... **૨૫૯**<br>● અન્ય ....... **૬,૦૩૯** | **૬,૫૦૭** |
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ....... | **૧૯૭** |
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ.......<br>*જેમાંથી –* ● એક્સ-રે ....... **૧૨૧**<br>● સોનોગ્રાફી ....... **૨૪**<br>● બોડી ચેક-અપ ....... **૨૦૧**<br>● કેમ્પ ....... **—**<br>● અન્ય ....... **૩૩૪** | **૬૮૦** |
| | *માસ ડિસેમ્બર - ૨૦૨૩ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .................* | **૩૧,૭૪૦** |

# અતીતના ઓવારેથી.... : મણકો-૧૦

અતીતના ઓવારેથી મણકા નં.-૧૦ની કોલમમાં વર્ષ ૧૯૯૯-૨૦૦૦થી વર્ષ ૨૦૦૪-૨૦૦૫ના ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સભ્યોના નામ રજૂ કરવાના હતા પરંતુ તે અંગેના જૂના 'મંગલ મંદિર'ના અંકો રીફર કરતાં ખ્યાલ આવ્યો કે આ સમયને કદાચ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ગોલ્ડન પીરીયડ કહી શકાય.

શ્રી કચ્છી જૈન સમાજની વર્ષ ૧૯૭૦ના સ્થાપના કાળથી વર્ષ ૧૯૮૬ સુધીની તેની વિકાસની ગતિ સ્થિર રહી, પરંતુ ૧૯૮૬ પછી તેણે વિકાસની હરણફાળ ઝડપ દાખવી કે જે સામાન્યપણે કોઈ પણ સમાજની વિકાસયાત્રામાં અદ્વિતીય ગણાશે. અને તેમાં પણ વર્ષ ૧૯૯૯થી વર્ષ ૨૦૦૫ સુધીનો સમયગાળો તો બેનમૂન કહી શકાય તેવો રહ્યો.

આ હકીકતના અનુસંધાને મણકા-૧૦ની 'અતીતના ઓવારેથી' કોલમમાં ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સભ્યોની નામાવલી પ્રસારીત કરવાની મુલત્વી રાખી, આ સમયના કાર્યોની 'મંગલ મંદિર'ના વાચકવર્ગને ઝાંખી કરાવવાની ગણના રાખેલ છે.

આ કાર્યોને નીચે મુજબના આઠ વિભાગોમાં અત્રેથી રજૂ કરવામાં આવે છે :

*૧. સમાજના કાર્યો વિશેની નોંધ.*
*૨. મેડિકલ સેન્ટરની કાર્યવાહી વિશેની નોંધ.*
*૩. મેડિકલ વિભાગમાં સમાજના સભ્યોને કન્સેશન.*
*૪. મંગલ મંદિરની વિવિધ દિશા તરફની કૂચ.*
*૫. કચ્છના ધરતીકંપ સમયની કામગીરી.*
*૬. શ્રી કચ્છી વિશ્રામ ગૃહની સ્થાપના.*
*૭. સમાજ તરફથી યોજવામાં આવેલ વિવિધ સેમિનારો અને વાર્તાલાપો.*
*૮. સમાજના આધાર સ્તંભો વિશેની વિગતો.*

## (૧) સમાજના કાર્યો વિશેની નોંધ

### મંગલ મંદિર, જુલાઈ-૧૯૯૯

★ આ સમાજે બાલ સમૃદ્ધિની યોજના તા. ૨-૧૦-૧૯૯૬થી શરૂ કરેલ હતી કે જે મુજબ સમાજમાં નવા જન્મેલ બાળકની પ્રથમ વર્ષગાંઠે તેને એવી રકમનું બચત સર્ટીફિકેટ આપવામાં આવે કે જેથી તેના ૨૦ વર્ષની ઉંમરે તેને અંદાજિત રૂા. ૧ લાખની રકમ પ્રાપ્ત થઈ શકે કે જે તેને હાયર એજ્યુકેશન અથવા ધંધાકીય રોકાણમાં કામ આવી શકે. આ યોજનાનો લાભ લેનાર પ્રથમ બાળકનું નામ હતું **નિસર્ગ કમલેશ મનુભાઈ શાહ.**

★ આ યોજનાનો લાભ ૧૯૯૬માં ....... ૩ બાળકો
૧૯૯૭માં ..... ૨૯ બાળકો
૧૯૯૮માં ....૨૪ બાળકોને મળેલ હતો.
૧૯૯૯થી આ યોજના અવિરતપણે ચાલુ રાખવામાં આવેલ છે.

### મંગલ મંદિર, સપ્ટેમ્બર ૧૯૯૯

★ વાર્ષિક સામાન્ય સભામાં પ્રમુખ ડૉ. ચંદ્રકાંત દેઢિયાના ઉદ્‌બોધનમાં સમાજના નીચે મુજબના ભવિષ્યના સ્વપ્ના રજૂ કરવામાં આવ્યા :

(૧) ૫૦૦ વિદ્યાર્થીઓ રહી શકે તેવો હોસ્ટેલ પ્રોજેક્ટ
(૨) કચ્છી હોસ્પિટલ.

**મંગલ મંદિર, જૂન-૨૦૦૩**

★ તા. ૧૮-૫-૨૦૦૩ને રવિવારના દિવસે સામખિયાળી મુકામે નર્મદા નદીના પીવા માટેના તથા ઉદ્યોગમાં વપરાશ માટેના પાણી પાઈપ લાઈન દ્વારા કચ્છમાં પહોંચાડવાના સ્વાગત પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં એક સમારંભ ઉજવાઈ ગયો. આ પ્રસંગે સમાજના કાર્યકરો શ્રી અશોકભાઈ મહેતા, શ્રી હીરજી પાસુભાઈ શાહ, શ્રી નરેન્દ્રભાઈ છ. શાહ, શ્રી હરખચંદભાઈ સાવલા ઉપરાંત શ્રી મનસુખભાઈ પટેલ, શ્રી ભરતભાઈ ઓઝા વગેરે ઉપસ્થિત રહેલ હતા.

**મંગલ મંદિર, ફેબ્રુઆરી-૨૦૦૪**

★ ૨૬ જાન્યુઆરીના ધ્વજવંદન બાદ તેમજ શ્રી કચ્છી જૈન ભવનના ૭મા સ્થાપના દિને સમાજના ૭૦ વર્ષથી વધુ વયના ૪૩ વડીલોનું સન્માન કરવામાં આવેલ હતું.

**મંગલ મંદિર, ઓક્ટોબર-૨૦૦૪**

★ ૧ ઓક્ટોબર ૨૦૦૪થી શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ દ્વારા તેના સભ્ય પરિવારો માટે સ્વાસ્થ્ય વીમા યોજના (Mediclaim Policy) તથા અકસ્માત વીમા યોજના (Accident Policy) સમાજે જાતે પરિવારદીઠ અંદાજિત રૂા. ૧,૦૦૦/-નું પ્રીમિયમ ભરીને શરૂ કરેલ હતી. આ યોજના અંતર્ગત હોસ્પિટલ સારવાર ખર્ચ સામે રૂા. ૨૫,૦૦૦/- સુધીની રકમ તથા આકસ્મિક મૃત્યુ સામે રૂા. ૨.૫૦ લાખની રકમ જે-તે પરિવારને મળી શકે.

**મંગલ મંદિર, જાન્યુઆરી-૨૦૦૫**

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર વિદ્યાર્થી હોસ્ટેલ માત્ર રૂા. ૩૦૦/-ના માસિક દરથી શરૂ કરવામાં આવેલ હતી. તે સમયે ૨૦ વિદ્યાર્થીઓ આ હોસ્ટેલમાં રહેતા હતા.

**મંગલ મંદિર, ઓક્ટોબર-૨૦૦૫**

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર વિદ્યાર્થીની હોસ્ટેલ પણ શરૂ કરવામાં આવી.

## (૨) મેડિકલ સેન્ટરની કાર્યવાહી વિશેની નોંધ

**મંગલ મંદિર, ઓક્ટોબર ૧૯૯૯**

★ તા. ૨૬-૯-૧૯૯૯થી નીચે મુજબના ૯ સુપર સ્પેશિયાલિટી વિભાગો શરૂ કરવામાં આવ્યા : (૧) કાર્ડિયોલોજી, (૨) એન્ડોક્રાઇનોલોજી અને ડાયાબિટીસ, (૩) પ્લાસ્ટીક સર્જરી, (૪) ગેસ્ટ્રોએન્ટ્રોલોજી, (૫) યુરોલોજી, (૬) કેન્સર, (૭) ન્યુરો ફિઝીશિયન, (૮) સાઈકિયાટ્રીસ્ટ, (૯) ડાયેટીશિયન.

તદુપરાંત દર વર્ષે ચાલુ બ્રાંચોનું એક્સ્પાન્શન, નવા સાધનો વસાવવા વગેરે પ્રક્રિયા ચાલુ રહેવા પામી.

## (૩) મેડિકલ વિભાગમાં સમાજના સભ્યોને કન્સેશન

**જૂન ૧૯૯૯**

★ જૂન ૧૯૯૯થી સમાજના સભ્યો માટે તબીબી સારવારમાં કન્સેશન આપવાની યોજના શરૂ કરવામાં આવી.

★ દરેક સભ્યને મેડિકલ સેન્ટરના વિવિધ ચાર્જિસમાં ૫૦ ટકા કન્સેશન.

★ પરિવાર દીઠ કન્સેશનની લીમીટ રૂા. ૧,૦૦૦/-

**ઓક્ટોબર-૨૦૦૦**

- ★ પરિવારના દરેક સભ્ય દીઠ રૂા. ૫૦૦/-ની લીમીટ કરવામાં આવી કે જેથી લગભગ દરેક પરિવારની લીમીટમાં વધારો થવા પામ્યો.
- ★ ૪૫ વર્ષથી ઉપરની ઉંમરના સભ્યને વર્ષમાં એક વખત બોડી ચેક-અપ ફ્રી માં કરી આપવાનું નક્કી કરવામાં આવ્યું. (સ્કીમ : રૂા. ૪૫૦/-)

**ડિસેમ્બર ૨૦૦૩**

- ★ ડિસેમ્બર-૨૦૦૩ની ટ્રસ્ટ મંડળની મીટિંગમાં નક્કી કરવામાં આવ્યું કે હવે પછી મેડિકલના ચાર્જિસમાં દરેક સભ્ય પરિવારને ૭૫ ટકા કન્સેશન આપવામાં આવશે.
- ★ સભ્ય દીઠ કન્સેશનની લીમીટ વધારીને રૂા. ૧૫૦૦/- કરવામાં આવી.
- ★ દરેક સભ્ય પરિવારને ત્યાં પ્રાર્થના જેવા પ્રસંગે શ્રી કચ્છી જૈન ભવનનો પ્રથમ માળ પરનો હોલ ફ્રી માં આપવાનું નક્કી કરવામાં આવ્યું.

## (૪) 'મંગલ મંદિર'ની વિવિધ દિશા તરફની આગેકૂચ

- ★ માર્ચ-૨૦૦૧ : આ અંક ભૂકંપ વિશેષાંક તરીકે પ્રસારીત કરવામાં આવ્યો (૫૦ પાના)
- ★ મે-૨૦૦૧ : મંગલ મંદિરમાં જાહેરાત લેવાનું નક્કી કરવામાં આવ્યું અને જાહેરાતના દરો પણ પ્રકાશિત કરવામાં આવ્યા.
- ★ જાન્યુઆરી-૨૦૦૨ : કચ્છી વિશ્રામગૃહ ઉદ્‌ઘાટન વિશેષાંક તરીકે પ્રકાશિત કરવામાં આવ્યો.
- ★ નવેમ્બર-૨૦૦૨ : નીચે પ્રમાણેની નોંધ પ્રકાશિત કરવામાં આવી
  - 'મંગલ મંદિર'ની શરૂઆત ઓગસ્ટ ૧૯૭૫થી 'પ્રેરણા'ના નામથી કરવામાં આવી (સંપાદક : પ્રભુલાલ કે. સંઘવી)
  - જાન્યુઆરી ૧૯૭૭થી 'મંગલ મંદિર' નામ આપવામાં આવ્યું.
  - ઓગસ્ટ ૧૯૭૫થી એપ્રિલ ૧૯૭૮ સુધી પ્રભુલાલ કે. સંઘવી સંપાદક તરીકે રહ્યા.
  - મે ૧૯૭૮થી જૂન ૧૯૮૪ સુધી પ્રમીલાબેન કુરૂવા સંપાદિકા તરીકે (તેમના દેહાવસાન સુધી) રહ્યા.
  - જુલાઈ ૧૯૮૪થી ચંદ્રિકાબેન દેઢિયાએ સંપાદિકા તરીકેની શરૂઆત કરી.
  - મે ૧૯૯૫થી સપ્ટેમ્બર ૨૦૦૨ સુધી સૂરજલાલ મહેતા સંપાદક મંડળમાં જોડાયા.

  ***ત્યારબાદની વિગતો નીચે મુજબ છે :***

  - માર્ચ ૨૦૦૩ના 'મંગલ મંદિર'ના ૩૦૦મા અંક (૨૪૦ પાના) માટે શ્રી પ્રદીપ મહેતા અને શ્રીમતી શીતલ પ્રદીપ મહેતાના પ્રયાસોથી સારી એવી જાહેરાતોની શરૂઆત થવા પામી.
  - માર્ચ ૨૦૦૩નો અંક 'મંગલ મંદિર'નો ૩૦૦મો અંક રહ્યો.
  - સપ્ટેમ્બર ૨૦૦૩થી અશોકકુમાર એસ. મહેતા અને રોહિતભાઈ આર. ગાંધી સંપાદક મંડળમાં જોડાયા.
- ★ નવેમ્બર-૨૦૦૪ : આ અંકથી દૈનિક અહેવાલ (માસિક અહેવાલ) પ્રસારીત કરવાની શરૂઆત કરવામાં આવી.
- ★ ડિસેમ્બર-૨૦૦૪ : આ અંકથી 'ઉડતી નજરે' પ્રસારીત કરવાનું શરૂ કરવામાં આવ્યું.

★ જાન્યુઆરી-૨૦૦૫ :
- ‘ઉડતી નજરે’ પ્રસારીત કરવાની ટેબ્યુલર ફોર્મની સિસ્ટમ શરૂ કરવામાં આવી કે જે હાલે પણ અમલમાં છે.
- ‘અતીતના ઓવારેથી’ કલમ શરૂ કરવામાં આવી. (સંચાલક : પ્રભુલાલ કે. સંઘવી અને ધારશીભાઈ યુ. સંઘવી)

★ ફેબ્રુઆરી-૨૦૦૫ : ૧૯૭૫માં ‘પ્રેરણા’ શરૂ કરવામાં આવ્યું ત્યારે માસિક રૂા. ૨૦૦/- ખર્ચ થતો હતો. અત્યારે ફેબ્રુઆરી-૨૦૦૫માં માસિક ખર્ચ રૂા. ૧૦,૦૦૦/- થાય છે. છેલ્લા ૩૦ વર્ષથી સતતપણે સમાજના સભ્યોને ફ્રી માં મંગલ મંદિર મોકલવામાં આવે છે.

★ મે-૨૦૦૫ : ‘મંગલ મંદિર’માં મે-૨૦૦૫થી આગળના ભાગે અનુક્રમણિકા લખવાની પ્રથા શરૂ કરવામાં આવી.

★ સપ્ટેમ્બર-૨૦૦૫ : સંપાદક મંડળના શ્રી રોહિતભાઈ ગાંધી વિદેશ જતા હોવાથી તેમના સ્થાને શ્રી મનુભાઈ જી. શાહનો સમાવેશ કરવામાં આવ્યો.

**‘મંગલ મંદિર’માં વધુ પાનાની સંખ્યાવાળા અંકો**

| | | | |
|---|---|---|---|
| ★ | માર્ચ-૨૦૦૧ | ભૂકંપ વિશેષાંક | ૫૦ પાના |
| ★ | જાન્યુઆરી-૨૦૦૨ | કચ્છી વિશ્રામગૃહ ઉદ્‌ઘાટન વિશેષાંક | ૪૪ પાના |
| ★ | માર્ચ ૨૦૦૩ | ૩૦૦મો અંક | ૨૪૦ પાના |
| ★ | સપ્ટેમ્બર ૨૦૦૫ | કચ્છી વિશ્રામ ગૃહ ડ્રો વિશેષાંક | ૧૬૪ પાના |
| ★ | ઓક્ટોબર ૨૦૦૫ | કચ્છી વિશ્રામ ગૃહ ડ્રો વિશેષાંક-૨ | ૧૪૪ પાના |
| ★ | નવેમ્બર ૨૦૦૫ | દીપોત્સવી અંક | ૧૫૨ પાના |

## (૫) કચ્છના (૨૬ જાન્યુઆરી ૨૦૦૧)ના ધરતીકંપ સમયની કામગીરી

★ ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના સવારમાં ૮.૪૬ કલાકે રીક્ટર સ્કેલ પર ૭થી ઉપરના આંકનો સમગ્ર કચ્છ અને ગુજરાતમાં ધરતીકંપ આવ્યો.

★ સમગ્ર ગુજરાતમાં ૨૦,૦૦૦થી વધુ લોકોના મૃત્યુ થયા અને ૩૮ લાખથી વધુ ઘરો ધરાશાયી થયા.

**મંગલ મંદિર માર્ચ-૨૦૦૧ : ભૂકંપ વિશેષાંક**

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે ૨૭ જાન્યુઆરીએ ટ્રસ્ટ મંડળની મીટિંગ બોલાવી અને ૨૮ જાન્યુઆરી, ૨૦૦૧થી રાહતની કામગીરી શરૂ કરી દીધી.

★ અમદાવાદ અને ભચાઉમાં છાવણી સ્થાપી. બંને સ્થળે કાર્યકરો અને સ્વયંસેવકો / વોલંટીયરોએ કામગીરી આરંભી દીધી.

★ અમદાવાદના શ્રી કચ્છી જૈન ભવન પર ખાદ્ય સામગ્રી, કપડાં, વાસણો વગેરે રાહત સામગ્રી પુષ્કળ પ્રમાણમાં આવવા લાગી કે જે દરરોજ ટ્રક દ્વારા ભચાઉની છાવણીમાં મોકલવામાં આવતી. આ સામગ્રી ભચાઉથી જરૂરિયાત અનુસારના કચ્છના વિવિધ ગામોમાં ટ્રકો દ્વારા પહોંચાડવામાં આવતી.

★ અમદાવાદમાં બી.કે. પટેલ વગેરેએ જવાબદારી સંભાળી લીધેલ હતી કે જે રાત્રે ૧૨ વાગ્યા લગી કાર્યરત રહેતા. ભચાઉમાં શ્રી હીરજીભાઈ તથા અન્ય સ્વયંસેવકોએ જવાબદારી સંભાળી લીધેલ હતી.

**એપ્રિલ ૨૦૦૧**

★ ભૂકંપ રાહત નિધિમાં રૂા. ૧ કરોડથી પણ વધુનું ફંડ એકત્રિત થઈ શકેલ હતું અને તેનો વપરાશ કચ્છના ગામડાંઓમાં

સામગ્રી પહોંચાડી કરવામાં આવ્યો.

★ પ્રિ ફેબ્રિકેટેડ આવાસનું પ્લાનિંગ કરવામાં આવ્યું અને તેના નકરાની ટહેલ નાંખવામાં આવી.

હંગામી આવાસ : ૧૬' X ૧૬' = ૨૫૬ ચો.ફૂટ : ૧ આવાસનો નકરો રૂા. ૩૦,૦૦૦/-

૨૦' X ૧૦' = ૨૦૦ ચો.ફૂટ : ૧ આવાસનો નકરો રૂા. ૨૦,૦૦૦/-

★ પાલડી ભવનના પ્રથમ માળના હોલમાં હંગામી હોસ્પિટલ શરૂ કરવામાં આવી.

★ પાલડી ભવનથી સામાન લઇ જતી ટ્રકમાં, વળતા કચ્છમાંથી ઈજા પામેલ દર્દીઓને લાવી આ હોસ્પિટલમાં ભરતી કરી તેમની સારવાર કરવામાં આવતી. ઈજા પામેલ ટોટલ ૧૯ દર્દીઓની સારવાર કરવામાં આવી.

★ રાહત સામગ્રી : પ્રથમ તબક્કામાં ફુડ પેકેટ્સ અને પાણી

બીજા તબક્કામાં લોટ અને અન્ય ખાદ્ય સામગ્રી.

ત્રીજા તબક્કામાં ટેન્ટ અને ઘરવખરીનો સામાન.

★ ***આ કામગીરીમાં સામેલ વોલંટીયર્સ / સ્વયંસેવકો***

| | | |
|---|---|---|
| ભોપાલથી આર્ય સમાજની સ્કૂલના | : | ૩૪ |
| અમદાવાદના જુદા જુદા વિસ્તારોમાંથી | : | ૯૬ |
| વિશ્વ ગુજરાતી સમાજ - અમદાવાદ તરફથી | : | ૧૦ |
| | | ***કુલ ૧૪૦*** |

★ ૭૦થી પણ વધુ લોકો / સંસ્થાઓ દ્વારા સારા એવા પ્રમાણમાં કપડાં, ધાબળા, વાસણ વગેરે પ્રાપ્ત થયેલ હતા. તદ્દુપરાંત અગણિત લોકોએ પોતાના ઘરની સામગ્રી વગેરે મોકલી આપેલ હતી.

★ ૫૦૦થી પણ વધુ વ્યક્તિઓ દ્વારા નાના-મોટા ડોનેશન્સ પ્રાપ્ત થયેલ હતા.

★ વિદેશથી શરૂમાં રૂા. ૨૦ લાખ અને પાછળથી બીજા રૂા. ૮૦ લાખ એમ ટોટલ રૂા. ૧ કરોડ જેટલું ફંડ આવેલ હતું.

★ રૂબરૂ જઈને કચ્છના ૧૦ તાલુકાના ૧૩૮ ગામમાં આ રાહતની સામગ્રી પહોંચાડવામાં આવેલ હતી કે જેમાં સુરેન્દ્રનગર તાલુકાના ૧૯ ગામોનો પણ સમાવેશ થાય છે.

★ તા. ૨૮-૧-૨૦૦૧થી તા. ૧૭-૨-૨૦૦૧ના ૨૧ દિવસમાં ૭૬ ટ્રકો ભરીને આ સામગ્રી કચ્છમાં પહોંચાડવામાં આવેલ હતી.

★ આ ટ્રકોની સેવા ચકેશ્વરી ટ્રાન્સપોર્ટ, સી. નરશી રોડલાઇન્સ (કિશોરભાઈ), શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા, વિ-ટ્રાન્સ વગેરે અનેક ટ્રાન્સપોર્ટ કંપનીઓએ પૂરી પાડેલ હતી.

**જૂન-૨૦૦૧**

★ ગામડાંની સ્કૂલો, દવાખાનાઓ વગેરેના રીપેરીંગ કામ માટે નીચે મુજબના ફંડો ફાળવવામાં આવેલ હતા :

| | | |
|---|---|---|
| કોઠારા | : | રૂા. ૬.૫૦ લાખ |
| છસરા | : | રૂા. ૬.૫૦ લાખ |
| બાડા | : | રૂા. ૪.૫૦ લાખ |
| ગુંદાલા | : | રૂા. ૪.૧૪ લાખ |
| કોડાય | : | રૂા. ૨.૬૬ લાખ |
| કોઠારા | : | રૂા. ૭.૦૦ લાખ |
| | | ***રૂા. ૩૧.૩૦ લાખ*** |

★ *નીચે મુજબના હંગામી આવાસો ફાળવી ઊભા કરી દેવામાં આવ્યા હતા :*

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| લાકડિયા (ભચાઉ) | : | ૬૦ | અંજાર | : | ૩ | કોટડી મહાદેવપુરી | : | ૭ |
| બાંઢીયા (અબડાસા) | : | ૨૫ | રામાણિયા | : | ૯ | નાગ્રેચા (માંડવી) | : | ૩૫ |
| ભુજ | : | ૧૩ | છસરા | : | ૭ | મોથાળા (માંડવી) | : | ૪ |
| તેરા (અબડાસા) | : | ૧૨ | ગુંદાલા | : | ૭ | પ્રાગપર (નખત્રાણા) | : | ૩ |
| શેરડી | : | ૧૦ | કોટડા રોહા | : | ૭ | *ટોટલ* | : | *૨૦૨* |

★ ભૂકંપ રાહતનિધિમાં અંદાજિત ટોટલ રૂા. ૩ કરોડ જેટલું ફંડ પ્રાપ્ત થયેલ હતું કે જેનો વપરાશ આ કાર્યમાં જ કરી દેવામાં આવેલ હતો.

***(શ્રી કચ્છી વિશ્રામ ગૃહની સ્થાપના, સમાજ તરફથી યોજવામાં આવેલ વિવિધ સેમિનારો અને વાર્તાલાપ કાર્યક્રમો તથા સમાજના આધાર સ્તંભોની વિગત આવતા અંકે)***

***(ક્રમશઃ)***

# આપણા ડૉક્ટર્સને પહેચાનો

**(મણકો : ૯)**

## ડૉ. નિગમ મહેતા

**M.P.T.**



**અશોક મહેતા**

'મંગલ મંદિર'નો આ અંક આપણા હાથમાં ૫ ફેબ્રુઆરી અને ૧૦ ફેબ્રુઆરીની વચ્ચે આવશે, જ્યારે આજે આપણે જે ડૉક્ટરની વાત કરવાના છીએ, તેમની જન્મ તારીખ ૨૨ ફેબ્રુઆરીએ આવે છે. એ દિવસે તેઓશ્રી ૩૭ વર્ષ પૂર્ણ કરી ૩૮મા વર્ષમાં પ્રવેશશે. બહુ જ નાની ઉંમરે જેમણે સારી એવી પ્રગતિ હાંસલ કરેલ છે, એ ફિઝીયોથેરાપી ડૉક્ટર નિગમ મહેતાને આપણે અત્યારથી જ જન્મદિનની મુબારકબાદી આપી દઈએ અને સાથે સાથે તેઓશ્રી આપણું મોઢું ગળ્યું કરાવે તેવી અપેક્ષા પણ રાખીએ!



**ડૉ. નિગમ મહેતા**
**M.P.T.**

સદાયે હસમુખા રહેતા ડૉ. નિગમ કીર્તિભાઈ મહેતા મૂળ ખેડા જિલ્લાના મહેમદાવાદના વતની. પરંતુ તેમના પિતાશ્રી વર્ષોથી અમદાવાદ આવી, ઘાટલોડિયા વિસ્તારમાં પોતાનું રહેણાંક બનાવી ત્યાં વસવાટ કરવા લાગ્યા. આપણા ડૉ. નિગમ તેમના એકના એક પુત્ર. ડૉ. નિગમનો જન્મ તા. ૨૨-૨-૧૯૮૭ના રોજ થયેલ હતો. ડૉ. નિગમે પ્રાથમિકથી ૧૨ ધોરણ સુધીનો અભ્યાસ વાડજ વિસ્તારમાં આવેલ સ્વસ્તિક હાઈસ્કૂલમાં કરેલ હતો. ભણવામાં તેઓશ્રી ચપળ અને અતિ હોંશિયાર હતા. તેથી ૧૦મા ધોરણમાં તેઓશ્રી ગુજરાતના સમગ્ર બોર્ડમાં ૧૬મા ક્રમાંકે આવેલ હતા અને ૧૨મા ધોરણમાં પણ તેઓશ્રીએ ડિસ્ટીંક્શન માર્ક્સ મેળવેલ હતા. વર્ષ ૨૦૦૪માં તેઓશ્રીએ ૧૨મું ધોરણ ઉત્તીર્ણ કરેલ હતું.

કર્ણાટકના મેંગ્લોરમાં આવેલ સીટી કોલેજની અભ્યાસમાં સારી એવી નામના હોવાથી તેઓશ્રીએ આ કોલેજમાં ફિઝીયોથેરાપી વિભાગમાં વર્ષ ૨૦૦૪માં એડમિશન લીધું અને વર્ષ ૨૦૦૮માં B.P.T. – બેચલર ઑફ ફિઝીયોથેરાપી ઉત્તીર્ણ કર્યું. ત્યારબાદનો ઈન્ટર્નશીપનો કોર્સ કરવા તેમણે અમદાવાદમાં આવી, અહીંની વી.એસ. હોસ્પિટલમાં જવાનું શરૂ કર્યું. એ વખતની સિસ્ટમ પ્રમાણે તેઓ અ.મ્યુ.કો.ની અમદાવાદ ખાતેની ત્રણે હોસ્પિટલ એટલે કે વી.એસ. હોસ્પિટલ, એલ.જી. હોસ્પિટલ અને શારદાબેન હોસ્પિટલમાં બે-બે મહિના અનુભવ મેળવી B.P.T. નું ફાઈનલ સર્ટીફિકેટ મેળવ્યું.

ત્યારબાદ વર્ષ ૨૦૦૯માં એક તરફ અમદાવાદની તલવલકર્સ મેડિકલ જીમમાં અને બીજી તરફ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં જોબ સ્વિકારી, બે વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૧ સુધી કાર્યરત રહ્યા.

ત્યારબાદ માસ્ટર્સની ડિગ્રી પ્રાપ્ત કરવા તેઓશ્રીએ વર્ષ ૨૦૧૧માં પૂનાની ડી.વાય. પાટીલ કોલેજમાં એડમિશન લીધું અને અહીં રહી, બે વર્ષનો અભ્યાસ પૂર્ણ કરી તેઓશ્રીએ માસ્ટર્સની – M.P.T. (Cardioની) ડિગ્રી વર્ષ ૨૦૧૩માં પ્રાપ્ત કરી.

અત્રે એ વાતની નોંધ લઈએ કે મેંગ્લોરની સીટી કોલેજ સાથે ૧૦૦૦ બેડની સિવિલ હોસ્પિટલ સંલગ્ન રહેવા પામેલ છે અને એજ રીતે પૂનાની ડી.વાય. પાટીલ કોલેજ સાથે ૬૦૦ બેડની ડી.વાય. પાટીલ હોસ્પિટલ પણ સંલગ્ન રહેવા પામેલ છે અને આ હોસ્પિટલો બહુ જ કિફાયતી દરે લોકોને ઉચ્ચ પ્રકારની સેવા આપે છે.

શ્રી નિગમભાઈએ વર્ષ ૨૦૧૩થી વર્ષ ૨૦૧૭ – એમ ૪ વર્ષ સુધી પૂનાની રૂબી હોસ્પિટલના ફિઝીયોથેરાપી વિભાગમાં સેવા આપી, સારો એવો અનુભવ પ્રાપ્ત કરેલ છે.

આ તબક્કે અમદાવાદમાં વર્ષ ૨૦૧૭માં તેમના પિતાશ્રીની તબિયત નાદુરસ્ત રહેતી હોવાના કારણે તેઓ પૂના છોડી, ફરી અમદાવાદ શીફ્ટ થયા અને અમદાવાદમાં આ જ વિભાગમાં કાર્યરત રહેવાનું શરૂ કર્યું.

તેઓશ્રીએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરના ફિઝીયોથેરાપી વિભાગમાં મુખ્ય ફિઝીયોથેરાપિસ્ટ તરીકે સેવા આપવાનું શરૂ કર્યું અને બીજી તરફ તેઓશ્રીએ વિક્ટોરીયા જ્યુબીલી કોલેજ ઓફ ફિઝીયોથેરાપીમાં લેક્ચર્સ આપવાનું શરૂ કર્યું. તેઓશ્રીની આ પ્રક્રિયા આજે પણ ચાલુ રહેવા પામેલ છે.

સમાજના અત્યારના ફિઝીયોથેરાપી વિભાગ માટેની વિશેષ વિગતો જાણવા માંગતા, તેઓશ્રીએ જણાવ્યું કે કોરોના અગાઉ અહીં દૈનિક ૮૦થી ૧૦૦ વ્યક્તિ આ વિભાગની સેવા લેવા આવતી હતી પરંતુ કોરોના સમય બાદ હાલ લાભ લેનારની સંખ્યા ૬૦થી ૭૦ની થવા જાય છે. તેઓશ્રીએ એ પણ જણાવ્યું કે આપણી સેવાનો ઉચ્ચ પ્રકાર અને આપણા કિફાયતી દરના હિસાબે આપણે ટૂંક સમયમાં જ ૧૦૦નો આંકડો ક્રોસ કરી શકશું.

તેઓશ્રીના કહેવા પ્રમાણે આપણી પાસે લગભગ બધા જ પ્રકારના સાધનો છે અને આ વિભાગના ડૉક્ટર્સ તથા આસિસ્ટન્ટ સ્ટાફની દર્દી પ્રત્યેની સેવા પણ ઉચ્ચ પ્રકારની છે. તેમ છતાં આપણે અમુક મશીન વસાવવાની જરૂરત છે. સૌપ્રથમ આપણે 'શોકવેવ થેરાપી મશીન' વસાવવાની જરૂરિયાત છે કે જે ગરદન, કમર, કોણી, ઘુંટણ વગેરેના સ્નાયુઓમાં દુઃખાવો થાય ત્યારે આ મશીન ખૂબ જ કામ લાગે છે. ત્યારબાદના બીજા સ્ટેજમાં આપણે 'ડીટીએસ મશીન' વસાવી શકીએ કે જે શરીરમાં દબાતી નસ માટે સારી એવી ટ્રીટમેન્ટ આપી શકે.

તેઓશ્રીના અંગત જીવનની વાત કરીએ તો તેમના લગ્ન વર્ષ ૨૦૧૪માં બહેનશ્રી પ્રાજક્તા સાથે થયેલ હતા કે જેમના થકી તેમને એક પુત્ર કિયાન પ્રાપ્ત થયેલ છે કે જેની ઉંમર ૬ વર્ષની છે અને હાલે તે પહેલા ધોરણમાં અભ્યાસ કરે છે. બહેનશ્રી પ્રાજક્તા પણ ફિઝીયોથેરાપીસ્ટ છે અને હાઉસ વાઈફની જવાબદારી સાથે સાથે પોતાની પ્રેક્ટીસ પણ ચાલુ રાખે છે.

શ્રી નિગમ મહેતાને એક બહેન – નામે ઉન્નતિ ગાંધી છે કે જે સી.એન. વિદ્યાલયના પ્રાઈમરી વિભાગમાં શિક્ષિકા તરીકે પોતાની સેવા આપી રહ્યા છે.

શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટર માટે તેમણે જણાવ્યું કે અહીંના ટ્રસ્ટીશ્રીઓ કો-ઓપરેટીવ છે. સ્ટાફ મિલનસાર અને મહેનતુ છે. મેડિકલ સેન્ટર સંભાળતા ડૉ. દક્ષાબેન અને શ્રી પીન્ટુ પટેલ હર ઘડિયે મદદ કરવા તૈયાર રહે છે અને કોઈ પણ પ્રશ્નનો ઉકેલ વિના વિલંબે લાવી આપે છે. તેથી અહીં કાર્યરત રહેવાનું બહુ જ મન થાય છે.

અહીં આવીને સારવાર કરાવતા દર્દીઓ પણ આપણા સેન્ટર માટે ખૂબ જ સારો પ્રતિભાવ આપતા રહે છે.

ડૉ. નિગમ સવિશેષપણે જણાવે છે કે મારા પિતાશ્રી કીર્તિભાઈનો વ્યવસાય ઓટોમોબાઈલ વિભાગના ટેમ્પો વગેરે પ્રકારના વાહનો માટે પાર્ટસ મેન્યુફેક્ચર કરવાનો હોવાથી અને મિરઝાપુરમાં આપણા સમાજના ભૂતપૂર્વ ટ્રસ્ટી સ્વ. શ્રી કાંતિલાલ વેલજી સાવલાના અનેક વ્યવસાયોમાં ઓટોમોબાઈલ પાર્ટસના વિક્રેતા તરીકેનો હોવાથી તેઓ બંને એકબીજાના સારા સંપર્કમાં હતા અને એ સંપર્ક થકી હું આ મેડિકલ સેન્ટરમાં જોડાયો તેનો મને આજે પણ ખૂબ જ આનંદ છે. તેઓશ્રી આ સેન્ટર ખાતે હવે લાગણીના નાતે પણ જોડાયેલા રહ્યા છે.

આ લેખ પૂરો કરતા પહેલા આપણે ડૉ. નિગમ મહેતાને તેમના તા. ૨૨-૨-૨૦૨૪ના જન્મદિનના અભિનંદન આપી આ લેખ અત્રે પૂર્ણ કરીએ. ■

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

## સંસ્થા વિભાગ

**સોમવાર, તા. ૧-૧-૨૦૨૪**

- આજ રોજ બોપલ ખાતે ચાર વર્ષની પૂર્ણાહુતિ અને પાંચમા વર્ષના મંગલ પ્રવેશ નિમિત્તે એક કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. તેમાં શ્રીમતી સંગીતાબેન ગાલા, શ્રી શાંતિલભાઈ સાવલા, શ્રી હિરેન શાહ, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી વિશાલ શાહ, ડૉ. રીધ્ધિબેન જોશી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## 'મંગલ મંદિર' અંગેનો દૈનિક રીપોર્ટ

**સોમવાર, તા. ૨૨-૧-૨૦૨૪**

- એપ્રિલ ૨૦૨૪થી નવા વર્ષની જાહેરાતો મેળવવાના અનુસંધાને આજ રોજ મંગલ મંદિર જાહેરાત સમિતિની એક મીટિંગ મળેલ હતી અને તેના અનુસંધાને જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

**બુધવાર, તા. ૨૩-૧-૨૦૨૪**

- એપ્રિલ ૨૦૨૪થી નવી જાહેરાતો મેળવવા માટે ૩ પ્રકારના પત્રો ટાઈપ કરાવવામાં આવ્યા.

## નવનીત મેડિકલ સેન્ટર - પાલડી

**ગુરૂવાર, તા. ૨૮-૧૨-૨૦૨૪**

- શ્રી પ્રીતિ શાહ, શ્રી કલ્પેશભાઈ ધર અને ધ્રુવી શાહે ફિઝીયોથેરાપી વિભાગમાં જરૂરી કસરત કરાવી રૂબરૂમાં જણાવી ગયેલ કે **તમારા ત્યાંના ડોક્ટર્સ અને સ્ટાફ સારી કાળજી રાખી પેશન્ટની ટ્રીટમેન્ટ કરે છે.** તેથી હવે પછી જરૂરિયાત મુજબ આ સેન્ટરનો જ લાભ લઈશું.

**બુધવાર, તા. ૩-૧-૨૦૨૪**

- ડૉ. દેવલ શાહ દ્વારા આજે મોતિયાના બે ઑપરેશન કરવામાં આવ્યા.

**ગુરૂવાર, તા. ૪-૧-૨૦૨૪**

- છેલ્લા ૫ વર્ષથી લેબ ટેકનિશિયન તરીકે કાર્યરત ભાવનાબેન જાદવે સ્વેચ્છાએ પોતાની પોસ્ટ પરથી રાજીનામુ આપતાં મેડિકલ સેન્ટરના સ્ટાફ દ્વારા આજરોજ એક વિદાય સમારંભનું આયોજન ગોઠવવામાં આવેલ હતું કે જેમાં સંસ્થાના મંત્રી શ્રી રજનીકાંત પારેખ, મેડિકલ સમિતિના કન્વીનર શ્રી અશ્વિનભાઈ સાવલા, એચ.આર. શ્રીમતી ખુશ્બુબેન શાહ, ડૉ. દક્ષાબેન રામાવત, શ્રી પીન્ટુભાઈ પટેલ, લેબ ઇન્ચાર્જ શ્રીમતી પીંકી પટેલ, જનરલ મેનેજર શ્રી કિશોરભાઈ ઠક્કર તથા મેડિકલ સેન્ટર અને સમાજના અન્ય સ્ટાફજનો ઉપસ્થિત રહેલ હતા અને ભાવનાબેનને ખૂબ ખૂબ શુભેચ્છા આપેલ હતી.

**શુક્રવાર, તા. ૫-૧-૨૦૨૪**

- આજ રોજ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડનું વેસ્ટ મેનેજમેન્ટ માટેનું સર્ટીફિકેટ બીજા પાંચ વર્ષ માટે રીન્યુ થઇને આવી ગયેલ છે.

**શનિવાર, તા. ૬-૧-૨૦૨૪**

- આજ રોજ દાંત વિભાગના નવા O.P.G. મશીન માટેનું AERB રજિસ્ટ્રેશનનું ૧૦ વર્ષ માટેનું સર્ટીફિકેટ આવી ગયેલ છે.

**સોમવાર, તા. ૨૨-૧-૨૦૨૪**

- 'મંગલ મંદિર'માં 'આપણા ડૉક્ટર્સને પહેચાનો' કોલમ માટે આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન ખાતેના મેડિકલ સેન્ટરના ફિઝીયોથેરાપી ડૉ. નિગમ મહેતાનો ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યો.

## નવનીત મેડિકલ સેન્ટર - બોપલ

**શનિવાર, તા. ૯-૧૨-૨૦૨૩**

- આજ રોજ ડૉ. મીત પટેલ દ્વારા મોતિયાનું એક ઑપરેશન કરવામાં આવેલ હતું.

**મંગળવાર, તા. ૧૨-૧૨-૨૦૨૩**

- આજ રોજ બોપલ મેડિકલ સેન્ટર ખાતે ડૉ. હિતેન્દ્ર શાહે ચાંગોદર તથા બોપલ મેડિકલ સેન્ટરના વિવિધ પ્રકારના ડૉક્ટર તથા સ્ટાફ માટેના ઈન્ટરવ્યુ લીધેલ હતા.
- ચાંગોદર મેડિકલ સેન્ટર માટે નવું PFT મશીન ખરીદવા માટે ચર્ચા કરવામાં આવેલ હતી.

**બુધવાર, તા. ૧૩-૧૨-૨૦૨૩**

- બોપલ ખાતેના ડાયાલિસિસ સેન્ટર ખાતે શ્રી હિતેશભાઈ જોશી ડાયાલિસિસ ટેકનિશિયન તરીકે આજથી જોડાયેલ છે.

**શનિવાર, તા. ૧૬-૧૨-૨૦૨૩**

- નેફ્રોલોજિસ્ટ ડૉ. મંથન કંસારા બોપલ ડાયાલિસિસ સેન્ટર પર અઠવાડિયામાં બે વખત વિઝીટે આવશે તેવું નક્કી કરવામાં આવેલ છે.

**મંગળવાર, તા. ૧૯-૧૨-૨૦૨૩**

- આજ રોજ લોકલ ન્યુઝ પેપર સીટી લાઇનમાં બોપલ મેડિકલ સેન્ટર માટે જોઇતા કાઉન્ટર ક્લાર્ક, ઓ.પી.ડી. આસિસ્ટન્ટ, ANM હેલ્પર સ્ટાફ અને લેબ ટેકનિશિયન માટે જરૂરી જાહેરાત આપવામાં આવેલ હતી.

**ગુરૂવાર, તા. ૨૧-૧૨-૨૦૨૩**

- આજ રોજ ચાંગોદર મેડિકલ સેન્ટર માટે ડૉ. હિતેન્દ્ર શાહે MBBS ડૉક્ટરના ઈન્ટરવ્યુ લીધેલ હતા.

**સોમવાર, તા. ૨૫-૧૨-૨૦૨૩**

- ડૉ. મીત પટેલ દ્વારા મોતિયાના ૩ ઑપરેશન કરવામાં આવેલ હતા.

**સોમવાર, તા. ૧-૧-૨૦૨૪**

- મેડિકલ ઓફિસર ડૉ. રીધ્ધિએ બોપલ મેડિકલ સેન્ટરનો ડિસેમ્બર-૨૦૨૩નો નીચે મુજબનો રીપોર્ટ તૈયાર કરેલ હતો. આ સેન્ટરમાં ટોટલ ૬૫૦૭ દર્દીએ સારવાર લીધેલ હતી કે જેમાં ૨૦૬ હેલ્થ ચેક-અપ, ૧૯૭ ડાયાલિસિસના અને ૧૧ મોતિયાના ઑપરેશન થયેલ હતા.
- **તા. ૧-૧-૨૦૨૪ના રોજ બોપલ મેડિકલ સેન્ટરને ૪ વર્ષ પૂરા થઈ તે પાંચમા વર્ષમાં પ્રવેશતું હોવાથી** એક નાનું સેલિબ્રેશન કરવામાં આવેલ હતું કે જેમાં શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રીમતી સંગીતાબેન ગાલા, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી હિરેનભાઈ કે. શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી વિશાલભાઈ શાહ તથા બોપલ મેડિકલ સેન્ટરમાં કાર્યરત ડૉક્ટર્સ તથા સ્ટાફ ઉપસ્થિત રહેલ હતા અને દીપ પ્રગટાવી તથા કેક કાપીને ઉજવણી કરવામાં આવેલ હતી.

**શનિવાર, તા. ૬-૧-૨૦૨૪**

- આજ રોજ ડૉ. મીત પટેલ દ્વારા મોતિયાના ૩ ઑપરેશન તથા ડૉ. ચાંદની અને ડૉ. પ્રકૃતિ દ્વારા મોતિયાના ૨ ઑપરેશન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ હતા.

## પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર

**મંગળવાર, તા. ૧૯-૧૨-૨૦૨૩**

- આજ રોજ શ્રી ગિરીશભાઈ પોલડિયા અને શ્રી પ્રતીક વ્યાસે હર્ષા એન્જિનિયરીંગ અને સુમીપ કોમ્પોસાઈટના HR ની મુલાકાત લઈ તેઓના કારીગરોને જરૂરિયાત મુજબ મેડિકલ વિભાગની તપાસણી કરાવવા તથા જરૂરી દવા કરાવવા પરમકૃપા મેડિકલ સેન્ટરની મુલાકાત લે તેવી વિગતોની તેઓ સાથે ચર્ચા કરી હતી.
- શ્રી પ્રતીક વ્યાસે આજરોજ 'આશ્રય હોસ્પિટલ' અને 'કેર એન્ડ ક્યોર હોસ્પિટલ'ના HR ને મળીને જણાવ્યું કે પરમકૃપા મેડિકલ સેન્ટરમાં બ્લડના બધા જ પ્રકારના ટેસ્ટ અને સોનોગ્રાફી કરવામાં આવે છે. તેથી તે અંગેની જરૂરિયાત મુજબના પેશન્ટને પરમકૃપા મેડિકલ સેન્ટર પર મોકલી શકે છે.
- શ્રી પ્રતીક વ્યાસ આજ રોજ ડૉ. પ્રદીપ મુંધવા અને ડૉ. વિજય રાઠોડને મળીને બ્લડ ટેસ્ટીંગ રીપોર્ટ અને સોનોગ્રાફી માટે તેઓના પેશન્ટને પરમકૃપા મેડિકલ સેન્ટર પર મોકલી આપવા જણાવ્યું.
- શ્રી પ્રતીક વ્યાસ તથા શ્રી ગિરીશ પોલડિયાએ ફાર્માટિક પ્રોસેસ કંપનીમાં જઈ, ત્યાંના શ્રી પ્રશાંત દવે સાથે પરમકૃપા મેડિકલ સેન્ટર અંગેની વિગતવાર માહિતી આપી અને જરૂરિયાત મુજબ આ સેન્ટરની સેવાનો લાભ લેવા જણાવ્યું અને આ સેન્ટર સાથે ટાઈ-અપ કરવા પણ જણાવ્યું.

**બુધવાર, તા. ૨૦-૧૨-૨૦૨૩**

- શ્રી પ્રતીક વ્યાસે 'હોફ ફર્નીચર'ના શ્રી ભૂપેન્દ્રભાઈને તથા 'ફોટોકીના કેમિકલ્સ'ના શ્રી જગદીશભાઈને રૂબરૂમાં મળી પરમકૃપા મેડિકલ સેન્ટરની મેડિકલ વિભાગની વિવિધ સેવાઓની વિગતવાર જાણકારી અને માહિતી આપેલ હતી.

**ગુરૂવાર, તા. ૨૧-૧૨-૨૦૨૩**

- શ્રી પ્રતીક વ્યાસે આજ રોજ (૧) આદિત્ય ઇક્વિપમેન્ટ્સ પ્રા.લિ., (૨) શ્રી માતંગી ઈન્વેસ્ટમેન્ટ પ્રા.લિ., (૩) દિયા પેકેજિંગ પ્રા.લિ., (૪) નીવા ફેક્સી પ્રિન્ટ અને (૫) બીગ બાસ્કેટ કંપનીમાં જઈ, ત્યાંના ઓફિસરોને રૂબરૂ મળી પરમકૃપા મેડિકલ સેન્ટરની વ્યાજબી દરની સેવાઓની વિગતવાર માહિતી આપેલ હતી.

**શુક્રવાર, તા. ૨૨-૧૨-૨૦૨૩**

- આજરોજ શ્રી પ્રતીક વ્યાસે (૧) સ્પેસ એલોય પ્રા.લિ., (૨) દાસો બેરીંગ્સ, (૩) શાહ ટેક્ષટાઇલ્સ, (૪) કોટીંગ ઇક્વિપમેન્ટ્સ અને (૫) કેમેક્સ વેલનેસ લિ. કંપનીની મુલાકાત લઈ તેઓને પરમકૃપા મેડિકલ સેન્ટરની પ્રવૃત્તિઓથી માહિતગાર કરેલ હતા.

**શનિવાર, તા. ૨૩-૧૨-૨૦૨૩**

- ચાંગોદર મેડિકલ સેન્ટર ખાતે આજરોજ PFT નું મશીન ઈન્સ્ટોલ કરવામાં આવ્યું.
- આજ રોજ શ્રી પ્રતીક વ્યાસે (૧) ટેગ મોલ્ડિંગ, (૨) રીવેક્સ પોલીપ્લાસ્ટ, (૩) શ્રીનાથ પ્રોડક્ટ્સ પ્રા.લિ., (૪) એમ.કે. સેલ્સ કોર્પોરેશન અને (૫) નિર્મળ એનર્જી લિમિટેડની મુલાકાત લઈ તેઓને પરમકૃપા મેડિકલ સેન્ટરની કિફાયતી દરની સેવા પ્રવૃત્તિઓની માહિતી આપેલ હતી.

**મંગળવાર, તા. ૨૬-૧૨-૨૦૨૩**

- આજ રોજ શ્રી પ્રતીક વ્યાસે કેમેક્સ વેલનેસ પ્રા.લિ. કંપનીમાં જઈ ત્યાંના ૪૬ કર્મચારીઓને પરમકૃપા મેડિકલ સેન્ટરના મેડિકલ કાર્ડ બનાવીને તેઓને આપ્યા.
- શ્રી પ્રતીક વ્યાસે એખયર બેક્સ કંપનીમાં ત્યાંના મેનેજર શ્રી અરૂણભાઈને મળીને પરમકૃપા મેડિકલ સેન્ટર વિશેની માહિતી આપી.

**બુધવાર, તા. ૨૭-૧૨-૨૦૨૩**

- આજ રોજ શ્રી પ્રતીક વ્યાસે જયંતીલાલ એન્ડ કંપનીમાં જઇ ત્યાંના ૫૦ કર્મચારીઓના પરમકૃપા મેડિકલ સેન્ટરના મેડિકલ કાર્ડ બનાવી તેઓને આપ્યા.

  તદુપરાંત ટોર્મોરસ કેર ફાર્માસ્યુટીકલમાં જઇ શ્રી મૃગેશભાઈને અને એસ.ડી. પેઈન્ટ્સ કંપનીના HR શ્રી સંદીપભાઈને મળીને પરમકૃપા મેડિકલ સેન્ટરમાં થતી સારવાર વગેરે વિગતવાર માહિતીથી તેઓને અવગત કર્યા.

**ગુરૂવાર, તા. ૨૮-૧૨-૨૦૨૩**

- આજ રોજ શ્રી પ્રતીક વ્યાસે ફાર્માટિક ઇક્વિપમેન્ટ્સ કંપનીમાં જઇ ત્યાંના ૧૦૦ કર્મચારીઓના મેડિકલ કાર્ડ બનાવીને આપ્યા. તેઓને મેડિકલ સેન્ટરમાં થતી સારવાર અંગેની વિગતવાર માહિતી આપતો પત્ર પણ આપ્યો.
- તે ઉપરાંત તેઓશ્રીએ (૧) દેવ પેપર હબ, (૨) રોયલ ઓપ્ટીકલ, (૩) લીથેમ ફાર્માસ્યુટીકલ, (૪) પરીખ ટ્રેડિંગ કંપનીના અધિકારીશ્રીઓને પરમકૃપા મેડિકલ સેન્ટરની મેડિકલ સારવારની વિગતોથી વાકેફ કર્યા.

**શુક્રવાર, તા. ૨૯-૧૨-૨૦૨૩**

- આજ રોજ ડૉ. એ.એ. કડિયાવાલા, M.B.B.S. ડૉક્ટરને મેડિકલ ઓફિસર તરીકે પરમકૃપા મેડિકલ સેન્ટરમાં એપોઇન્ટ કરવામાં આવ્યા.
- મોરૈયા ખાતેના રીયાન્સ પેટ્રોલ પંપના મેનેજર શ્રી મિલનભાઈ પરીખને મળી તેમના ૧૪ કર્મચારીઓના મેડિકલ કાર્ડ શ્રી પ્રતીકભાઈ વ્યાસે બનાવીને આપ્યા.
- ચાંગોદર ખાતે ડૉ. શરદ મિસ્ત્રીને મળી તેમના પેશન્ટો પરમકૃપા મેડિકલ સેન્ટરનો જરૂરિયાત મુજબ લાભ લે તેવી ચર્ચા કરપી.

**શનિવાર, તા. ૩૦-૧૨-૨૦૨૩**

- આજ રોજ પરમકૃપા મેડિકલ સેન્ટરમાં પલ્મોનોલોજિસ્ટ ડૉ. નમન પટેલને એપોઇન્ટ કરવામાં આવ્યા.
- આજ રોજ શ્રી પ્રતીક વ્યાસે જગદીશ એલ્યુમિનિયમ પ્રા.લિ.માં શ્રી ચિંતન ગાંધીને, કર્ણાવતી સ્ટીલ કંપનીમાં શ્રી રમેશભાઈને અને અમૂલ સ્ટીલ પેડર્સમાં શ્રી સ્મિત શેઠને મળીને તેમના કારીગરોને જરૂરિયાત પડે ત્યારે પરમકૃપા મેડિકલ સેન્ટરમાં સારવાર અર્થે મોકલી આપવા જણાવ્યું.

**સોમવાર, તા. ૧-૧-૨૦૨૪**

- ચાંગોદરની જિનકુશલ કંપનીમાં જઈને ત્યાંના શ્રી હેમાંગભાઈને મળ્યા અને તેઓની સાથે આપણા મેડિકલ સેન્ટરનું ટાઈ-અપ કરાવ્યું. હવેથી તેઓના વર્કર્સ સારવાર માટે પરમકૃપા મેડિકલ સેન્ટર પર આવવાનું શરૂ કરશે.
- મોરૈયા ખાતે ફોકસ લાઇટીંગ કંપનીમાં જઇ શ્રી રાહુલભાઈ રાઠોડ સાથે તેમના ૨૪૦ કર્મચારીઓના મેડિકલ ફિટનેસ આપણા સેન્ટર પર કરાવવા અંગે ચર્ચા કરી. ફાઈનલ નિર્ણય લેવાનું બાકી રહેલ છે.

**મંગળવાર, તા. ૨-૧-૨૦૨૪**

- આજ રૌજ મોરૈયામાં પ્રેક્ટીસ કરતા લગભગ બધા જ ડૉક્ટર્સ એટલે કે ડૉ. ચિરાગ અગ્રવાલ, ડૉ. અલ્પેશ ઠક્કર, ડૉ. મેહુલ પટેલ, ડૉ. કોમલ ઠક્કર વગેરે બધાને રૂબરૂમાં મળીને પરમકૃપા મેડિકલ સેન્ટર પર ફિઝીશિયન, પલ્મોનોલોજિસ્ટ વગેરે પ્રકારના ડૉક્ટરો કાર્યરત છે તેની વિગત આપી તથા PFT ના રીપોર્ટની પણ સગવડતા છે તેવી માહિતી આપેલ હતી.

**બુધવાર, તા. ૩-૧-૨૦૨૪**

- આજ રોજ અલતસનીમ કંપની તેમજ રેસટેક ફાર્માસ્યુટીકલ તેમજ ફોટોકિના કંપનીના જવાબદાર ઓફિસરોને મળી પરમકૃપા મેડિકલ સેન્ટરના વિભાગોના તથા તેના ચાર્જિસ અંગેની જાણકારી આપી.

**ગુરૂવાર, તા. ૪-૧-૨૦૨૪**

- આજ રોજ કેમેક્સ વેલનેસ કંપનીના HR જતીનભાઈ ડોલરીયાને મળીને તેમની સાથેની ટાઈ-અપની વિધિ પૂરી કરી.
- એ સિવાય સોશિયલ સ્ટીલ, તારા પેઇન્ટ્સ, આયુકલ્પ ફાર્મા, હિલેક્સ હાઇડ્રોલિક્સ અને સાર્ટ સૉ મિલની મુલાકાત લેવામાં આવી અને મેડિકલ સેન્ટર વિશે ચર્ચા કરી.

**શુક્રવાર, તા. ૫-૧-૨૦૨૪**

- આજ રોજ કર્ણાવતી કાર એન્ડ એરકંડિશનર કંપની તથા જયશ્રી પ્રોપેકની મુલાકાત લેવામાં આવી અને તેઓની સાથે પરમકૃપા મેડિકલ સેન્ટર અંગે ચર્ચા કરવામાં આવી.

**શનિવાર, તા. ૬-૧-૨૦૨૪**

- આજ રોજ નીચે મુજબની કંપનીઓની મુલાકાત લઈ જરૂરી ચર્ચા કરવામાં આવી : (૧) પ્રિયલ કોસ્મેટીક્સ, (૨) નર્મદા બાયોકેમ, (૩) શ્રીનાથ પ્લાય લેમ, (૪) સેમરોક કેમિકલ્સ, (૫) કે.એન.એમ. ફાર્મા પ્રા.લિ.

**સોમવાર, તા. ૮-૧-૨૦૨૪**

- આજ રોજ મેક્રો પોલીમર્સ, અરવિંદ ટેક્ષટાઈલ અને સિલિકોન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટની મુલાકાત લેવામાં આવી અને જે તે કંપનીના જવાબદાર અધિકારીઓ સાથે જરૂરી ચર્ચા કરવામાં આવી.

**બુધવાર, તા. ૧૦-૧-૨૦૨૪**

- કર્ણાવતી કાર એન્ડ એરકંડિશનર કંપનીમાં ચાંદનીબેન ઠક્કરને મળીને તા. ૧૧-૧-૨૦૨૪ના રોજ ૧૦૦ કર્મચારીના મેડિકલ ફિટનેસ પરમકૃપા મેડિકલ સેન્ટરમાં કરાવવાનું નક્કી કરવામાં આવ્યું.
- મોરૈયા ખાતેની ધર્મનંદન રેસિડેન્સિમાં ઘરે ઘરે મેડિકલ સેન્ટરના પેમ્ફલેટ્સનું વિતરણ કરવામાં આવ્યું.

**ગુરૂવાર, તા. ૧૧-૧-૨૦૨૪**

- આજ રોજ કર્ણાવતી કાર એન્ડ એરકંડિશનર કંપનીના ૮૮ કર્મચારીના મેડિકલ ફિટનેસનું કામ પૂર્ણ કર્યું.
- મેક્રો પોલીમર્સ તથા જયંતીલાલ એન્ડ કાું.ની મુલાકાત લીધી.

**શુક્રવાર, તા. ૧૨-૧-૨૦૨૪**

- મોરૈયા ખાતે ફોકસ લાઈટીંગ કંપનીમાં જઇ ૨૪૦ કર્મચારીના જનરલ હેલ્થ ચેક-અપનું માસિક પેકેજ નક્કી કર્યું.
- ત્યારબાદ શાનદાર ફ્લેક્સીપેક અને એમ્પાયર્સ બેકર્સ કંપનીની મુલાકાત લેવામાં આવી.

**મંગળવાર, તા. ૧૬-૧-૨૦૨૪**

- આજ રોજ (૧) એશિયન સ્ટીલ, (૨) જગદંબા સ્ટીલ, (૩) મેક્સિમા બાયોટેક, (૪) નિશાન ઇમ્પેક્સ અને (૫) નીવા ફ્લેક્સી પ્રિન્ટ કંપનીઓની મુલાકાત લેવામાં આવી.
- કર્ણાવતી કાર એન્ડ એરકંડિશનર કંપનીના કર્મચારીઓના રીપોર્ટ અને ફિટનેસ સર્ટીફિકેટની ફાઈલ રૂબરૂમાં પહોંચાડવામાં આવી.

**બુધવાર, તા. ૧૭-૧-૨૦૨૪થી ગુરૂવાર, તા. ૧૮-૧-૨૦૨૪**

- આજ રોજ (૧) અરવિંદ ટેક્ષટાઈલ, (૨) પ્રાર્થના એલોય, (૩) એસ.ડી. પેઇન્ટ્સ, (૪) જગદીશ એલ્યુમિનિયમ અને (૫) ફોટોકીના કેમિકલ્સ કંપનીની મુલાકાત લેવામાં આવી.
- મેરૈયા ખાતેની સુવાસ ટેનામેન્ટ સોસાયટીના ૩૫૦ ઘરોમાં પરમકૃપા મેડિકલ સેન્ટરના સારવારના પેમ્ફલેટ્સ રૂબરૂમાં પહોંચાડવામાં આવ્યા. ■

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ


## ૭૫મા પ્રજાસત્તાક દિવસની શાનદાર રીતે ઉજવણી કરવામાં આવી
## દેશના સુશાસન માટે સદાય સેવા યજ્ઞ માટે સમર્પિત રહેવા અનુરોધ...

દિલ્હીમાં રાષ્ટ્રધ્વજ અને પરેડને અનુલક્ષીને તેવા દેશપ્રેમના વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન સમગ્ર રાષ્ટ્રમાં ખૂણે ખૂણે પ્રજાસત્તાક પર્વના દિવસે કરવામાં આવે છે. ભારત દેશની આ એક વિશિષ્ટ પરંપરા રહી છે. વિદેશમાં ભારતીય દૂતાવાસો, કચેરીઓમાં પણ તેવા કાર્યક્રમોની આનંદભેર ઉજવણી થાય છે. તે પ્રસંગે અનેક દેશના વડાઓ, આગેવાનો તથા મહાનુભાવોની ખાસ ઉપસ્થિતિ રહે છે જે ભારત દેશ માટે અતિ ગૌરવની વાત છે.


શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પણ તેની આગવી પરંપરા અનુસાર પ્રતિવર્ષ પ્રજાસત્તાક દિવસની ભવ્ય રીતે ઉજવણી કરે છે. શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સમારંભના અતિથિ વિશેષ સંતશ્રી વૈરાગી બાબા સંસ્થાનના ટ્રસ્ટી શ્રી વિલાસરાવ શંકરરાવ બાવીસ્કરના વરદ્ હસ્તે રાષ્ટ્રના અમૃતકાળમાં તા. ૨૬-૦૧-૨૦૨૪ના રોજ સવારના ૯.૦૦ કલાકે ખુશનુમા વાતાવરણ વચ્ચે રાષ્ટ્રીય ધ્વજને લહેરાવવામાં આવ્યો હતો. ઉપસ્થિત સમાજના હોદ્દેદારો, અગ્રણીઓ, ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિના સભ્યો, મુંબઈથી અમદાવાદ શહેરની મુલાકાતે આવેલા શ્રી બોરીવલી કચ્છી વિસા ઓસવાલ મહાજનની ઈન્દ્રધનુષ સંસ્થાના છાત્રો તથા તેમના સંચાલકો તેમજ સમાજના પરિવારજનો, સ્ટાફ વર્ગ વગેરેએ રાષ્ટ્રગીત ગાઈને ધ્વજને માનપૂર્વક સલામી આપી હતી. અતિથિ વિશેષશ્રી સાથે રોટરી ક્લબના પદાધિકારી શ્રી દેવેન શાહ, શ્રીમતી દિપાલી પંચાલ પણ આ અવસરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સમારંભના આરંભમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મંત્રી શ્રી રજનીકાંત પારેખે અતિથિ વિશેષશ્રીઓ, મહેમાનો તથા સમાજના પરિવારજનોને આવકાર આપીને અતિથિ વિશેષશ્રીઓનો ખાસ આભાર માન્યો હતો. તેમની સંસ્થા દ્વારા સમાજને પ્રાપ્ત થયેલા અનુદાનનો તેમણે ખાસ ઉલ્લેખ કર્યો હતો અને એ પ્રકારનો સાથ સહકાર હંમેશાં મળતો રહેશે તેવી આશા વ્યક્ત કરી હતી.


આ પ્રસંગે ધ્વજવંદન બાદ, અતિથિ વિશેષશ્રીએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, માતૃભૂમિની રક્ષા કાજે તેમજ તેના સર્વગ્રાહી વિકાસ માટે લોકોએ દેશની પ્રગતિ



*ધ્વજ લહેરાવતા અતિથિ વિશેષ શ્રી વિલાસરાવ બાવીસ્કર*



*ધ્વજને સલામી આપતા સભ્યશ્રીઓ*



*પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડનું ઉદ્‌બોધન*



ધ્વજ વંદન કરતાં શ્રી વિલાસરાવ બાવીસ્કર

અંતર્ગતની કામગીરીમાં પ્રેમ અને વાત્સલ્ય સાથે સદા જાગૃત રહેવું જોઈએ. તેને સંબંધિત દરેક આયોજનોમાં પણ સંપૂર્ણ સાથ સહકાર આપવા હંમેશાં સજાગ રહેવા પણ ઉપસ્થિત સમુદાયને નમ્ર અનુરોધ કર્યો હતો. તે ઉપરાંત, આ અવસરે તેમણે ગાંધીજી અને શિવાજી મહારાજના આદર્શો અને તેમની વિચારધારાનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. તેમણે નવી પેઢીને વિકાસના પંથે આવતા કોઈપણ પ્રકારના અત્યાચાર સામે પૂરી તાકાતથી લડવા પણ જણાવ્યું હતું. તેઓશ્રીએ જૈન ધર્મની પણ ગાથા કરી હતી. જૈન ધર્મના ઉચ્ચ આદર્શો તથા મૂલ્યો તરફ સૌનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેમણે કહ્યું, જૈન ધર્મમાં અપરિગ્રહ, જીવદયા તથા તપ-જપનું ખૂબ મહત્ત્વ છે. પુણ્યની પ્રાપ્તિ માટે તપશ્ચર્યા એક આવશ્યક પ્રક્રિયા છે. તે તરફ અન્ય ધર્મના લોકોનું પણ ખાસ આકર્ષણ રહ્યું છે, તેમ તેઓએ વધુમાં જણાવ્યું હતું. પોતાના ઉદ્‌બોધનના અંતે પ્રજાસત્તાક જેવા મહાન પર્વની ઉજવણીમાં તેમને આમંત્રિત કરવા બદલ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ખાસ આભાર માન્યો હતો.

## પ્રજાસત્તાક પર્વની વિશેષતા...

*ભારત દેશને ૧૯૪૭માં આઝાદી મળી. ૧૯૫૦માં દેશ પ્રજાસત્તાક બન્યો. સાર્વભૌમ, પ્રજાલક્ષી, પ્રજાસત્તાક રાષ્ટ્રમાં પ્રશાસન માટે આવશ્યક બંધારણ ઘડતર હેતુ ૨૬મી જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ બંધારણ સભાનું ગઠન થયું. બંધારણ સભાએ ૨૬મી નવેમ્બર, ૧૯૪૯ના રોજ સર્વાનુમતે બંધારણ સ્વીકાર્યું હતું. આ લેખિત બંધારણ ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ – પ્રજાસત્તાક દિવસથી અમલમાં આવ્યું. દર વર્ષે ૨૬મી જાન્યુઆરીના દિવસે રાજધાની દિલ્હીના રાજપથ (કર્તવ્ય પથ) પર રાષ્ટ્રીય ધ્વજ લહેરાવવામાં આવે છે અને ભારતની ક્ષમતા, વિવિધતા તથા એકતા દર્શાવતી પરેડ પણ થાય છે. ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ પ્રથમ પરેડ રાજપથ પર નહીં પરંતુ મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ (ઈરવિન એમ્ફિથિયેટર)માં થઈ હતી. આઝાદ ભારતની પ્રજા માટે ત્યારે નવો અનુભવ હતો. તે સમયના રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રપ્રસાદ શું ભાષણ કરશે તેની આખા દેશને ઉત્સુકતા રહી હતી. ૧૯૫૪ સુધી વિવિધ સ્થળોએ આ પરેડનું આયોજન થતું હતું. ૧૯૫૫થી પરેડ માટે રાજપથની (કર્તવ્ય પથની) પસંદગી કરવામાં આવી હતી. જે આજે પણ જળવી રહી છે.*

**અહેવાલ આલેખન : દિનેશ આર. મહેતા**

સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે અતિથિ વિશેષશ્રી, પરિવારજનો વગેરેને આ અવસરે આવકારતા પ્રજાસત્તાક પર્વની સર્વેને શુભેચ્છા પાઠવી હતી. દેશની વર્તમાન કાર્યપદ્ધતિ અને તેના વિકાસમાં દરેક પ્રજાજને પોતાનો સંપૂર્ણ સાથ સહકાર આપવા તરફ તેમણે ખાસ ભાર મૂક્યો હતો.

કાર્યક્રમ દરમિયાન સમાજના ઉપપ્રમુખ શ્રી હિરેન શાહે અતિથિ વિશેષશ્રીની ઉપસ્થિતિ તેમજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સેવાકીય પ્રવૃત્તિઓ, ખાસ કરીને ડાયાલિસિસ જેવી તબીબી પ્રક્રિયામાં રોટરી ક્લબનો વિશિષ્ટ આર્થિક સહયોગ રહ્યો છે તેનો તેમણે વિશેષ ઉલ્લેખ કર્યો હતો. ક્લબની વિવિધ પ્રકારની કાર્ય પદ્ધતિની તેમણે પ્રશંસા કરી હતી. તે ઉપરાંત સમાજ દ્વારા ચાલતી કેટલીક સેવાકીય યોજનાઓનો યોગ્ય રીતે લાભ લેવા સૌને અનુરોધ પણ કર્યો હતો. વળી, કચ્છી જૈન હોવાનું ગૌરવ વ્યક્ત કરતાં કહેલું કે, "જૈન કદી લાભાર્થીનો ધર્મ જોતો નથી અને માત્ર જીવદયા

ધ્યાનમાં રાખી દાન કરે છે. તદ્દુપરાંત શ્રી વિલાસભાઈ આપણી આ જ ભાવનાથી આપણી સાથે બિપીનચંદ્ર જૈન કૌશલ્ય કેન્દ્રના ઉદ્દ્ઘાટનથી જોડાયા પછી ચાંગોદરમાં યથાશક્તિ ફાળો અને સહકાર આપ્યો અને હવે ટૂંક સમયમાં ખૂલનાર જશોદાનગર ખાતેના મેડિકલ સેન્ટરમાં પણ થાય તેટલો સહકાર આપવા કટીબધ્ધ થયા છે, તેમ કહ્યું હતું.'' તે સાથે મુંબઈથી અમદાવાદ શૈક્ષણિક પ્રવાસ હેતુ માટે આવેલા સ્કુલ છાત્રો અને તેમના સંચાલકોનો ઉલ્લેખ કરીને સમાજ દ્વારા અત્રે આયોજિત પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં સામેલ થવા બદલ તેમને બિરદાવીને તેઓનો ખાસ આભાર માન્યો હતો. છાત્રોના સંચાલકો પૈકી સુશ્રી અવનિ સાલિયાએ રાષ્ટ્રના સ્વચ્છતા અભિયાનમાં સૌને જોડાવવા નમ્ર અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમના અંતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત થતા માસિક મુખપત્ર ''મંગલ મંદિર''માં શ્રી રજનીકાંત પારેખના સંપાદન હેઠળ 'શબ્દ રમત' તથા 'સુડોકુ' સ્પર્ધાઓનું સાર્વજનિક રીતે નિયમિત રીતે પ્રસારણ થાય છે તેના વિજેતાઓને આજના સમારંભના અતિથિ વિશેષશ્રીના હસ્તે ઇનામોનું વિતરણ કરીને કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

***રજનીકાંત પારેખ***

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***



*ધ્વજ વંદન સમયે ઉપસ્થિત સભ્યો*



*સુડોકુ / શબ્દ રમતના ઈનામ લેતા સ્મિતાબેન શાહ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### સંપૂર્ણ બોડી ચેક-અપ

***સભ્યશ્રીઓ,***

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો માટે સંસ્થા દ્વારા સંપૂર્ણ બોડી ચેક-અપની સ્કીમ દર વર્ષે આપવામાં આવે છે. જે સભ્યોને બોડી ચેક-અપ કરાવવાનું બાકી હોય તેઓને જાન્યુઆરી-ફેબ્રુઆરી માસ દરમિયાન બોડી ચેક-અપ કરાવી લેવા અપીલ કરવામાં આવે છે. જેથી માર્ચ માસમાં બોડી ચેક-અપ કરાવનારાઓની સંખ્યામાં વધારો ન થાય અને બાકી રહેલ સભ્યોને તકલીફ ન પડે.***

સહકાર બદલ આભાર...

***– મેનેજમેન્ટ***

## યુવા વિકાસ સમિતિ

યુવા વિકાસ સમિતિ દ્વારા તારીખ ૨૨ અને ૨૩ માર્ચ ૨૦૨૪ના રોજ પાલીતાણા છ'ગાઉ યાત્રાનું એક બસ માટેનું આયોજન કરવામાં આવેલ છે જેનું રજિસ્ટ્રેશન વહેલા તે પહેલાના ધોરણે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કરાવવાનું રહેશે.

***આ યાત્રા માટે રજિસ્ટ્રેશન ફી :***

શ્રી કચ્છી જૈન સભ્યો માટે : રૂા. ૬૦૦/-

અન્ય કોઈ પણ જૈન માટે : રૂા. ૯૦૦/-

તારીખ ૨૧ માર્ચના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેથી રાત્રીના ૧૦ વાગે બસ ઉપડશે અને ૨૩ માર્ચના રોજ રાત્રીના પરત ફરશે.

***વધુ માહિતી માટે સંપર્ક :***

*જયદીપ મૈશેરી : ૯૦૧૬૦ ૭૬૬૨૬*

*અંકિત મહેતા : ૮૪૬૦૪ ૧૯૩૬૨*

***જયદીપ મૈશેરી, કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## *બાળકથી બા ની સફર*

**(સ્ત્રીની ઉંમર સાથેની બદલાતી ભૂમિકા અને બાળઉછેર)**

**અને**

***Self Grooming***

**(આપણી હેર સ્ટાઇલ / મેક-અપ જાતે કરવાની કળા)**

**પ્રભાવશાળી વક્તામિત્રો અને બહેનોની બહોળી હાજરીએ કાર્યક્રમને સફળ બનાવ્યો**

*“પરિવારમાં સ્ત્રીનું સ્થાન અનિવાર્ય અને દરેક ઉંમરની સાથે બદલાતી ભૂમિકા પણ એટલી જ અનિવાર્ય.”*

એ જ વિચારની તર્જ ઉપર “બાળકથી બા ની સફર” કાર્યક્રમ તા. ૨૨-૧૨-૨૦૨૩ને શુક્રવારના રોજ પાલડી ભવન ખાતે યોજાઈ ગયો. જેમાં સમાજના સભ્ય બહેનો સાથે સ્ત્રી નિકેતન અને અન્ય સંસ્થાની બહેનોએ ખૂબ મોટી સંખ્યામાં હાજરી આપી. ત્રણ વક્તા મિત્રોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ ગોઠવાયો.

*પ્રથમ વક્તામિત્ર :* **ડૉ. જોલી પરીખ**

★ *વિષય :* ***Preconception to Parenting***

(વક્તવ્યમાં ગર્ભસંસ્કાર અને સ્ત્રીની ઉંમર સાથે બદલાતી ભૂમિકાને વણી લેવામાં આવ્યા હતા.)

★ ***પરિચય :*** આયુર્વેદ કન્સલ્ટન્ટ (with holistic approach). ચંદ્રનગર - અમદાવાદ ખાતે પોતાનું ક્લિનિક ધરાવે છે. સ્ત્રી શક્તિ ગર્ભ સંસ્કાર કેન્દ્રના તેઓ ગુજરાત ખાતેના ચીફ કાઉન્સેલર છે. ગર્ભસંસ્કાર ટ્રેઇનર પણ છે. Best Counselor for pre concieve phase, pregnancy phase & post delivery phase.

★ ***એમના વક્તવ્યના મુદ્દાઓ :***

૧. સ્ત્રીઓની ઉંમર સાથે બદલાતી ભૂમિકાઓ અને એના લીધે થતા માનસિક ફેરફારો.
૨. માતૃત્વ અને જવાબદારી.
૩. હેલ્ધી લાઇફ સ્ટાઇલ.
૪. આહાર, વિહાર અને વિચાર.
૫. જૂની માન્યતાઓ વિશેની ગેરસમજ.
૬. ગર્ભવતી સ્ત્રીના બાળક ઉપર થતી ઘરના વાતાવરણની અસર.




*વક્તા મિત્રો, કન્વીનર અને સમિતિના સભ્યો*

૭. ગર્ભાધાન માટેની પૂર્વ તૈયારી (Preconception planning) કેમ કે સુધારો બીજમાં થાય, વૃક્ષમાં નહીં.
૮. ગર્ભ સંસ્કાર – ગર્ભવતી સ્ત્રીઓને અપાતી ટ્રેનિંગ દ્વારા ગર્ભમાં રહેલા શિશુને અપાતી તાલીમ.
૯. જનરેશન ગેપ – આ વિષય ઉપર ખૂબ ભાર મૂક્યો હતો.

★ ***વક્તવ્યની ઝલક :***

“Preconception to Parenting” – ગર્ભસંસ્કાર એ બાળકના જન્મ પહેલા અને જન્મ પછી પણ ચાલતી એક અવિરત પ્રક્રિયા છે. જો સફળ પેરેન્ટીંગ થાય તો આવનારી પેઢી બુદ્ધિશાળી, નીડર, તંદુરસ્ત અને સંસ્કારી તૈયાર થાય.

એ ત્યારે જ શક્ય છે, જ્યારે Happy Home નું નિર્માણ થાય.

***HAPPY HOME એટલે...***

૧. જ્યાં દરેક પેઢીની સ્ત્રી પ્રફુલ્લિત હોય, એકમેકને સહકાર આપતી હોય, એડજસ્ટ થતી હોય.
૨. કુટુંબના દરેકે દરેક સભ્યનું હકારાત્મક વલણ હોય. એકબીજાને સન્માન અપાતું હોય.
૩. ટૂંકમાં, ઘરનું વાતાવરણ આનંદિત અને ખુશખુશાલ હોય.

પણ આ Happy Home ના નિર્માણમાં મોડી અડચણ છે – જનરેશન ગેપ.

જો આ જનરેશન ગેપ ઓછો થાય તો જ બાળકના ઉછેરમાં પરંપરાગત અને આધુનિક સંસ્કારો - વિચારોનું સમન્વય થાય. પરિણામે એક શ્રેષ્ઠ નાગરિકનું સર્જન થઈ શકે.

***પણ આ જનરેશન ગેપ ઓછો કરવો કેમ?***

આ ગેપ ઓછો કરવા ડૉ. જોલી પરીખે ખૂબ વિસ્તૃત માહિતી આપી હતી. જૂની પેઢી અને નવી પેઢી બંનેને અલગ અલગ ઉદાહરણો આપીને, ઘરમાં થતા રોજબરોજના પ્રસંગોને આવરીને ખૂબ હળવાશ અને રમૂજ સાથે કુટુંબમાં સંવાદિતા કેમ જળવાય તે ખૂબ જ રસપ્રદ શૈલીમાં સમજાવ્યું હતું. ખરેખર, એ વાત બહેનોના ગળે શિરાની જેમ ઉતરી ગઈ હતી.

***દ્વિતીય વક્તામિત્ર : શ્રીમતી સંજના શાહ***

★ ***વિષય : શારીરિક રીતે કેમ ફીટ રહેવું.***

★ ***પરિચય :*** તેઓશ્રી Founder of "Breathe 360⁰ Life style Transformation" છે. Certified Yoga Trainer from Gujarat University in 2012 thro' Shivanand Ashram. Advance training YCB Level 3, Ministry of Ayush – Govt. of India માંથી લીધી છે. Pre natal & Corporate Yog Expert છે. Closely associated with Stree Shakti Garbhsanskar Kendra (સ્ત્રી શક્તિ ગર્ભસંસ્કાર કેન્દ્ર).

સ્ત્રીની બદલાતી ઉંમર સાથેના શારીરિક ફેરફારોને ધ્યાનમાં રાખીને વિવિધ આયામો ઉપર સમજ આપી હતી. જેવા કે... ● Back pain. ● Bloating. ● Walking style. ● Premanopose problems. ● દિનચર્યા મેનેજમેન્ટ.

ઉપરાંત, ખુરશી પર બેઠા બેઠા જ થઈ શકે તેવી થોડી સૂક્ષ્મ ક્રિયાઓ પણ શીખવી હતી. ડેઈલી રૂટીનમાં આસાનીથી થતી કસરતો બહેનોએ ઉમળકાભેર સ્વિકારી હતી.

***તૃતીયા વક્તામિત્ર : શ્રીમતી દીપલ ત્રિપાઠી.***

★ ***વિષય : Self Grooming.***

★ ***પરિચય :*** કોમર્સના અનુસ્નાતક છે. પ્રોફેશનલી એક મેક-અપ આર્ટીસ્ટ છે. જેના માટેની તાલીમ Orane International Academy માંથી પ્રાપ્ત કરેલ છે.

તેઓશ્રી સર્ટીફાઈડ યોગ પ્રોટોકોલ ઈન્સ્ટ્રક્ટર પણ છે. જે આયુષ મંત્રાયલ - Govt. of India દ્વારા પ્રમાણિત છે.

એમણે હેર સ્ટાઇલ અને મેક-અપનું લાઇવ ડેમોન્સ્ટ્રેશન આપ્યું હતું. સાથે સાથે નાની મોટી ઘણી ટીપ્સ આપી હતી. જે બહેનોને ખૂબ ઉપયોગી થઈ પડી હતી. એમણે પોતાની કામગીરી ખૂબ જ ખંતપૂર્વક અને ઉત્સાહપૂર્વક બજાવી હતી.

બ્યુટી પાર્લરમાં ગયા વગર જ આપ જાતે ઘરે જ તૈયાર થઈ શકો, એનાથી રૂડું શું???

વિશેષતા : ટેકનોલોજીની મદદથી Self Grooming નું લાઇવ ડેમોન્સ્ટ્રેશન સૌ બહેનો મોટા સ્ક્રીન પર નિહાળી શક્યા હતા. જે ખરેખર નોંધનીય વાત હતી.

બધા જ વક્તાઓએ પોતાનું વક્તવ્ય P.P.T. દ્વારા આપ્યું હતું જે બહેનોએ વધાવ્યું હતું.

Thanks to technology.

***સમિતિની પ્રણાલી મુજબ –***

૧. મહિલા સાહસિકો – ૧૦ બહેનો Woman Entrepreneur ને પોતાની આવડત પ્રદર્શિત કરવા ટેબલ ફાળવ્યા હતા. સૌને ખૂબ




*વક્તા મિત્ર ડૉ. જોલી પરીખ*



*વક્તા મિત્ર સંજના શાહ*



*મેક-અપ આર્ટીસ્ટ દીપલ ત્રિપાઠી*



*બહોળી સંખ્યામાં હાજર બહેનો*

સારો પ્રતિસાદ મળ્યો હતો.

૨. આ વખતે પણ નાસ્તો સમાજની જ બહેનો પાસેથી બનાવડાવેલ હતો.

૩. Hair Donation for Cancer Patients (રોટરી ક્લબ ઓફ વાસણા અને મહિલા ઉત્કર્ષ સમિતિ – શ્રી ક.જૈ.સે.સ.ના સંયુક્ત ઉપક્રમે ચાલતી પ્રવૃત્તિ) અંતર્ગત Donors ને સર્ટીફિકેટ અપાયા હતા.

૪. સેવાકીય ભાવનાથી પધારેલ સૌ વક્તા મિત્રોનું માત્ર મોમેન્ટોથી બહુમાન કરાયું હતું.

***આભારવિધિ* :** સ્ત્રી નિકેતન સંસ્થા તરફથી રૂા. ૫,૦૦૦/- નું યોગદાન મળ્યું હતું. જેને સમિતિએ વધાવ્યું હતું. વક્તામિત્રોનું સમયદાન અને પોતાની Expertise Share કરવા બદલ આભાર મનાયો હતો. ૧૬૦ જેટલી બહેનો શિયાળાની બપોરે હાજર રહ્યા – એમનો પણ આભાર માન્યો હતો. સમિતિની મહેનત થકી કાર્યક્રમ સફળ રહેવા પામ્યો હતો.

કાર્યક્રમ ખૂબ માહિતીસભર, રસપ્રદ, નવી ટેકનોલોજી સાથેનો અનોખો રહ્યો હતો. જેની સૌ બહેનોએ ખૂબ પ્રશંસા કરી હતી.

***સમિતિની પ્રવૃત્તિઓની જાણકારી મેળવવા***
***Whatsapp @ 80009 72969 ઉપર જોડાઓ.***

***શ્રીમતી સુલુ શાહ, કન્વીનર – મહિલા ઉત્કર્ષ સમિતિ***

## તા. ૧૫-૧૨-૨૦૨૩થી તા. ૧૧-૦૧-૨૦૨૪ સુધી 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી

### ૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧. | મયુર શામજી વીસરિયા | થાણા | ૧૯-૧૨-૨૩ |
| ૨. | નીલેશ કાંતિલાલ શેઠિયા | અમદાવાદ | ૨૨-૧૨-૨૩ |
| ૩. | હેમચંદ પ્રેમચંદ મહેતા | મુંબઈ | ૦૧-૦૧-૨૪ |
| ૪. | સંજય નરશી લોડાયા | અમદાવાદ | ૦૪-૦૧-૨૪ |
| ૫. | દેવાંગ પ્રફુલ શાહ | અમદાવાદ | ૦૩-૦૧-૨૪ |
| ૬. | અરવિંદ જયંતીલાલ ભટ્ટ | અમદાવાદ | ૧૦-૦૧-૨૪ |
| ૭. | ભૂવા સાહેબ (શિક્ષક) | જુનાગઢ | ૧૧-૦૧-૨૪ |
| ૮. | અશોકભાઈ કાંતિલાલ ગઠાણી | જુનાગઢ | ૧૧-૦૧-૨૪ |

### ૨ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧. | અશોક એસ. શાહ | સુરત | ૧૬-૧૨-૨૩ |
| ૨. | વિરાજ યશોધન મહેશ્વરી | ગાંધીનગર | ૦૬-૦૧-૨૪ |

### ૩ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રેમજી નાગજી શાહ (ગોસર) | મ.પ્ર. | ૨૭-૧૨-૨૩ |
| ૨. | ગીતેશ છગનલાલ ગાંધી | ગાંધીનગર | ૧૫-૦૧-૨૪ |

### ૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧. | દીપક ધીરજલાલ ગડા | અમદાવાદ | ૧૫-૧૨-૨૩ |
| ૨. | ધર્મેન્દ્ર ભાણજી મહેતા | અમદાવાદ | ૨૫-૧૨-૨૩ |
| ૩. | મહેન્દ્ર ભાણજી મહેતા | અમદાવાદ | ૨૫-૧૨-૨૩ |
| ૪. | કેશવજી પ્રેમજી નરશી છેડા | હૈદ્રાબાદ | ૨૭-૧૨-૨૩ |
| ૫. | નીલેશ ઝવેરચંદ ગાલા | મુંબઈ | ૨૮-૧૨-૨૩ |
| ૬. | વલ્લભજી ભાણજી ગડા | મુંબઈ | ૨૮-૧૨-૨૩ |
| ૭. | કાંતિલાલ મેઘજી ખીંયશી છેડા | મુંબઈ | ૧૦-૦૧-૨૪ |

### ૧૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧. | હેમલતા પ્રદીપ શાહ | અમદાવાદ | ૧૬-૧૨-૨૩ |
| ૨. | મણિલાલ વિશનજી વીરા | નવસારી | ૨૭-૧૨-૨૩ |
| ૩. | શિલ્પા નિમેશ શાહ | અમદાવાદ | ૨૮-૧૨-૨૩ |
| ૪. | ઉષા બી. સંઘવી | ઓરીસ્સા | ૨૯-૧૨-૨૩ |
| ૫. | સાગર મહેશભાઈ મીઠાણી | રાજકોટ | ૦૩-૦૧-૨૪ |
| ૬. | ધીરજલાલ લાલજી મારૂ | અમદાવાદ | ૦૫-૦૧-૨૪ |

*નોંધ : લવાજમ ભરનાર ૨૫ વ્યક્તિઓમાંથી ૧૦ વ્યક્તિઓ અમદાવાદની છે કે જ્યારે ૧૫ વ્યક્તિઓ અમદાવાદ બહારની છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : વયસ્ક સમિતિ

### વયસ્ક સમિતિ દ્વારા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે રાષ્ટ્રગીતો - શૌર્યગીતોની રજૂઆત દ્વારા દિલબર કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું...

★ *તેરે દામનસે જો આયે, ઉન હવાઓં કો સલામ,*
*ચૂમ લું મૈં ઉસ ઝુબાં કો, જીસપે આયે તેરા નામ...*

★ *સબસે ન્યારા ગુલિસ્તાં હમારા હૈ,*
*સબસે ન્યારા દેશ હમારા હૈ...*

૨૬મી જાન્યુઆરી – પ્રજાસત્તાક દિવસ નિમિત્તે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વયસ્ક સમિતિ દ્વારા તા. ૨૬-૦૧-૨૦૨૪ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રાષ્ટ્રગીતો તથા શૌર્યગીતોની રજૂઆતવાળા એક ખાસ કાર્યક્રમનું આયોજન ખૂબ જ સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

ભારત દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં તન, મન અને ધનથી યોગદાન આપનારા અસંખ્ય નામી-અનામી દેશ ભક્તો તથા હિંદી ફિલ્મોના ગીતકારો, સંગીતકારો, ગાયક-ગાયીકાઓ, નિર્માતા - દિગ્દર્શકો જેમણે સંયુક્ત પ્રયત્નોથી રાષ્ટ્રપ્રેમને બિરદાવતા - વધાવતા જે અમર ગીતોનું સર્જન કર્યું છે તે ગીતો સૂર્ય અને ચંદ્રના પ્રકાશની જેમ જનમાનસ પર છવાઈ ગયા છે. આ દેશના તમામ લોકો પર આ પ્રકારના ગીતોનો અસામાન્ય પ્રભાવ રહ્યો છે અને રહેશે એ વાત ચોક્કસ છે.

*કહેની હૈ ઈક બાત હમેં ઈસ દેશકે પહેરેદારોંસે,*
*સંભલ કે રહના અપને ઘરમેં છૂપે હુએ ગદ્દારોંસે...*

શૌર્યગીતોમાં કોઈ અંતરામાં અખાતી દેશોમાં વપરાતા મેન્ડોલીન જેવા વાદ્યને સહારે એક અસામાન્ય, અનન્ય ઢાળ આપવામાં આવ્યો છે તો કોઈ જગ્યાએ સિન્થેસાઈઝરથી સર્જાતી વિવિધ વાદ્ય લહેરીઓ, ગીતના અંતરાઓની વચ્ચે ઘૂઘવતા સાગરની છોળોની જેમ ધસમસે છે અને શ્રોતાઓના અંતરમનને ભીંજવી દે છે. રાષ્ટ્રગીતોના રચયિતા અને સંગીતકારોની આ છે અનન્ય કમાલ. રાષ્ટ્રગીતોની તમામ પ્રકારે ગોઠવણી અને માવજત તદ્દન નવ-નવેલી, ચિત્તાકર્ષક અને Path Breaking રહી છે.

રાષ્ટ્રીય એકતાને વધારવામાં હિંદી ફિલ્મોનો ફાળો નાનોસૂનો નથી. જ્યાં જ્યાં હિંદી ફિલ્મો ચાલતી હોય ત્યાં હિંદી ભાષા જાણે અજાણે બોલાતી જાય છે. આ રીતે રાષ્ટ્રગીતો દ્વારા વિવિધ પ્રાંતના નાગરિકોને એક કરતી, તેમનામાં એકતા લાવતી એક દોર, એક કડી બંધાઈ જાય છે.



*શ્રીમતી દમયંતીબેન દિલીપભાઈ દંડ અને શ્રી દિલીપભાઈ દંડ – કુટુંબીજનો સાથે મેરેજ એનીવર્સરીની કેક કાપતા.*



*મેરેજ એનીવર્સરીની કેક કાપતા શ્રીમતી મીનાક્ષી રજનીકાંત પારેખ અને શ્રી રજનીકાંતભાઈ પારેખ. સાથે કુટુંબીજનો...*



*કાર્યક્રમ માણતા વડીલો*

તે સાથે રાષ્ટ્રભાવનાની જ્યોત જૂની, નવી અને ઉગતી પેઢીઓમાં જ્વલંત રહી છે.

*★ સારે જહાં સે અચ્છા... ★ આઓ બચ્ચોં તુમ્હે દિખાયે... ★ ઈન્સાફ કી ડગર પે... ★ હોઠોં પે સચ્ચાઈ રહતી હૈ.... ★ અય મેરે પ્યારે વતન... ★ કર ચલે હમ ફિદા... ★ મેરે દેશકી ધરતી... ★ હૈ પ્રીત જહાં કી રીત સદા... ★ દિલ દિયા હૈ, જાન ભી દેંગે... ★ અય મેરે વતનકે લોગોં...*

વયસ્ક સમિતિના ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન આ પ્રકારના અનેક અમર રાષ્ટ્રગીતોની સૂરાવલી ગુંજી ઉઠી હતી. ઉપસ્થિત સભ્યો રાષ્ટ્રપ્રેમ અને દેશદાઝથી ઝુમી રહ્યા હતા. આ હતી કાર્યક્રમની એક ખૂબ જ અજોડ અને અનોખી પ્રસ્તુતિ.

*દેશદાઝ જગાવતા રાષ્ટ્રગીતોની સરગમ રજૂ કરનાર હતા :*

★ અતિથિ વિશેષ શ્રીમતી અર્ચના બાવીસ્કર

★ ***રોટરી ક્લબના મેમ્બરો :*** શ્રીમતી દિપીકાબેન પંચાલ, શ્રી દેવેન શાહ

★ ***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારજનો :*** શ્રી જીત શાહ, શ્રી મનીષ ખોના, શ્રી નિખિલ ખોના, શ્રી પ્રિયેશ સંઘવી, શ્રી તીર્થ સંઘવી, શ્રી નીતિન સંઘવી, શ્રી રોહિત શાહ, કુ. વૃષ્ટિ પ્રદીપ મહેતા.

કાર્યક્રમ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા અગાઉ આયોજિત થયેલા રાષ્ટ્રીય પર્વ નિમિત્તેના ઉત્સાહપ્રેરક કાર્યક્રમો સંબંધી એક ડોક્યુમેન્ટરી પણ ઉપસ્થિત સભ્યોને બતાવવામાં આવી હતી.

સમિતિના નીચે મુજબના પરિવાર સભ્યોની લગ્ન વર્ષગાંઠ તથા જન્મ દિવસની ઉજવણી ઉપસ્થિત સમુદાય વચ્ચે આનંદમય રીતે કરવામાં આવી હતી.

★ ***શ્રી નીતિન સંઘવી : જન્મ દિવસ***

★ ***શ્રીમતી દમયંતી દંડ અને શ્રી દિલીપ દંડ : લગ્ન વર્ષગાંઠ***

★ ***શ્રીમતી મીનાક્ષી પારેખ અને શ્રી રજનીકાંત પારેખ : લગ્ન વર્ષગાંઠ***

આજના આ કાર્યક્રમ માટે અત્રે નીચે દર્શાવેલા સભ્યો તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો. સમિતિ દ્વારા તેઓ દરેકનું ઉચિત સન્માન કરવામાં આવ્યું હતું.

*રૂા. ૭૫૦૦/- શ્રી દિલીપ દંડ*

*રૂા. ૫૦૦૦/- શ્રી ચિત્રસેન શાહ*



*કાર્યક્રમની રંગત માણતી મહિલાઓ*



*ગાયક વૃંદ*



*બર્થ ડે કેક કાપતા શ્રીમતી અને શ્રી નીતિન સંઘવી*



*કાર્યક્રમમાં ઉપસ્થિત શ્રી વિલાસરાવ બાવીસ્કાર અને શ્રીમતી અર્ચના વિલાસરાવ બાવીસ્કર*

*રૂા. ૨૫૦૦- શ્રી રજનીકાંત પારેખ*

*રૂા. ૧૫૦૦/- શ્રી નીતિન સંઘવી*

*રૂા. ૧૫૦૦/- શ્રી લક્ષ્મીચંદ વીરા*

કાર્યક્રમમાં ગવાયેલા અનેક ગીતો અમર થઈ ગયા છે અને ખાસ કરીને સ્વાતંત્ર્ય દિને અને પ્રજાસત્તાક દિન જેવા રાષ્ટ્રીય તહેવારોએ અનેક જાહેર કાર્યક્રમોમાં સંભળાતા હોય છે, ગવાતા હોય છે. ગંગામાં જ્યાં સુધી પાણી વહેતા રહેશે, હિમાલયની પવન લહેરીઓ જ્યાં સુધી શીતળતા પ્રસરાવતી રહેશે, ભારતના કિનારા પર સાગર હિલોળા લેતો રહેશે... ત્યાં સુધી રાષ્ટ્રપ્રેમના આ ગીતો આકાશમાં ટમટમતા તારાઓની જેમ લાખો-કરોડો શ્રોતાઓ - પ્રેક્ષકોના ચિતવનમાં ગૂંજતા રહેશે અને સ્વાતંત્ર્ય વીરોની સ્મૃતિના પડઘા પાડતા રહેશે... આવા વિચારો, લાગણી સાથે કાર્યક્રમમાં ઉપસ્થિત સભ્યોએ રાષ્ટ્રપ્રેમની ધન્યતા અનુભવી હતી અને આ પ્રકારના કાર્યક્રમના આયોજન બદલ સમિતિ અને તેના કાર્યકર્તાઓ - સભ્યોનો આભાર માનીને સલામ કરી હતી.

કાર્યક્રમના અંતે પ્રવર્તમાન મોસમને અનુરૂપ સૌને ભાવતા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

***દિલીપ દંડ, કન્વીનર - વયસ્ક સમિતિ***

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **વિલાસ રવિલાલ નથુભાઈ ઝવેરી**
  ઈ-૯, કોમલ એન્કલેવ, ધર્મેન્દ્રનગર સોસાયટી,
  શાંતિવન ચાર રસ્તા, ચંદ્રનગર BRTS પાસે,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૮૪૦૧૯ ૪૬૮૨૮, ૮૭૩૪૯ ૩૧૫૦૯

- **ગૌરાંગ પ્રફુલ જીવરાજ શાહ (લોડાયા)**
  એ-૧૧, શેફાલી એપાર્ટમેન્ટ,
  આનંદ આશ્રમ કો.ઓ. હાઉસિંગ સોસાયટી,
  લાવણ્ય સોસાયટીની પાછળ,
  વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૩૪૪૮ ૫૪૦૪૫, ૯૫૮૬૨ ૮૮૭૯૬

- **સંજય નરશી ખેતશી લોડાયા**
  બી-૬૦૪, માઈઘર રેસિડેન્સી,
  દિલ્હી પબ્લિક સ્કૂલ પાસે, ઇસરો સામે,
  બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮.
  મો. ૯૮૨૫૩ ૧૫૮૩૪, ૯૦૯૯૦ ૨૩૮૯૮

- **હિરેન વીરચંદ ધનજી નાગડા (શાહ)**
  બી-૨૦૪, કૃપાલ બચપન, ક્લબ ઓ-૭ ની સામે,
  સ્કાય સિટી રોડ, શેલા, અમદાવાદ-૩૮૦ ૦૫૮.
  મો. ૯૮૭૯૯ ૫૫૨૦૬, ૯૮૭૯૭ ૫૫૨૦૬

- **ગીતેશ છગનલાલ નાથાલાલ ગાંધી**
  ૧૭૬/૩, ઘ-૧, સરકારી વસાહત,
  સર્વ શિક્ષા અભિયાન પાસે, સેક્ટર-૧૭,
  ગાંધીનગર-૩૮૨ ૦૧૭.
  મો. ૯૪૨૮૮ ૧૮૫૦૩, ૯૮૨૫૬ ૩૭૫૭૫

## અવસાન નોંધ

- **ગુરૂવાર, તા. ૧૮-૦૧-૨૦૨૪**

**હરખચંદ પ્રેમજી શાહ** (ઉં.વ. ૮૧) (રાયણ - અમદાવાદ)નું આજ રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

***પ્રભુ સદ્‌ગતશ્રીના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના...***

# સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### પરમકૃપા મેડિકલ સેન્ટર – દાંત વિભાગ

રૂા. ૧૧,૦૦,૦૦૦/- મા કમલા ચેરીટેબલ ટ્રસ્ટ - અમદાવાદ

### મેડિકલ રીલીફ યોજના

| | | |
|---|---|---|
| રૂા. | ૧૧,૦૦૦/- | શ્રીમતી ઈંદુમતીબેન જાદવજી શાહ - અમદાવાદ |
| રૂા. | ૧૦,૦૦૦/- | શ્રી સુભરા અલમોરા - અમદાવાદ |
| રૂા. | ૫,૦૦૦/- | શ્રી પ્રમોદરાય યુ. મલકાન |
| રૂા. | ૨,૧૦૦/- | શ્રી ભાવેશભાઈ તલાટી - અમદાવાદ |
| રૂા. | ૫૦૦/- | શ્રી નયનભાઈ રમણિકભાઈ ગંગર - મુંબઈ |

### વયસ્ક સમિતિ

| | | |
|---|---|---|
| રૂા. | ૭,૫૦૦/- | શ્રી દિલીપ કુંવરજી દંડ - અમદાવાદ |
| રૂા. | ૭,૫૦૦/- | શ્રી રજનીકાંત ધરમશી પારેખ - અમદાવાદ |
| રૂા. | ૫,૦૦૦/- | શ્રી ચિત્રસેન રવજીભાઈ શાહ - ગાંધીનગર |

***સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.***

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા બહાર પાડવામાં આવનાર વસ્તીપત્રક-૨૦૨૪નું ફોર્મ 'મંગલ મંદિર'ના જાન્યુઆરી-૨૦૨૪ના અંકમાં પ્રસારીત કરવામાં આવેલ છે. જે સભ્યોએ હજુ ફોર્મ ભરવાના બાકી હોય તેમણે તાત્કાલિક ભરીને શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે પહોંચતા કરાવવા વિનંતી છે.*

# શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટરના ડૉક્ટર્સની ઓ.પી.ડી.નું સમય પત્રક

*શ્રી કચ્છી જૈન ભવન પર ચાલતા મેડિકલ સેન્ટરમાં મેડિકલની ૩૪ બ્રાંચો કાર્યરત છે. એ દરેક બ્રાંચના સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો અહીં નક્કી કરેલ સમયાનુસાર વિઝીટે આવે છે અને પોતાના દર્દીઓને તપાસી તેમની યોગ્ય સારવાર લે છે.*

*અહીં પોતાની સારવાર લેવા આવતા દર્દીઓને સમયગાળાની તકલીફ ના પડે તેટલા માટે દરેક બ્રાંચના ડૉક્ટર્સનું ટાઈમ ટેબલ 'મંગલ મંદિર'ના વાચક વર્ગ માટે અત્રે પ્રસારિત કરવામાં આવે છે.*

*દરેક વાચક વર્ગને વિનંતી, કે તેઓ પોતાનું આ ટાઈમ ટેબલ યોગ્ય સ્થળે જાળવી રાખે.* **– તંત્રી મંડળ**

| ઓ.પી.ડી. | રૂમ નં. | દિવસ | સમય | ડૉક્ટર |
|---|---|---|---|---|
| **(૧) મેડિસિન** | ૩૧૬ | સોમથી શનિ | સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ | ડૉ. નીતુ પરીખ M.D. (Med.) |
| | ૩૨૦ | મંગળ–ગુરુ | સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ | ડૉ. જીનેશ શાહ M.D. (Med.) |
| | ૩૨૦ | સોમ–બુધ–શુક્ર–શનિ | સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ | ડૉ. કમલેશ શાહ M.D. (Med.) |
| | ૩૧૯ | સોમથી શનિ | સવારે ૧૧.૦૦ થી ૧.૩૦ | ડૉ. શિલ્પા તોશનીવાલ M.D. (Med.) |
| | ૩૧૬ | સોમથી શનિ | સાંજે ૪.૦૦ થી ૬.૩૦ | ડૉ. નીતુ પરીખ M.D. (Med.) |
| | ૩૧૯ | સોમથી શનિ | સાંજે ૪.૩૦ થી ૭.૦૦ | ડૉ. શિલ્પા તોશનીવાલ M.D. (Med.) |
| **(૨) આંખનો વિભાગ** | ૩૦૩ | સોમથી શનિ | સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ | ડૉ. દેવલ શાહ M.S. (Ophth.) |
| | ૩૦૩ | સોમથી શનિ | સવારે ૧૧.૦૦ થી ૧૨.૩૦ | ડૉ. આકાશ પટેલ M.S. (Ophth.) |
| | ૩૦૩ | સોમથી શનિ | સાંજે ૪.૦૦ થી ૬.૦૦ | ડૉ. લીના કોઠારી M.S. (Ophth.) |
| **(૩) જનરલ સર્જન** | ૩૦૪ | સોમથી શનિ | સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ | ડૉ. અપૂર્વ પટેલ M.S. (Gen. Sur.) |
| | ૩૦૪ | સોમથી શનિ | સાંજે ૩.૩૦ થી ૫.૦૦ | ડૉ. તપન શાહ M.S. (Gen. Sur.), FMAS, FICS (USA) |
| **(૪) બાળરોગ વિભાગ** | ૩૦૫ | સોમથી શનિ | સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ | ડૉ. કૃપેશ શાહ D. (Paed.) |
| **(૫) સ્ત્રી રોગ વિભાગ** | ૩૦૫ | સોમ–બુધ–શુક્ર | સવારે ૧૧.૦૦ થી ૧૨.૩૦ | ડૉ. હીના મહેતા M.D. (Gynaec.) |
| | ૩૦૫ | મંગળ–ગુરુ–શનિ | સવારે ૧૧.૦૦ થી ૧૨.૩૦ | ડૉ. કિરણ શાહ M.D. (Gynaec.) |
| | ૩૦૫ | સોમથી શનિ | સાંજે ૪.૦૦ થી ૫.૩૦ | ડૉ. ચૈતસી શાહ M.D. (Gynaec.) |
| **(૬) હાડકાનો વિભાગ** | ૩૦૮ | સોમ–બુધ–શુક્ર | સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ | ડૉ. શરદ પુરોહિત M.S. (Ortho.) |
| | ૩૦૮ | મંગળ–ગુરુ–શનિ | સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ | ડૉ. યોગેશ પુરોહિત M.S. (Ortho.) |
| | ૩૦૮ | મંગળ–ગુરુ–શનિ | સવારે ૧૧.૦૦ થી ૧૨.૩૦ | ડૉ. રાજેશ પરીખ M.S. (Ortho.) |
| | ૩૦૮ | સોમ–શુક્ર | સવારે ૧૧.૦૦ થી ૧૨.૩૦ | ડૉ. વિનય પરાશર, M.S. (Ortho.) |
| | ૩૦૮ | બુધ | સવારે ૧૧.૦૦ થી ૧૨.૩૦ | ડૉ. વિજલ મોદી M.S. (Ortho.) |
| | ૩૦૮ | સોમ–બુધ–શુક્ર | બપોરે ૩.૩૦ થી ૫.૦૦ | ડૉ. શશાંક ગાંધી M.S. (Ortho.) |
| | ૩૦૮ | મંગળ–ગુરુ–શનિ | બપોરે ૩.૩૦ થી ૫.૦૦ | ડૉ. અર્ચિત ગાંધી M.S. (Ortho.) |
| | ૩૦૮ | સોમ–બુધ–શુક્ર | સાંજે ૫.૦૦ થી ૬.૩૦ | ડૉ. સ્નેહલ શાહ M.S. (Ortho.) |
| | ૩૦૮ | મંગળ–ગુરુ–શનિ | સાંજે ૫.૦૦ થી ૬.૩૦ | ડૉ. મૌલીક પટેલ M.S. (Ortho.) |
| **(૭) ચામડીના રોગો** | ૩૦૭ | સોમથી શુક્ર | સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ | ડૉ. મીત બારભાયા M.D. (Skin) |
| | | સોમ–બુધ–શુક્ર | સવારે ૧૧.૦૦ થી ૧૨.૩૦ | ડૉ. જયશ્રી ગણાત્રા M.D. (Skin) |
| | | મંગળ–ગુરુ–શનિ | સવારે ૧૦.૦૦ થી ૧૧.૩૦ | ડૉ. જુલી દેસાઈ M.D. (Skin) |
| | | સોમ–શુક્ર | સાંજે ૪.૦૦ થી ૫.૩૦ | ડૉ. ઓમ સોની M.D. (Skin) |
| | | મંગળ–બુધ–ગુરુ | સાંજે ૪.૦૦ થી ૫.૩૦ | ડૉ. જયશ્રી ગણાત્રા M.D. (Skin) |
| | | શનિવાર | સાંજે ૪.૦૦ થી ૫.૩૦ | ડૉ. તિથી જૈન M.D. (Skin) |
| **(૮) કાન, નાક, ગળાનો વિભાગ** | ૩૦૨ | સોમ-બુધ–શુક્ર | સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ | ડૉ. રાગેશ ફડિયા M.S. (ENT) |
| | ૩૦૨ | મંગળ-ગુરુ-શનિ | સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ | ડૉ. કૌશલ શાહ M.S. (ENT) |
| | ૩૦૨ | મંગળ-ગુરુ-શનિ | બપોરે ૧૨.૦૦ થી ૧.૩૦ | ડૉ. રોહન પટેલ M.S. (ENT) |
| | ૩૦૨ | સોમ–બુધ-શુક્ર | સાંજે ૫.૦૦ થી ૬.૩૦ | ડૉ. તેજલ શાહ M.S. (ENT) |
| | ૩૦૨ | મંગળ-ગુરુ-શનિ | સાંજે ૫.૦૦ થી ૬.૩૦ | ડૉ. કૌશલ શાહ M.S. (ENT) |
| **(૯) દાંતનો વિભાગ** | ૩૦૬ | સોમથી શનિ | સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ | ડૉ. પૂજા કે. શાહ B.D.S. |
| | ૩૦૬ | સોમથી શનિ | સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ | ડૉ. શીખા મોરખીયા B.D.S. |
| | ૩૦૬ | સોમથી શુક્ર | બપોરે ૧૨.૦૦ થી ૩.૦૦ | ડૉ. પ્રતીક મોદી B.D.S. |
| | ૩૦૬ | સોમથી શનિ | બપોરે૩.૦૦ થી સાંજે૭.૦૦ | ડૉ. જયની શાહ B.D.S. |

**બાળ રોગ વિભાગમાં દર બુધવારે સવારે ૯.૦૦ વાગે ફ્રી માં (નિ:શુલ્ક) તપાસ કરવામાં આવે છે.**

| ઓ.પી.ડી. | રૂમ નં. | દિવસ | સમય | ડૉક્ટર |
|---|---|---|---|---|
| (૧૦) પેરીઓડોન્ટીસ્ટ | ૩૦૬ | સોમ | બપોરે ૩.૦૦ થી ૫.૦૦ | ડૉ. ક્રિશ્ના શાહ MDS (Periodontist) |
| (૧૧) પીડોડોન્ટીસ્ટ | ૩૦૬ | મંગળ | બપોરે ૩.૦૦ થી ૫.૦૦ | ડૉ. શિવાંગી કામતેકર MDS (Pedodontist) |
| (૧૨) ઓર્થોડોન્ટીસ્ટ | ૩૦૬ | બુધવાર | સાંજે ૫.૦૦ થી ૭.૦૦ | ડૉ. તિલક પરીખ MDS (Orthodontist) |
| (૧૩) ઓરલ સર્જન | ૩૦૬ | ગુરૂ | બપોરે ૩.૦૦ થી ૫.૦૦ | ડૉ. સેતુ શાહ MDS (Oral Surgeon). |
| (૧૪) મનોચિકિત્સા (માનસિક રોગો) | ૩૨૦<br>૩૨૦ | મંગળ – શનિ<br>ગુરુ | સવારે ૧૧.૦૦ થી ૧૨.૩૦<br>સવારે ૧૧.૦૦ થી ૧૨.૩૦ | ડૉ. શ્વેતા પરીખ M.D. (Psy.)<br>ડૉ. મૈત્રેય પરીખ D.P.M., M.D. (Psy.) |
| (૧૫) એન્ડોક્રાઇનોલોજિસ્ટ | ૩૨૦ | | | |
| (૧૬) કાર્ડિયોલોજી વિભાગ | ૩૧૯ | શનિવાર | સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ | ડૉ. કુલીન શેઠ MD, DNB (Cardio) |
| (૧૭) ગેસ્ટ્રોફીઝિશિયન | ૩૨૦<br>૩૨૦ | સોમવાર<br>ગુરૂવાર | સાંજે ૫.૦૦ થી ૬.૦૦<br>સાંજે ૫.૦૦ થી ૬.૦૦ | ડૉ. પાર્થ શાહ DNB (Gastro)<br>ડૉ. કૈવન શાહ MD, DNB (Gastro) |
| (૧૮) યુરોલોજી (પેશાબને લગતા રોગો) | ૩૧૯<br><br>૩૧૯ | સોમવાર<br><br>ગુરુવાર | સવારે ૯.૦૦ થી ૧૦.૦૦<br><br>સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ | ડૉ. આશિષ પરીખ FRCS (Eng.)<br>FRCS (Edin.) Dip.Urology (Eng.)<br>ડૉ. હિમાંશુ શાહ M.Ch. (Uro.) |
| (૧૯) પ્લાસ્ટીક સર્જરી | ૩૨૦ | ગુરુવાર | બપોરે ૩.૩૦ થી ૪.૩૦ | ડૉ. પ્રમોદ મેનન, M.S. M.Ch. |
| (૨૦) નેફ્રોલોજી (કિડની મૂત્રમાર્ગના રોગોના નિષ્ણાત) | ૩૨૦<br>૩૦૪ | ગુરુવાર<br>સોમવાર | બપોરે ૩.૩૦ થી ૪.૩૦<br>સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ | ડૉ. જય શાહ M.D.D.M.(Nephro.), DNB<br>ડૉ. ઋત્વિન શાહ M.D.D.M.(Nephro.), DNB |
| (૨૧) ન્યુરોફિઝિશિયન | ૩૨૦ | શુક્રવાર | બપોરે ૧૧.૦૦ થી ૧૨.૦૦ | ડૉ. અમિત પાટણવાડિયા M.D.D.M.(Neuro) |
| (૨૨) ફેફસાનો વિભાગ | ૩૨૦ | સોમવાર | બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ | ડૉ. વૈશલ શેઠ DTCP, DNB |
| (૨૩) રેટીના સ્પેશિયાલિસ્ટ | ૩૦૩ | બુધવાર | બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ | ડૉ. હાર્દ શાહ M.S. (Opth.) |
| (૨૪) સ્પાઇન સ્પેશિયાલિસ્ટ | ૩૦૪ | શનિવાર | સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ | ડૉ. નિસર્ગ પરીખ M.S. (Ortho.) |
| (૨૫) કેન્સર સર્જન | ૩૨૦ | બુધવાર | સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ | ડૉ. મહાવીર તડૈયા M.Ch. (Onco Surgeon) |
| (૨૬) આયુર્વેદ | ભોંયરામાં | સોમથી શુક્ર | સવારે ૯.૩૦ થી ૧૩.૦૦ | ડૉ. ગાર્ગી વસાવડા (B.S.A.M.) |
| (૨૭) હોમિયોપેથી | ભોંયરામાં<br>ભોંયરામાં | સોમ-બુધ-શુક્ર<br>મંગળ-ગુરુ-શનિ | સવારે ૯.૦૦ થી ૧૧.૦૦<br>સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ | ડૉ. ચાર્મિ શાહ (B.H.M.S.)<br>ડૉ. નિલય શાહ (B.H.M.S.) |
| (૨૮) ડાયેટીશિયન | ભોંયરામાં | બુધ | સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ | ચાર્મિ શાહ Dietician |
| (૨૯) પેથોલોજી લેબોરેટરી | ૩૨૧ | સોમથી શનિ | સવારે ૦૭.૩૦ થીસાંજે ૬.૩૦ | ડૉ. સિમૂલ પટેલ M.D. (Patho.) |
| (૩૦) એક્સ-રે | ૩૨૩ | સોમથી શનિ | સવારે ૦૭.૩૦ થીસાંજે ૬.૩૦ | |
| (૩૧) સોનોગ્રાફી અને કલર ડોપ્લર | ૩૧૪<br>૩૧૫<br>૩૧૫ | સોમથી-શનિ<br>સોમથી-શનિ<br>સોમથી-શનિ | સવારે ૦૯.૦૦ થી ૧૦.૦૦<br>સવારે ૦૯.૦૦ થી બપોરે ૧<br>બપોરે ૨.૩૦ થી ૫.૦૦ | ડૉ. ચિરાગ શાહ M.D. (Radio.)<br>ડૉ. શેફાલી શાહ DMRE (Radio.)<br>ડૉ. કેતકી પટેલ M.D. (Radio.) |
| (૩૨) ફિઝિયોથેરાપી | ૦૦૬<br>ભોંયરામાં | સોમથી શનિ<br>સોમથી શનિ<br>સોમથી શનિ<br>સોમથી શનિ | સવારે ૮.૩૦ થી ૧૨.૩૦<br>સવારે ૮.૩૦ થી ૧૨.૩૦<br>બપોરે ૪.૦૦ થી સાંજે ૭<br>બપોરે ૩.૩૦ થી સાંજે ૭ | ડૉ. નિગમ મહેતા, MPT<br>ડૉ. રીધ્ધિ જોષી, BPT<br>ડૉ. નેન્સી ભાલોડિયા BPT<br>ડૉ. નિગમ મહેતા, MPT |
| (૩૩) ઓડિયોગ્રામ અને સ્પીચ થેરાપી | ભોંયરામાં | સોમથી શનિ | સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ | ડૉ. રાજવી મહેતા (Audiologist) |
| (૩૪) સાઇકોથેરાપી | ૩૨૦ | બુધવાર | સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ | પરીતા શર્મા |

**મેમોગ્રાફી / ટુ-ડી ઈકો / ટી.એમ.ટી. (દરરોજ એપોઈન્ટમેન્ટથી)**

# ગૂર્જરનો તદ્દન નવો વૈવિધ્યપૂર્ણ ગ્રંથ-ઉપહાર

**ત્રીજો ભવ**

**લે. ઊર્મિલા પાલેજા, કિં. 260**

અન્ય પ્રદેશના પરિવેશની વાસ્તવિકતાના ચિત્રણ માટે જે-તે પ્રદેશનું ભૌગોલિક અને સાંસ્કૃતિક પર્યાવરણ અને તેની સમસ્યા અંગેનું સંશોધન જરૂરી છે. આ નવલકથાની પ્રવાહી શૈલી સરળ અને પ્રાસાદિક છે. આમતેમ ક્યાંય ન ખોડંગાતો વાર્તાપ્રવાહ વાચકને અંત સુધી લઈ જાય છે.

**ખોરડું**

**લે. સુધીરભાઈ મહેતા, કિં. 175**

સમાજમાં બદલાતા સમય સાથે નવા જમાનાનું ઘણું બધું આવ્યું છે. અડધી સદી પહેલાંના લોકજીવન અને આજના લોકજીવન વચ્ચે બહુ મોટો તફાવત છે. આ પુસ્તકની કુલ ૩૦ વાર્તાઓમાં પ્રેરણાત્મક, સકારાત્મક વિચાર અને અભિગમ જોવા મળે છે.

**ઠોઠિયો**

**લે. પ્રયતકર કે. કાનડિયા, કિં. 150**

પર્વત અને જંગલને પ્રેમ કરનારો એક ઠોઠ નિશાળિયો સખત ભટક્યા કરે છે. એના પિતાના અને પ્રેમિકાના શબ્દોએ એના જીવનમાં ભારે પરિવર્તન લાવી દીધું. એ 'ઠોઠિયો' સંઘર્ષમાંથી પસાર થઈને સમાજમાં એટલી હદે સ્વીકૃત બન્યો કે સૌ વિસ્મયમુગ્ધ થઈ ગયાં. વાંચવા અને માણવા જેવી રસપ્રદ લઘુનવલ.

**ગોડ બ્લેસ યૂ**

**લે. મનીષા રાઠોડ, કિં. 220**

સંઘર્ષ અને સંવેદના વચ્ચે ઝૂલતી 21 વાર્તાઓનો આ સંગ્રહ છે. આ પુસ્તકની તમામ વાર્તાઓ વિવિધ વાર્તાસ્પર્ધાઓમાં પુરસ્કૃત થયેલી છે. લેખિકા પાસે મજબૂત ભાષા અને અનોખું કથાવસ્તુ છે.

**યથા મે મતિ**

**લે. વિજય શાસ્ત્રી, કિં. ૧૮૦**

નવલિકા, નવલકથા, હાસ્યસાહિત્ય વગેરે સ્વરૂપનાં પુસ્તકોનું આસ્વાદલક્ષી વિવેચન ઉપરાંત વિદેશી સર્જકોના સર્જન વિશેનું વિવેચન આ પુસ્તકમાં છે.

**નાભિનાળ**

**લે. ભગીરથ બ્રહ્મભટ્ટ, કિં.180**

માણસ પોતાના વતનથી ગમે તેટલો દૂર રહેવા જાય, છતાં વતન સાથેનું અનુસંધાન ક્યારેય છૂટતું નથી. કારણ કે પોતાના મૂળ સાથેનું એમાં મનગમતું જોડાણ હોય છે. આ પુસ્તકમાં સર્જકતાથી તરબતર 35 લલિત નિબંધો રજૂ થયા છે.

**લોકસંસ્કૃતિ અને કલામાં પશુઓ**

**લે. જોરાવરસિંહ જાદવ, કિં. 1100**

ભારતીય લોકજીવન સાથે વિવિધ પશુઓનું અનુસંધાન કેવી કેવી રીતે જોડાયેલું છે અને એનો સાંસ્કૃતિક મહિમા વ્યક્ત કરતો સચિત્ર ગ્રંથ.

**ગુજરાતનાં ભીંતચિત્રો**

**લે. જોરાવરસિંહ જાદવ, કિં. 800**

આ ગ્રંથમાં મુખ્યત્વે ગુજરાતનાં અને સાથે-સાથે ભારતીય શૈલીની વિવિધ ભીંતચિત્ર-પરંપરાનો સર્વાંગી પરિચય આપવામાં આવ્યો છે.

**હિમાલયમાં તીર્થ-દર્શન**

**લે. ભાણદેવ, કિં. 330**

વૈવિધ્યસમૃદ્ધ હિમાલયનાં વિવિધ તીર્થોની યાત્રા કરાવતું આ પુસ્તક ચારધામની યાત્રાથી શરૂ થઈને દેવપ્રયાગ અને તારાદેવી સુધી પહોંચે છે.

**હિમાલયનાં વિરલ તીર્થો**

**લે. ભાણદેવ, કિં. 400**

આસ્થા અને અધ્યાત્મના અનોખા સંગમરૂપ આ ગ્રંથમાં હિમાલયનાં વિવિધ તીર્થોનો પરિચય-સ્પર્શ છે. ભારતીય હિમાલય ઉપરાંત નેપાળ અને તિબેટમાં આવેલા હિમાલયનાં કેટલાંક તીર્થોનો પણ એમાં પરિચય-સ્પર્શ છે.

**કામ, પ્રેમ અને સૌંદર્ય**

**લે. ભાણદેવ, કિં. 130**

કામ, પ્રેમ અને સૌંદર્ય : આ ત્રણે બાબતો માનવજીવન સાથે જડબેસલાક સંકળાયેલી છે. આ પુસ્તકમાં આ ત્રણેય વિષયોનું મનનીય અને છલોછલ ચિંતનપાથેય રજૂ થયું છે.

**યોગી અરવિંદ**

**લે. રાજેન્દ્ર મોહન ભટનગર,**

**અનુ. કશ્યપી મહા, કિં. 600**

મહર્ષિ યોગી અરવિંદના જીવન-આધારિત નવલકથા લખીને એમણે વાચકોને ન્યાલ કર્યા. તમે શ્રી અરવિંદ વિશે ગમે તેટલું વાંચ્યું હશે છતાં, આ નવલકથા વાંચવાનો આનંદ અનોખો બની રહેશે.

**ભજવીએ બાળનાટકો**

**લે. વિજય સેવક, કિં. 100**

પાંચથી આઠ વર્ષનાં બાળકો ભજવી શકે એવાં બે બાળનાટકો આ પુસ્તકમાં છે. એમાં બાળકોને ગમે એવાં ગીતો અને પાત્રનિરૂપણ હોવાથી પરોક્ષ રીતે મનોરંજનની સાથેસાથે શિક્ષણ પણ મળતું રહે છે.

**આન, બાન ઓર શાન; ભારત કી સંતાન**

**લે. વિજય સેવક, કિં. 60**

8થી 15 વર્ષની ઉંમરના કિશોરો ભજવી શકે તેવું આ રાષ્ટ્રભક્તિની પ્રેરણા આપતું અનોખું બાળનાટક છે.

**માનસ-દર્શન**

**લે. મોરારિ બાપુ, કિં. 270**

માનવજીવનને તાજગી આપતા સાંસ્કૃતિક ચિંતનના 50 લેખો આ પુસ્તકમાં છે.

**પ્રેરણા-પ્રકૃતિ 1**

**લે. જિતુ 'તિરુપતિ', કિં. 130**

હનુમાન ચાલીસાની જેમ, વિવિધ વૃક્ષોનો મહિમા કરીને, લગભગ 40 જેટલાં વૃક્ષોનો પરિચય આપતી પંક્તિઓ આ પુસ્તકની વિશેષતા છે.

**બાઈનોક્યુલર**

**લે. કુમાર જૈમિનિ શાસ્ત્રી, કિં. 170**

સાહિત્ય, સંસ્કૃતિ અને પ્રકૃતિને કેન્દ્રમાં રાખીને મુક્ત વિચારલીલા વ્યક્ત કરતા 29 લેખો છે. એમાં ઉપરાંત કેટલાક તહેવારોની તાજગી આપતા લેખો પણ છે.

**ઘનશ્યામ દેસાઈનો વાર્તાવૈભવ**

**સંપા. શરીફા વીજળીવાળા, કિં. 160**

પોતાના પૂર્વસૂરિઓ અને સમકાલીનોથી ચીલો ચાતરીને પોતીકી કેડી કંડારી સર્જન કરનાર, ઘનશ્યામ દેસાઈની 19 વાર્તાઓ.

**દિલની વાત, દિલથી !**

**લે. વિનયગિરિ ગોસાઈ કિં. 200**

આ પુસ્તકમાં હળવી શૈલીના 55 લેખો છે. બધા જ વિષયો જાણીતા હોવા છતાં એનું ચિંતન સાવ નોખું અને અનોખું છે.

## પુનઃ મુદ્રાણો

**કેલિડોસ્કોપ ભાગ ૧-૨**

**લે. મોહમ્મદ માંકડ, કિં. 360**

માનવજીવનનું અમૃતમંથન કરીને, અનમોલ માર્ગદર્શન આપતા લેખોનો સંગ્રહ.

**ઘડતર અને ચણતર**

**લે નાનાભાઈ ભટ્ટ, કિં. 380**

કેળવણીકાર નાનાભાઈ ભટ્ટની અનુભવ-કથાઓ સહિતની સુગંધિત સ્મરણયાત્રા.

**સુખોપનિષદ**

**લે. ડૉ. સુધીર વી. શાહ, કિં. 200**

વિજ્ઞાન, વ્યવહાર, નીતિ, સમાજ, ધર્મદર્શન અને અધ્યાત્મની દ્રષ્ટિએ સુખપ્રાપ્તિના માર્ગો વિશે ચિંતન રજૂ કરતા આ પુસ્તકની એક મહિનામાં જ બીજી આવૃત્તિ પ્રગટ થઈ છે.


ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

આ પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાન

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001,
ફોન : 079-22149660,
09227055777
ઈ-મેઈલ : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ
સિટીસેન્ટર પાસે, સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-380 015
ફોન : 079-26934340, 98252 68759
ઈ-મેઈલ : gurjarprakashan@gmail.com
વેબસાઇટ : www.gspbooksmall.com




# COLLEGE OF DENTAL SCIENCES & RESEARCH CENTRE

**Recognized by Dental Council of India**
**Affiliated to Gujarat University**

Opp. Pleasuure Club, Near Bopal, Manipur,
Ta. Sanand, Ahmedabad, Gujarat.

Centre For Excellence in Teaching, Learning & Research

Tel : +91 6355092242, +91 8758774700
Email : dental.lib@gmail.com

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

**શાંતિનાથ ડેકોરેટર્સ**
**(મહાવીર ગ્રુપ - ધામાવાળા)**
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર
બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

*With Best Compliments From*

**Sathwara Construction**
C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com

**INDOTEX**
**PAINTS**
● DURABLE ● DECORATIVE ● PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 ● M. : 9909444598 ● Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in ● Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 ● Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh






**મિત્રતા અને સંબંધ એવા લોકો સાથે રાખો**
**જેના માટે તમે શું છો કરતા તમે કેમ છો?**
**એ મહત્ત્વનું હોય....**



**'દુઃખ'ના દરવાજા પર 'સુખ'નું બોર્ડ,**
**એનું નામ 'સંસાર.'**



**સંબંધો ત્યારે નબળા પડે**
**જ્યારે એક-મેકને "પામવા" નીકળેલા**
**બે જણ એકબીજાને "માપવા" લાગે**



**મહેમાનગતિ દરેક જીવોની કરવાની**
**પરંતુ હેરાનગતિ કોઈનીયે નહીં કરવાની...**

R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month


# વિશ્વસનીયતા અનુભવો




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

**મુખ્ય વાસ્તવિકતાઓ**

**1,00,000** સંતુષ્ટ ગ્રાહકો

**850** + શાખા

વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન

**1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા

**1500** + જીપીએસ અભિમુખ ફ્લીટ

ISO **9001 : 2015** એક્રેડિટેશન

**3300** + જોશીલા વ્યાવસાયિકો

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

V-TRANS® Driving Excellence

Other Divisions: V-Xpress V-Logis


*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

***To,***